
બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત શૈક્ષણિક સામયિક

ISSN: 2584-1777

# બાળવિશ્વ

વર્ષ-૧૩, અંક-૦૪, જૂન, ૨૦૨૫, કિંમત : ₹ ૫૦/-

પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮



## ફિલ્મો : બાળ ઘડતરનું અનોખું માધ્યમ



તંત્રી: ડૉ. નીલેશ પંડ્યા | સંપાદક: ડૉ. કૃણાલ પંચાલ

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર કેમ્પસ ન્યૂઝ

## ‘સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર’નું આયોજન




ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તપોવન કેન્દ્રના લાભાર્થી સગર્ભા બહેનો તેમજ તપોવન કેન્દ્ર સિવાયના અન્ય સગર્ભા બહેનો માટે સાતમા સામૂહિક સીમંતોન્નયન સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર અને વૈદિક વિધિગત સંસ્કાર પ્રસંગે સગર્ભા માતાઓ અને તેમના ગર્ભસ્થ શિશુના આરોગ્ય, સુખ અને સ્નેહમય જીવન માટે મંત્રોચ્ચાર અને વિશેષ વિધિઓ દ્વારા આ શુભ સંસ્કાર સંપન્ન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં 22 દંપતીઓએ ભાગ લીધો હતો.

માન. કુલપતિશ્રીએ સગર્ભા બહેનો અને તેમના ગર્ભસ્થ શિશુના ઉત્તમ શારીરિક અને માનસિક આરોગ્ય માટે સીમંતોન્નયન સંસ્કારનું મહત્ત્વ સમજાવ્યું હતું. સીમંતોન્નયન સંસ્કારની શાસ્ત્રોક્ત વિધિ સંસ્થાના આચાર્ય જયદેવ ધાંધિયા દ્વારા પૂર્ણ કરાવવામાં આવી હતી. વૈદિક પરંપરાઓ અને આયુર્વેદ મુજબ ગર્ભસ્થ શિશુ માટે આ સંસ્કાર ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ વિધિ દરમિયાન ગર્ભાવસ્થા દરમિયાન માતા-શિશુના આરોગ્ય અને શિશુના સંતુલિત વિકાસ માટે જરૂરી આહાર, ધ્યાન અને સંસ્કાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## નિવાસી ટિચર ટ્રેનિંગ પ્રોગ્રામ



દાદરા અને નગર હવેલી તથા દીવ અને દમણના શિક્ષકો માટે ‘કલામૃતમ - રેસિડેન્શિયલ ટીચર ટ્રેનિંગ પ્રોગ્રામ’નું સફળ આયોજન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીમાં 1 જૂનથી 3 જૂન 2025 દરમિયાન થયું હતું. ‘કલામૃતમ’ ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામમાં શિક્ષકોને ભારતીય રમતો, ચિત્રકળા, સાયન્સ પ્રોજેક્ટ્સ, સંગીત, નૃત્ય જેવા વિષયોની તાલીમ આપવામાં આવી હતી.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ને અનુરૂપ આ કાર્યક્રમ માત્ર શિક્ષકો સુધી સીમિત નથી રહેવાનો પણ કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા ત્યાંના બાળકો માટે આયોજિત નિવાસી સમર કેમ્પમાં બાળકોને આ વિષયોની તાલીમ આપવામાં આવશે. જે તેમની ભાવનાત્મક, અને સર્જનાત્મક વૃદ્ધિ માટે માર્ગદર્શક બનશે.

આ સમગ્ર તાલીમનું આયોજન શિક્ષણ વિભાગ, દાદરા અને નગર હવેલી તથા દીવ અને દમણના સહયોગથી અને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલીમમાં પ્રશિક્ષણ કેન્દ્રના નિયામક ડૉ. નીલેશ પંડ્યાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના મુખ્ય સંયોજક ડૉ. કૃણાલ પંચાલ તથા વ્યવસ્થાપક શ્રી સતીષ બલદાણીયા રહ્યાં હતાં.

# બાળવિશ્વ

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

**વર્ષ : ૧૩, અંક : ૦૫**

**જૂન, ૨૦૨૫**



તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

એસ્ટાબ્લિશમેન્ટ બ્રાંચ હેડ,

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક મંડળ

**ડૉ. નીતિન પેથાણી**

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**

**ડૉ. ટી. એસ. જોશી**

**ડૉ. નીલેશ પંડ્યા**

ડિઝાઇન અને ટાઇપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**



**Printed & Published by :**
Dr. Nilesh Pandya on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar



પત્રવ્યવહારનું સરનામું

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,

સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૧


ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯

ઈ-મેલ : balvishva@cugujarat.ac.in

વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar


## આ અંકમાં વાંચીશું...



## ફિલ્મો : બાળ ઘડતરનું અનોખું માધ્યમ


| | | |
|---|---|---|
| સંપાદકીય | - ડૉ. કૃણાલ પંચાલ | ૦૨ |
| બાળશિક્ષણનું આગવું માધ્યમ: ફિલ્મ | - ડૉ. મનહર ઠાકર | ૦૩ |
| બાળકોના શિક્ષણમાં ફિલ્મ વિશે થોડામાં ઘણું | - ડૉ. જિજ્ઞાસા ચાવડા | ૦૫ |
| આજના બાળકો પર પ્રચાર માધ્યમોની અસર | - ડૉ. મગનલાલ મોલિયા | ૦૭ |
| બાળકો માટે પ્રેરણાદાયી ચિલચિત્રોના સંવાદો | - સાગર એ. ગાંધી | ૧૦ |
| જીવનના પાઠ શીખવતી બાળફિલ્મો | - ભરત પરમાર 'વાલમ' | ૧૩ |
| ચાલો, ફિલ્મ બનાવીએ : ફિલ્મનિર્માણ પ્રક્રિયા | - ડૉ. નેહલ બી. ત્રિવેદી | ૧૬ |
| અચૂક જોવા જેવું ફિલ્મ : મૅડલ | - વનિતા રાઠોડ | ૧૭ |
| બાળકો સાથે જોવાલાયક ગુજરાત ફિલ્મો | - ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી | ૧૯ |
| બાળ ઘડતરની અને ફિલ્મો : ગઈકાલ, આજ અને આવતીકાલ | - શમીમ મર્ચન્ટ | ૨૧ |
| જીવન સંઘર્ષને વાચા આપતી બાયોપિક - શ્રીકાંત | - અશ્વિનકુમાર અવૈયા | ૨૪ |
| ડિજિટલ યુગમાં સિનેમા અને બાળકોની સુરક્ષા | - અશોકકુમાર પ્રજાપતિ | ૨૬ |
| OTT : સંભાવના, ભયસ્થાનો અને ઉપાયો | - પારસકુમાર વાઘેલા | ૨૯ |
| બાળકો માટે ફિલ્મ કેવી રીતે પસંદ કરશો ? | - અમીતકુમાર સુરતી | ૩૨ |
| વ્યક્તિત્વ વિકાસ અને ફિલ્મ | - ડૉ. ઈલા એન. જાજલ | ૩૬ |
| બાળમાનસ પર ફિલ્મોની અસર | - ડૉ. બિન્નીબેન વી. મહેતા | ૩૮ |
| બાળક માટે ફિલ્મ પસંદ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો | - ડૉ. બીરવા શાહ | ૪૧ |
| બાળકના ઉછેર સંદર્ભે ફિલ્મોના લાભાલાભ | - ડૉ. મનીષા લાખાણી | ૪૪ |
| ફિલ્મો : ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોનો સમન્વય | - ડૉ. તેજસ એ. ઠક્કર | ૪૬ |
| માતા-પિતા અને શિક્ષકો માટે માર્ગદર્શક ફિલ્મો | - ધ્રુમિલ એ. રાજ્યગુરુ | ૪૮ |
| બાળકને બતાવી શકાય તેવી ફિલ્મોની યાદી | - મહંમદહનિફ એ. રાણા | ૫૧ |
| ફિલ્મોમાંથી શીખવા જેવું | - જેનેટબેન ક્રિશ્ચિયન | ૫૪ |
| બાળકોએ કેવી ફિલ્મો જોવી જોઈએ? | - ડૉ. જયશ્રી યુ. કાનાણી | ૫૬ |
| ફિલ્મ : અધિબોધ કૌશલ્યનો વિકાસ અને બાળમાનસ પર અસર | - ઋચા બ્રહ્મભટ્ટ | ૬૦ |
| 'બાળવિશ્વ' વિશે | | ૬૪ |



બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦૦/-
ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.

**સંપાદકીય**

# ફિલ્મો : બાળ ઘડતરનું અનોખું માધ્યમ



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

આજના ઝડપથી બદલાતા યુગમાં, જ્યાં ટૅક્નોલૉજી અને માહિતીનું પ્રભુત્વ વધી રહ્યું છે ત્યારે બાળકનું ઘડતર એક જટિલ અને નિર્ણાયક પ્રક્રિયા બની ગઈ છે. બાળઘડતર એ માત્ર શાળા કે માતાપિતાની જવાબદારી નથી. આ એક સામાજિક પ્રક્રિયા છે. તેમાં મનોરંજનના માધ્યમો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સંદર્ભમાં ફિલ્મો એ બાળકોના મનને પ્રભાવિત કરવાનું એક અનોખું અને શક્તિશાળી માધ્યમ છે. ફિલ્મો માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે બાળકોના નૈતિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં પણ નોંધપાત્ર યોગદાન આપે છે.ફિલ્મો દૃશ્ય-શ્રાવ્ય અનુભવ દ્વારા બાળકોના મનમાં ઊંડી અસર કરે છે. બાળકો માટે બનાવેલી ફિલ્મો જેમ કે એનિમેશન ફિલ્મો, ડોક્યુમેન્ટરી કે શૈક્ષણિક નાટકો, જટિલ વિષયોને સરળ અને રસપ્રદ રીતે રજૂ કરે છે. ઉદાહરણ તરીકે, 'ધ લાયન કિંગ' જેવી ફિલ્મો બાળકોને જવાબદારી, નેતૃત્વ અને પરિવારના મૂલ્યો શીખવે છે, જ્યારે 'ફાઇન્ડિંગ નીમો' જેવી ફિલ્મો હિંમત અને મિત્રતાનું મહત્ત્વ સમજાવે છે. આવી ફિલ્મો બાળકોને નૈતિક મૂલ્યો અને જીવનના પાઠ શીખવવામાં મદદ કરે છે. જે પરંપરાગત શિક્ષણથી ઘણીવાર મેળવવું મુશ્કેલ હોય છે.

આ ઉપરાંત ફિલ્મો બાળકોની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે. એનિમેશન ફિલ્મોના રંગબેરંગી વિશ્વો અને આકર્ષક પાત્રો બાળકોને નવીન વિચારો અને સપનાઓની દુનિયામાં લઈ જાય છે. આવા અનુભવો બાળકોના માનસિક વિકાસને ઉત્તેજન આપે છે અને તેમની સર્જનાત્મક ક્ષમતાઓને વિકસાવે છે. ફિલ્મો બાળકોને સામાજિક મૂલ્યો અને ભાવનાત્મક સંવેદનશીલતા શીખવવામાં પણ મદદ કરે છે. બાળકો માટે બનાવેલી ફિલ્મોમાં ઘણીવાર એવી વાર્તાઓ હોય છે જે સહાનુભૂતિ, સહકાર અને સમાજમાં વિવિધતાને સ્વીકારવાનું મહત્ત્વ શીખવે છે. ઉદાહરણ તરીકે, 'ઝૂટોપિયા' જેવી ફિલ્મ વિવિધતા, પૂર્વગ્રહો અને સમાજમાં સમાનતાના મૂલ્યોને રસપ્રદ રીતે રજૂ કરે છે.

આવી ફિલ્મો બાળકોને અન્ય લોકોની લાગણીઓને સમજવા અને સન્માન આપવાનું શીખવે છે. જો કે બાળકો માટે ફિલ્મોની પસંદગીમાં સાવચેતી રાખવી જરૂરી છે. બધી ફિલ્મો બાળકો માટે યોગ્ય હોતી નથી. હિંસા, અયોગ્ય ભાષા કે અનૈતિક વર્તન દર્શાવતી ફિલ્મો બાળકોના મન પર નકારાત્મક અસર કરી શકે છે. તેથી, માતા-પિતા અને શિક્ષકોએ બાળકો માટે ફિલ્મોની પસંદગી કરતી વખતે તેની ઉંમર, સંવેદનશીલતા અને મૂલ્યોને ધ્યાનમાં રાખવું જોઈએ. ફિલ્મોની સાથે ચર્ચા અને માર્ગદર્શન પણ આપવું જોઈએ જેથી બાળકો તેમાંથી યોગ્ય પાઠ શીખી શકે. પ્રસ્તુત અંકમાં ફિલ્મોના વિવિધ પાસાઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે જે આપાના બાળકના ઘડતર માટે ખુબ ઉપયોગી બની રહેશે.

**બાલ દેવો ભવ**

# બાળકોના શિક્ષણમાં રસ-રુચિ જાળવી રાખતું આગવું માધ્યમ : ફિલ્મ



- ડૉ. મનહર ઠાકર
પૂર્વ પ્રિન્સિપાલ, સંઘવી શિક્ષણ
મહાવિદ્યાલય, ભાવનગર
મો. ૯૪૨૬૮૫૧૨૯૦

બાળકોના શિક્ષણમાં ફિલ્મ સામગ્રીની પસંદગી અને ઉપયોગ જરૂરી છે. શિક્ષણની પ્રક્રિયામાં પ્રત્યક્ષ જ્ઞાનનું મહત્ત્વ ઘણું છે. પરંતુ દરેક બાબતનું પ્રત્યક્ષીકરણ અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ. ચંદ્રની સપાટીના પ્રત્યક્ષ જ્ઞાન માટે બાળકોને ચંદ્ર પર લઈ જવાય નહીં કે એસ્કિમોનો વાહનવ્યવહાર નિહાળવા માટે બાળકોને ટુંડ્ર પ્રદેશ લઈ જવાય નહીં. વૃદ્ધિ અને વિકાસ શીખવવા બાળકોને બીમાંથી વૃક્ષ બને ત્યાં સુધી તેની પાસે બેસાડી રખાય નહીં. આ બધા અનુભવો પરોક્ષ રીતે ફિલ્મ દ્વારા આપવાથી તેની અસરકારકતા જળવાઈ રહેતી હોય તો તેનો ઉપયોગ શિક્ષણમાં ફાયદાકારક છે. બાળકોને ભણાવતી વેળા કેવળ શાબ્દિક વર્ણન કરવા કરતાં તેની ફિલ્મ દર્શાવવાથી કોઈ વિચારવસ્તુ કે ક્રિયાનું શિક્ષણ અસરકારક બને છે. શિક્ષણને અસરકારક બનાવતાં આ દશ્ય-શ્રાવ્ય સાધન તરીકે ફિલ્મ શિક્ષણ માટે ઉપકારક છે. આમ તો દરેક પ્રકારનું જ્ઞાન દશ્ય-શ્રાવ્ય ક્રિયાઓ વડે જ વધુ પ્રમાણમાં મેળવી શકાતું હોય છે. જે જ્ઞાન ફિલ્મ દ્વારા બાળકોને આપવાનો શિક્ષણમાં ઉપક્રમ છે.

**શિક્ષણનું એક આગવું દશ્ય-શ્રાવ્ય માધ્યમ : ફિલ્મ**

બાળકોના શિક્ષણમાં ફિલ્મ એક એવું દશ્ય-શ્રાવ્ય સાધન છે, જે પ્રત્યક્ષીકરણ કરવામાં સહાયક બને છે. ફિલ્મ શિક્ષણના કોઈ ખ્યાલના બંધારણ માટે મૂર્ત સ્વરૂપની ભૂમિકા બાંધે છે અને અનુભવોને વાસ્તવિક બનાવે છે, તેનાથી વિચારોનું સાતત્ય જળવાય છે. અર્થઘટનશક્તિ વધે છે. જ્ઞાનનું ઊંડાણ વધે છે અને વૈવિધ્ય આવે છે. અધ્યયન રસિક બને છે અને કાયમી બને છે. તેના ઉપયોગથી શાબ્દિક કથનમાં ઘટાડો થાય છે. બાળકોની સ્વઅધ્યયન વૃત્તિને ઉત્તેજના મળે છે. શિક્ષકની ક્ષમતા-કુશળતામાં વધારો થાય છે. વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો સંતોષાય છે. શાલેય વિષયોમાં દશ્ય-શ્રાવ્ય સાધન તરીકે ફિલ્મનું ખૂબ જ મહત્ત્વ છે. શિક્ષકને ફિલ્મ દ્વારા શિક્ષણ એ ખૂબ જ મોટો સહારો છે. ફિલ્મ પાસે ઢગલાબંધ ખ્યાલો શિક્ષણને અસરકારક બનાવવા માટેના હોય છે.

**શિક્ષણમાં ફિલ્મનો બહુઆયામી ઉપયોગ :**

ફિલ્મ દ્વારા ઐતિહાસિક બનાવો, વૈજ્ઞાનિકોનું જીવનકાર્ય, તેમણે કરેલા પ્રયોગો વગેરેને ફિલ્મો દ્વારા સેંકડો વર્ષો પછી પણ વર્ગખંડમાં બતાવી શકાય છે. ક્રમિક શોધનો ઈતિહાસ હવે તો માઈક્રોફિલ્મ દ્વારા સાચવવાનો પણ સરળ બન્યો છે. જે દુર્લભ વસ્તુઓ હોય, પૌરાણિક અવશેષો, વસ્તુઓ વગેરે કોઈક સંગ્રહાલયમાં સાચવેલ હોય છે તેને ફિલ્મો દ્વારા વર્ગમાં રજૂ કરી શકાય છે. કોઈ દૂર બનતા બનાવો, અમેરિકા કે રશિયા જેવા દૂરના દેશોમાં થતા વર્તમાન પ્રયોગો વગેરેને ફિલ્મ દ્વારા વર્ગખંડમાં તાત્કાલિક બતાવી શકાય છે. ક્યારેક બનતા બનાવો જેવા કે હોનારતો, અકસ્માતો, કુદરતી ઘટનાઓ, યુદ્ધ, સુનામી, વાવાઝોડું, હવાઈ અકસ્માતો વગેરે બનાવો રોજ રોજ બનતા નથી. આવા બનાવોને ફિલ્મ દ્વારા ઝડપીને વર્ગમાં દર્શાવી શકાય. જેનો સંચય ન થઈ શકે તેવી વસ્તુઓ જેવી કે કેટલાંક રસાયણો, મોટાં પ્રાણીઓનાં શરીર વગેરેને લાંબા સમય સુધી સંઘરી શકાતાં નથી. આવી વસ્તુઓની ફિલ્મ દ્વારા રજૂઆત માટે યોગ્ય સમયે વર્ગમાં ઉપયોગ કરી શકાય છે.

**ફિલ્મ દ્વારા પ્રાકૃત સ્થળો કે વિરલ સ્થળોનું નિદર્શન :**

પ્રાકૃત કે વિરલ સ્થળોની ફિલ્મો કે જેમાં કેટલાંક સ્થળો એવાં હોય છે કે જ્યાં જવાની મનાઈ હોય છે. જંગલોનો કેટલોક વિસ્તાર, દુર્ગમ પહાડો, મહાસાગરો, મહા નદીઓ, ખીણ, કોતરો, ઘાટ, ખાણો વગેરે તેમજ

મોટાં કારખાનાં, મિલિટરી કેમ્પસ વગેરે અથવા કેટલાંક સ્થળોએ જવાની શક્યતા હોતી નથી. દા.ત. ધ્રુવ પ્રદેશો- ચંદ્રની સપાટી વગેરે સ્થળોને ફિલ્મ દ્વારા વર્ગમાં દર્શાવી શકાય છે. ઘણી વસ્તુઓ, મશીનો, વિસ્તાર એટલા મોટાં હોય છે કે તેને પ્રત્યક્ષ જોવાથી પણ તેની સમજ મળી શકે નહિ. આ માટે તેની ફિલ્મ શિક્ષણમાં વધારે ઉપયોગી છે. કેટલીક જટિલ રચનાઓ જેવી કે જળશોષક પંપ, વરાળયંત્ર બ્રહ્માપ્રેસ વગેરેની રચનાઓ સમજાવવી એ ફિલ્મ દ્વારા વધારે અસરકારક બની રહી છે.

**ક્રિયાઓ ને પ્રક્રિયાઓના સચોટ દાર્શનિક ખ્યાલ માટે ફિલ્મનો ઉપયોગ :**

કેટલાક સૂક્ષ્મ અવાજ જેમકે હૃદયના ધબકારા જેવો નાનો અવાજ સ્ટેથોસ્કોપ વડે સમગ્ર વર્ગને સંભળાવવો મુશ્કેલ બને છે. પરંતુ તેને ઍમ્પ્લિફાયરથી મોટો બનાવીને ફિલ્મ દ્વારા એક સાથે આખા વર્ગને સંભળાવી શકાય. આવા સૂક્ષ્મ અવાજોની ફિલ્મો તૈયાર પણ મળે છે. કેટલીક સૂક્ષ્મ વસ્તુઓ જેવી કે અમીબા, વાઈરસ, અણુ જેવી સૂક્ષ્મ રચનાઓ ફિલ્મ દ્વારા વર્ગખંડમાં સરળતાથી શીખવી શકાય. કેટલીક મોટી વસ્તુઓ, ઘણી મોટી વસ્તુઓ જેવી કે ધોધ, પર્વત, જળવીજ મથકો વગેરે ફિલ્મ દ્વારા યોગ્ય કદનાં બનાવીને શિક્ષણ સરળ બનાવી શકાય. કેટલીક ધીમી ક્રિયાઓ જેવી કે બીમાંથી વૃક્ષ બનવાની ક્રિયા કે ફૂલ ખીલવાની ક્રિયા જેવી વિકાસાત્મક ક્રિયાઓ ખૂબ જ ધીમી થતી હોય છે. આવી ક્રિયાઓને ફિલ્મ દ્વારા ઝડપી બનાવીને સમજાવી શકાય છે.

ઝડપી ક્રિયાઓ જેવી કે કમાનમાંથી છૂટતા તીરનો માર્ગ કે રૉકેટ છોડવાની ક્રિયાઓ ઝડપી છે તેને ધીમી બનાવીને વર્ગમાં ફિલ્મ સ્વરૂપે બતાવી શકાય છે. કેટલીક જોખમી બાબતો જેમકે બૉમ્બ વિસ્ફોટન, અણુધડાકા જેવી પ્રક્રિયાઓનું નિદર્શન ફિલ્મ દ્વારા થઈ શકે. અંધકારમાં થતી પ્રક્રિયાઓ જેવી ઓછા પ્રકાશમાં કે અંધકારમાં થતી ક્રિયાઓનું પ્રત્યક્ષીકરણ ન થઈ શકે પરંતુ ઇન્ફ્રારેડ ફોટોગ્રાફીની મદદથી ફિલ્મ થકી ચામાચીડિયાં જેવાં નિશાચર પ્રાણી-પક્ષીઓની માહિતી વર્ગમાં સરળતાથી સમજાવી શકાય છે. કેટલીક વખત શિક્ષક પ્રયોગ કરે ત્યારે વર્ગનાં બાળકોને પણ એક સરખો શૈક્ષણિક અનુભવ થતો ન હોય તે ફિલ્મની મદદથી પ્રયોગ નિદર્શનનો એક સરખો શૈક્ષણિક અનુભવ વિશાળ સમૂહને પૂરો પાડી શકાય છે. શિક્ષણકાર્યમાં ઝડપ લાવવા માટે શિક્ષક પોતાનું શાબ્દિક કથન ઘટાડી શકે છે અને છતાં ફિલ્મના ઉપયોગથી શિક્ષણકાર્ય ઝડપી બને છે, તેમાં વિદ્યાર્થીઓનાં રસ-રુચિ વધે છે.

**સૂક્ષ્મ આંતરિક રચનાઓ અને સૂક્ષ્મ જીવ-જંતુઓના અભ્યાસ માટે ફિલ્મ :**

આંતરિક રચનાઓના અભ્યાસ માટે ફિલ્મ દ્વારા શરીરની અંદરના ભાગની રચના, ક્રિયાઓ પણ સમજાવવી સરળ બની છે. હૃદય, ફેફસાં કે આંતરડાંની અંદરની ક્રિયાઓ ખૂબ જ આસાનીથી બાળકોને વર્ગખંડમાં જ સમજાવી શકાય છે. ચંચળ અને સૂક્ષ્મ જીવો જેવાં કે પતંગિયાં, માખી અને લીલા, ફૂગ, બૅક્ટેરિયા, વાઇરસ, પ્રજાની દેહ રચનાઓ તથા દરિયાઈ સજીવ સૃષ્ટિને ફિલ્મ દ્વારા સુપેરે ભણાવી શકાય છે. ફિલ્મ દ્વારા ખૂબ જ સરળતાથી જંતુઓનાં જીવનચક્રો અને ક્રિયાઓ સમજાવી શકાય છે.

શિક્ષણનું મનોવિજ્ઞાન એવું સ્પષ્ટ કરે છે કે અધ્યન અધ્યાપનની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને મળતા અધ્યયન અનુભવોની સૌથી વધુ છાપ આંખ દ્વારા જોયેલા દ્રશ્ય અનુભવની પડે છે. એટલે કે બાળકના ચિત્ત પર સૌથી વધુ અધ્યયન અનુભવ દ્રશ્ય દ્વારા ઝીલાય છે. એટલે કે બાળકના અધ્યયન માટે આંખ દ્વારા મળતા અનુભવની અસર ૯૮ ટકા સફળ થાય છે. આ ઉપરાંત બાકીના બે ટકા અધ્યયન અનુભવ અન્ય જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થાય છે. શીખવાની પ્રક્રિયામાં પાંચ જ્ઞાનેદ્રિંયોમાં આંખ, કાન, નાક, જીભ અને ત્વચા છે. તેના થકી બાળકને અધ્યયન અનુભવો પ્રાપ્ત થતા હોય છે. આંખ દ્વારા દૃશ્ય અનુભવ, કાન દ્વારા શ્રાવ્ય અનુભવ, નાક દ્વારા ગંધનો અનુભવ, જીભ દ્વારા સ્વાદનો અનુભવ અને ત્વચા દ્વારા સ્પર્શનો અનુભવ મળતો હોય છે.

# બાળકોના શિક્ષણમાં ફિલ્મ વિશે થોડામાં ઘણું...



- ડૉ. જિજ્ઞાસા ચાવડા
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કૉલેજ, સંત કબીર રોડ, રાજકોટ.
મો. ૯૪૨૬૮૫૩૧૧૧

વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના જ્ઞાનની હરણફાળે શૈક્ષણિક ટૅક્નોલૉજીના આવિષ્કારથી શિક્ષણ પ્રક્રિયાના ઘણા ખ્યાલો બદલ્યા છે. તેના પરિપાકરૂપે શૈક્ષણિક ફિલ્મોનું અસ્તિત્વ એક આગવું પ્રદાન છે. બાળકોના ઘડતરમાં શિક્ષણનું અનોખું માધ્યમ ફિલ્મ છે. તે સમય, સ્થળ, અને માનવીય અવલોકનોની મર્યાદાઓને કંઈક અંશે ઉકેલ આપતું અમૂલ્ય સાધન શિક્ષણ જગતને મળ્યું છે. તે વર્ગખંડમાં બહારની જીવંત દુનિયાને ઉપસ્થિત કરી શકે છે અને પ્રત્યક્ષ હેતુલક્ષી અનુભવોને વિકલ્પ પૂરો પાડે છે. અનેક સંશોધનોએ પુરવાર કર્યું છે કે ફિલ્મના ઉપયોગથી પ્રાપ્ત થતા જ્ઞાનની અસર લાંબો સમય રહે છે. જેથી શિક્ષણના હેતુસર બાળઘડતર માટે બાળકોમાં ફિલ્મ જોવાની કળા વિકસાવવી જરૂરી છે. કારણ કે શિક્ષણના માધ્યમ તરીકે, સામાજિક પરિવર્તનના માધ્યમ તરીકે અને બાળમાનસ પર ફિલ્મ અસર કરે છે.

**શાળા કક્ષાએ ફિલ્મ નિદર્શન :**

ફિલ્મો પણ વિવિધ પ્રકારની મળે છે. પહોળાઈને અનુલક્ષીને 8 મિ.મિ., 16 મિ.મિ., 35 મિ.મિ. અને 70 મિ.મિ.ની ફિલ્મો આવે છે. શાળા કક્ષાએ 8 મિ.મિ. અને 16 મિ.મિ. ફિલ્મો વાપરવી અનુકૂળ છે. અવાજની દૃષ્ટિએ સ્વનિયુક્ત તેમજ શાંત એમ બે પ્રકારની ફિલ્મો બને છે. તે જ રીતે રંગની દૃષ્ટિએ બ્લેક એન્ડ વ્હાઇટ તેમજ રંગીન ફિલ્મો પણ મળે છે. ફિલ્મોનો એક વિશિષ્ટ પ્રકાર કાર્ટૂન ફિલ્મો તરીકે જાણીતો છે. તે પણ શિક્ષણમાં ઉપયોગી છે. કારણ કે તેનાથી અમૂર્ત ખ્યાલો સારી રીતે સ્પષ્ટ થઈ શકે છે અને ગમ્મત સાથે જ્ઞાન પીરસી શકાય છે.

**ફિલ્મ અંગેની કેટલીક લાક્ષણિકતાઓ :**

ફિલ્મમાં રજૂ થયેલી માહિતી સાચી હોય છે. તેની ફોટોગ્રાફીને કારણે શૈક્ષણિક મૂલ્ય ઘટતું નથી. વિષયવસ્તુને અનુલક્ષીને કર્ણપ્રિય પાશ્ચાત્ય સંગીત, રંગો તેમજ ગતિ યોગ્ય રીતે જળવાઈ રહે છે.શિક્ષક એક વાર ધ્યાનથી શીખી લે તો શાળામાં ફિલ્મ દર્શાવવાનું ચલચિત્ર યંત્ર એવું અઘરું પણ નથી. તે પ્રોજેક્ટરની સાથે માર્ગદર્શક પુસ્તિકાની મદદથી જાતે પણ સંચાલન માટે ઉપયોગી કૌશલ્ય પ્રાપ્ત કરી શકાય છે.

**ફિલ્મ વિશેના ફાયદા :**

ફિલ્મમાં કોઈ પદાર્થ કે વસ્તુની ગતિને દર્શાવવા માટે ત્રિપરિમાણીય ઉપરાંત ચોથા પરિણામનું નિદર્શન થાય છે. દા.ત. રુધિરનું પરિભ્રમણ કે કોઈ પ્રયોગની રજૂઆતમાં ગતિને કારણે તેનું શૈક્ષણિક મૂલ્ય વધે છે. ટૂંકમાં ફિલ્મથી ગતિના ચોથા પરિમાણનો લાભ મળે છે. કોઈ ક્રિયાની ઝડપમાં ફેરફાર થતો દર્શાવી શકાય છે.જેમ કે ઈંડામાંથી ઇયળ, કોશેટો અને પુષ્પાવસ્થા પ્રાપ્ત કરવાની ક્રિયા કે બીમાંથી વૃક્ષ બનવાની ક્રિયા ખૂબ જ ધીમી છે. જ્યારે રૉકેટ છૂટવાની ક્રિયા કે બંદૂકની ગોળીનો માર્ગ ખૂબ જ ઝડપી ક્રિયાઓ છે. આવી ધીમી કે ઝડપી ક્રિયાઓનાં અવલોકનોની મર્યાદા ફિલ્મે હલ કરી છે. સાથે સાથે તેમાં ગતિ અટકાવીને પણ પદાર્થ કે વસ્તુની સ્થિતિ બતાવવાનો લાભ મળે છે. દૂરના જે બનાવો હોય તેની વાસ્તવિકતા ફિલ્મ દ્વારા દર્શાવી શકાય છે.સમગ્ર સૃષ્ટિના ખૂણે ખૂણે અવનવા પ્રયોગો સતત ચાલતા રહેતા હોય છે. કોઈ વૈજ્ઞાનિક પેસિફિક મહાસાગરમાં પ્રવાસ કરતો હોય તો કોઈક દક્ષિણ ધ્રુવ પર કંઈક સંશોધન કરતો હોય તો વળી, ઉપગ્રહોના યુગમાં કોઈક ચંદ્રની સપાટી પર પ્રયોગ કરતો હોય. આ બધા બનાવો વાસ્તવિક રીતે વર્ગમાં ફિલ્મ દ્વારા રજૂ થઈ શકે છે. આ જ બનાવોને વર્ષો સુધી એક ઐતિહાસિક ઘટના તરીકે જાળવી રાખીને બતાવી શકાય છે. એકમાં અનેકની રજૂઆત ફિલ્મ વડે દર્શાવાય છે.

ફિલ્મમાં મૉડેલ, નમૂનાઓ, ચાર્ટ, ચિત્રો, ફલેનલ, ફિલ્મસ્ટ્રીપનો ઉપયોગ વગેરેનો સુંદર રીતે સુમેળ સાધી શકાય છે. અને તે દરેકના શૈક્ષણિક લાભો-ફિલ્મના શૈક્ષણિક લાભો બની જાય છે. ફિલ્મ દર્શાવવા માટે સમયનું બંધન નથી. શાળામાં અનુકૂળ સમયે વિદ્યાર્થીઓને ફિલ્મ દર્શાવી શકાય છે. ફિલ્મનો વિશેષ લાભ એ છે કે ફિલ્મ બતાવવામાં શિક્ષણ સંદર્ભે સમયનું બંધન નથી.

**શિક્ષણમાં ફિલ્મનો ઉપયોગ કરતી વખતે શિક્ષકે ધ્યાનમાં રાખવાની બાબતો :**

અનેક લાભો હોવા છતાં ફિલ્મ એ પરોક્ષ અનુભવ આપનાર સાધન છે એ મર્યાદાને શિક્ષકે બરાબર સમજી લેવી જોઈએ. જ્યાં કઈ રંગ, આકાર, અવાજ, ગતિ વગેરેના ખોટા ખ્યાલો બંધાઈ જવાની શક્યતા હોય ત્યાં શિક્ષકે જાગ્રત રહેવું જોઈએ. ફિલ્મનું ઉત્પાદન કરનાર અને તેને વાપરનાર અલગ છે. માટે વિષયવસ્તુની રજૂઆતનો ક્રમ ક્યારેક શિક્ષકના પોતાના શિક્ષણકાર્ય માટે અનુકૂળ ન પણ હોય. ફિલ્મોનો અસરકારક ઉપયોગ કરવા માટે કેટલીક બાબતો શિક્ષકે ધ્યાનમાં રાખવી જોઈએ. જેમાં ફિલ્મ પ્રોજેકટની સ્થિતિની ચકાસણી કરી લેવી. તેના પ્રોજેકટરની તેમજ લેન્સ વગેરેની યોગ્ય સફાઈ કરવી. તેના દરેક ભાગનું યોગ્ય જોડાણ, યોગ્ય જગ્યાએ હોવું જોઈએ. ફિલ્મ દર્શાવતી વખતે જરૂરી અંધકાર માટેની વ્યવસ્થા કરવી. વિદ્યાર્થીઓ માટેની યોગ્ય બેઠક વ્યવસ્થા, ફિલ્મ પ્રક્ષેપણ પડદો, ધ્વનિ માટેનું સ્પીકર યોગ્યપણે ચકાસીને ગોઠવવાં. શિક્ષકે જાતે અગાઉથી ફિલ્મ જોઈ લેવી. પ્રસ્તુત શૈક્ષણિક ફિલ્મ વિશે બાળકો સામે જરૂરી, પ્રાથમિક ચર્ચા કરી લેવી. શૈક્ષણિક ફિલ્મ નિદર્શનના અંતે બાળકોને આપવાનો સ્વાધ્યાય વિચારી રાખવો. ફિલ્મ દર્શાવ્યા પછીના અનુકાર્ય માટેની કાર્યપદ્ધતિનું આયોજન કરી લેવું.

**શિક્ષણમાં ફિલ્મના ઉપયોગ અંગે થોડામાં ઘણું :**

ફિલ્મનો ઉપયોગ ત્યારે જ કરવો જ્યારે અન્ય અસરકારક સાધનો પ્રાપ્ત ન હોય. અધ્યાપન પ્રક્રિયાને ઉત્તેજન મળે તેવા તબક્કે જ ફિલ્મ બતાવવી. ફિલ્મ બતાવ્યા પછી તેની ચર્ચા અવશ્ય કરવી. અનુકાર્યથી ફિલ્મની અસરકારકતા 30 ટકા વધે છે તેવું સંશોધનોથી પુરવાર થયેલું છે, તે ચકાસી લેવું. એવા ખાસ વિષયવસ્તુ કે જેનું કાઠિન્ય મૂલ્ય વધું હોય તેવા સંજોગોમાં જરૂર જણાય તો એકથી વધારે વખત તે ફિલ્મ બતાવવી.

**શાળાના શિક્ષણમાં ફિલ્મ :**

8 મિ.મિ. ફિલ્મોનું શિક્ષણ જગતમાં મૂલ્ય વધ્યું છે. 8 મિ.મિ. ફિલ્મોનું પ્રોજેકટર એટેચી જેવડા કદવાળું, હેરફેર અને સંચાલનમાં ખૂબ જ સરળ તેમ જ વજનમાં હલકું હોય છે. તેમાં રીલ તેમજ કૅસેટ બંનેનો ઉપયોગ થઈ શકે છે. બહારના પડદાનો ઉપયોગ ન કરવો હોય તો તેમાં ઍટેચ્ડ સ્ક્રીન પણ અંદર આપેલ હોય છે, જે પોર્ટબલ ટીવી જેવો દેખાય છે. તેની કૅસેટની રચના એવી હોય છે કે તે સતત ચાલ્યા જ કરે છે. અને તેને રિવાઇન્ડિંગ કરવાની જરૂર પડતી નથી. વળી કૅસેટને કોઈ પણ ક્ષણે સ્થિર કરવાની કે બંધ કરવાની પણ સુવિધા હોય છે. 8 મિ.મિ. ફિલ્મો બ્લેક એન્ડ વ્હાઇટ તેમજ રંગીન, ધ્વનિયુક્ત કે શાંત, રીલ પર અને કૅસેટ સ્વરૂપે પણ પ્રાપ્ય છે. આજે લગભગ પાંચથી સાત મિનિટના સમયની પણ શૈક્ષણિક ફિલ્મો ઉપલબ્ધ છે.

સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જો શાળા પાસે 8 મિ.મિ. કૅમેરા હોય તો શિક્ષક જાતે પણ, પોતાની પસંદગીની શૈક્ષણિક ફિલ્મ ઉતારીને તૈયાર કરી શકે છે. આ બધી વિશેષતાઓને લઈને શાળામાં 8 મિ.મિ. ફિલ્મો શિક્ષણ ક્ષેત્રે શક્તિશાળી માધ્યમ તરીકે વિકસાવી શકાય.

**શાળા સંકુલ દ્વારા શૈક્ષણિક ફિલ્મોનું નિદર્શન :**

ફિલ્મોની શૈક્ષણિક ઉપયોગિતાને ધ્યાનમાં લઈને આજે ઘણી શૈક્ષણિક ફિલ્મો તૈયાર થાય છે. શાળાને ફિલ્મો ખરીદવી ન પોષાય તે સ્વાભાવિક છે પરંતુ શાળાઓ ભેગી થઈને શાળાસંકુલની રચના કરે તો સંકુલને ફિલ્મ ખરીદવી પોસાય અને તેઓ પોતાની સ્વતંત્ર નાનકડી ફિલ્મ લાઈબ્રેરી બનાવી શકે કે જે દરેક શાળાને ઉપકારક બને, શિક્ષકમિત્રો 16 મિ.મિ. શૈક્ષણિક ફિલ્મોનો યોગ્ય રીતે શાલેય શિક્ષણમાં લાભ લઈ શકે છે.

# આજના બાળકો પર પ્રચાર માધ્યમોની અસર



- ડૉ. મગનલાલ એસ. મોલિયા
પ્રોફેસર, શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
મો. ૯૬૮૭૬૯૩૨૪૧

પ્રચાર માધ્યમોનો ઉપયોગ બાળકોને સાયબર ધમકીઓનો ભોગ પણ બનાવી શકે છે, જે ડિપ્રેશન અને આત્મહત્યા સાથે જોડાયેલી છે. અને પ્રચાર માધ્યમોનો ઉપયોગ બાળકોને મહત્ત્વપૂર્ણ કાર્યોથી વિચલિત કરી શકે છે, હોમવર્કના સમયમાં દખલ કરી શકે છે અને શાળાના પ્રદર્શનને નુકસાન પહોંચાડી શકે છે. તે ગુણવત્તાયુક્ત કૌટુંબિક સમયને મર્યાદિત કરી શકે છે અને બાળકોને એકલતા અથવા એકલતા અનુભવવા માટે પ્રેરિત કરી શકે છે. ટૅક્નોલૉજી જીવનનો એક ભાગ છે. અને માતાપિતા સ્માર્ટ પ્રચાર માધ્યમોનો ઉપયોગ શીખવીને ટૅક્નોલૉજીને બાળપણનો સ્વસ્થ ભાગ બનાવી શકે છે. પ્રિસ્કૂલર્સ જાહેર ટેલિવિઝન પર મૂળાક્ષરો શીખવામાં મદદ મેળવી શકે છે, ગ્રેડ સ્કોલર શૈક્ષણિક ઍપ્લિકેશનો અને રમતો રમી શકે છે, અને કિશોરો ઑનલાઇન સંશોધન કરી શકે છે. પ્રચાર માધ્યમો ટેલિવિઝન, રેડિયો, સંગીત, કમ્પ્યૂટર, ફિલ્મો, વીડિયોઝ પર પ્રભાવ પાડે છે, બાળકોના પ્રભાવ તાજેતરના સમયમાં વધુ દૃશ્યમાન અને અસ્થિર બન્યા છે.

આજે બાળકો પર પ્રચાર માધ્યમોની અસર એક બહુપક્ષીય અને જટિલ મુદ્દો છે, જે વિવિધ પરિબળોથી પ્રભાવિત છે જેમાં પ્રચાર માધ્યમોનો પ્રકાર, પ્રચાર માધ્યમો પર વિતાવેલો સમય અને બાળકની વ્યક્તિગત લાક્ષણિકતાઓ અને વાતાવરણનો સમાવેશ થાય છે.

**બાળકો પર સોશિયલ પ્રચાર માધ્યમોની નકારાત્મક અસરો :**

બાળકો પર સોશિયલ પ્રચાર માધ્યમોની નકારાત્મક અસર આજકાલ ઇન્ટરનેટ અને ઘણી વેબસાઇટ્સ પર ખૂબ જ સામાન્ય છે, મોટાભાગનાં સોશિયલ પ્રચાર માધ્યમો, વેબસાઇટ્સમાં હિંસા, વીડિયો, અનેક પ્રચાર માધ્યમોમાં જોવા મળે છે. સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સની મૂળ અસર, ઘણા બાળકો ઇન્ટરનેટ પ્રચાર માધ્યમોમાં ફેસબુક અને વીડિયો અને ફોટા શેર કરીને બ્લોગ લખે છે.

સોશિયલ પ્રચાર માધ્યમો એક વિશાળ પ્લેટફૉર્મ છે, અને અહીં ઉપલબ્ધ માહિતીની માત્રાને કોઈ નિયંત્રિત કરી શકતું નથી. તેથી, બાળકો અયોગ્ય અથવા હાનિકારક સામગ્રીમાં ટકરાઈ શકે છે જે તેમના વિચારને અસર કરી શકે છે. ઑનલાઇન સંદેશાવ્યવહારને કારણે સાયબર ધમકીનો ટ્રેન્ડ વધી રહ્યો છે, ખાસ કરીને સોશિયલ પ્રચાર માધ્યમો અને મેસેજિંગ પ્લેટફૉર્મ પર. તે લોકોમાં ભય અને શરમ ફેલાવે છે અને બાળકો પર અનિચ્છનીય અસરો કરી શકે છે.

બાળકોને ઓછા ઉત્પાદક બનાવે છે કારણ કે તેમનો મોટાભાગનો સમય કંઈ પણ મહત્ત્વપૂર્ણ કર્યા વિના વિતાવવામાં આવે છે, અને તેઓ વ્યસની બની જાય છે. આ વ્યસનો તેમના શારીરિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી શકે છે. ટૅક્નોલૉજી અને ઇન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ, જેમાં ગેમિંગ વ્યસન અને ઇન્ટરનેટ વ્યસનનો સમાવેશ થાય છે, બાળકોની ઉત્પાદકતામાં અવરોધ લાવી શકે છે કારણ કે તેઓ અર્થપૂર્ણ પ્રવૃત્તિઓમાં સામેલ થયા વિના તેમનો સમયનો નોંધપાત્ર ભાગ બગાડે છે. આ વ્યસનો તેમના શારીરિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી શકે છે. વધુ પડતો સોશિયલ પ્રચાર માધ્યમોનો ઉપયોગ તમારા બાળકની આંતરવ્યક્તિત્વ સંબંધો વિકસાવવાની ક્ષમતાને પણ અસર કરી શકે છે.

**કિશોરો અને સોશિયલ પ્રચાર માધ્યમોનો ઉપયોગ :**

સોશિયલ પ્રચાર માધ્યમો કિશોરોને ઑનલાઇન ઓળખ બનાવવા, અન્ય લોકો સાથે વાતચીત કરવા અને સોશિયલ નેટવર્ક બનાવવા માટે પરવાનગી આપે છે. આ

નેટવર્ક્સ કિશોરોને મૂલ્યવાન ટેકો પૂરો પાડી શકે છે, ખાસ કરીને જેમને બાકાત રાખવામાં આવે છે અથવા અપંગતા હોય છે અથવા ક્રોનિક બીમારીઓ હોય છે તેમને મદદ કરે છે.

કિશોરો મનોરંજન અને સ્વ-અભિવ્યક્તિ માટે પણ સોશિયલ પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરે છે. અને પ્લેટફોર્મ કિશોરોને વર્તમાન ઘટનાઓથી પરિચિત કરાવી શકે છે, તેમને ભૌગોલિક અવરોધો પાર કરીને વાતચીત કરવાની મંજૂરી આપી શકે છે અને તેમને સ્વસ્થ વર્તણૂકો સહિત વિવિધ વિષયો વિશે શીખવી શકે છે. સોશિયલ પ્રચાર માધ્યમો જે રમૂજી હોય છે અથવા વિચલિત કરે છે અથવા સાથીદારો સાથે અર્થપૂર્ણ જોડાણ પૂરું પાડે છે અને વિશાળ સોશિયલ નેટવર્ક કિશોરોને ડિપ્રેશનથી બચવામાં પણ મદદ કરી શકે છે.

**તમારા કિશોરનું રક્ષણ કરવું :**

સોશિયલ પ્રચાર માધ્યમોના જવાબદાર ઉપયોગને પ્રોત્સાહિત કરવા અને તેની કેટલીક નકારાત્મક અસરોને મર્યાદિત કરવા માટે તમે કેટલાંક પગલાં લઈ શકો છો.

**આ ટિપ્સ ધ્યાનમાં લો:**

- તમારા કિશોરના એકાઉન્ટ્સનું નિરીક્ષણ કરો. તમારા કિશોરને જણાવો કે તમે નિયમિતપણે તેનાં સોશિયલ પ્રચાર માધ્યમો એકાઉન્ટ્સ તપાસશો. તમે અઠવાડિયામાં એક કે તેથી વધુ વખત આવું કરવાનું લક્ષ્ય રાખી શકો છો. ખાતરી કરો કે તમે તેનું પાલન કરો છો.
- વાજબી મર્યાદાઓ સેટ કરો. સોશિયલ પ્રચાર માધ્યમોને તેની પ્રવૃત્તિઓ, ઊંઘ, ભોજન અથવા હોમવર્કમાં દખલ ન થવા દેવાથી કેવી રીતે ટાળવું તે વિશે તમારા કિશોર સાથે વાત કરો. ઇલેક્ટ્રોનિક પ્રચાર માધ્યમોનો ઉપયોગ ટાળવા માટે સૂવાના સમયની દિનચર્યાને પ્રોત્સાહન આપો, અને કિશોરોના બેડરૂમમાંથી સેલફોન અને ટેબ્લેટ દૂર રાખો. આ નિયમોનું પાલન કરીને તમે એક ઉદાહરણ બેસાડો.
- શું ઠીક નથી તે સમજાવો. તમારા કિશોરને ગપસપ કરવાથી, અફવાઓ ફેલાવવાથી, ગુંડાગીરી કરવાથી અથવા કોઈની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાથી દૂર રાખો. ઑનલાઇન કે અન્યથા. સોશિયલ પ્રચાર માધ્યમો પર શું શેર કરવું યોગ્ય અને સલામત છે તે વિશે તમારા કિશોર સાથે વાત કરો.
- મિત્રો સાથે રૂબરૂ સંપર્કને પ્રોત્સાહિત કરો. સામાજિક ચિંતા ડિસઓર્ડરનો ભોગ બનતા કિશોરો માટે આ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે.
- સોશિયલ પ્રચાર માધ્યમો વિશે વાત કરો. તમારી પોતાની સોશિયલ પ્રચાર માધ્યમોની ટેવો વિશે વાત કરો. તમારા કિશોરને પૂછો કે તે સોશિયલ પ્રચાર માધ્યમોનો ઉપયોગ કેવી રીતે કરી રહ્યો છે અને તેનાથી તેને કેવું લાગે છે. તમારા કિશોરને યાદ કરાવો કે સોશિયલ પ્રચાર માધ્યમો અવાસ્તવિક છબીઓથી ભરેલું છે.

**પ્રકારો માટે માધ્યમો :**

સમાજમાં ઘણા લોકો સુધી માહિતી પહોંચાડવાની ઘણી અલગ અલગ રીતો છે. આમાં ટેલિવિઝન અને રેડિયો પ્રસારણ અને અખબારોમાં લેખોનો સમાવેશ થાય છે. સંદેશાવ્યવહારની આ પદ્ધતિઓ પ્રચાર માધ્યમો તરીકે ઓળખાય છે. તાજેતરના વર્ષોમાં, ઇન્ટરનેટ પ્રચાર માધ્યમોનો વધુને વધુ મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયું છે.

પ્રચાર માધ્યમોની માહિતી એકત્રિત કરવામાં અને પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માહિતી સ્થાનિક, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય હોઈ શકે છે. તે સમાચાર અને હવામાનથી લઈને મનોરંજન સુધીના વિવિધ વિષયોને આવરી શકે છે. સમાચાર વાર્તાઓમાં રાજકારણ, અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય બાબતો, જેમકે યુદ્ધો અથવા કુદરતી આફતો વિશે માહિતી હોય છે.

પ્રચાર માધ્યમોમાં કામ કરતા લોકો પ્રસારિત અથવા છાપવામાં આવતી વાર્તાઓના પ્રકાર પર નિયંત્રણ ધરાવે છે. પત્રકારો વાર્તાઓ શોધે છે, અને તેમના સંપાદકો

નક્કી કરે છે કે તે વસ્તુઓ ટેલિવિઝન પર, અખબારમાં, અથવા વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવતી સમાચાર વાર્તામાં સામેલ કરવી જોઈએ કે નહીં.

આવરી લેવામાં આવતી વાર્તાઓ પ્રેક્ષકો પર આધાર રાખે છે. બાળકો માટે ટેલિવિઝન સમાચાર બુલેટિન શાળાઓ, વન્યજીવન અને રમતગમત વિશેના વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. દસ્તાવેજી ફિલ્મો એવા પુખ્ત વયના લોકો માટે બનાવવામાં આવે છે જેઓ હકીકતો, પુરાવા અને સમાચારની ચોક્કસ વસ્તુની વિગતવાર સમજૂતી ઇચ્છે છે.

1. તેમનું મગજ સંપૂર્ણ રીતે વિકસિત નથી.
2. તે ખૂબ જ તણાવપૂર્ણ છે.
3. તે તેમને કંટાળો આપે છે.
4. તે તેમને વધુ હતાશ બનાવે છે.
5. તેઓ અન્ય અનુભવો અને પ્રવૃત્તિઓ ચૂકી જાય છે.
6. જોડાણો અને જોડાણો ગુમાવવા.

વ્યક્તિઓ તરફથી પ્રચાર માધ્યમોની અસરો આ છ છે જ્ઞાનાત્મકતા, માન્યતા, વલણ, અસર, શરીરવિજ્ઞાન અને વર્તન. બધાં વ્યક્તિગત સ્તરના પ્રચાર માધ્યમોની અસરો અભ્યાસો તપાસે છે કે પ્રચાર માધ્યમોની આ છ પ્રકારોમાંથી એક અથવા વધુ પર કેવી રીતે પ્રભાવ પાડે છે.

**નિષ્કર્ષ :**

આજના બાળકો ટેલિવિઝન, સેલ ફોન, મૂવીઝ, સંગીત, વીડિયો ગેમ્સ અને ઇન્ટરનેટ દ્વારા ઘણા વિવિધ સ્વરૂપોનાં પ્રચાર માધ્યમોનો સતત ઉપયોગ કરે છે. પ્રચાર માધ્યમો બાળકોના શિક્ષણ, શીખવાની તકો, જિજ્ઞાસા, સર્જનાત્મકતા અને સંદેશાવ્યવહારને વધારી શકે છે. જો કે, તે નકારાત્મક જીવન પાઠ પણ શીખવી શકે છે; બાળકોનો વધુ પડતો સમય વાપરે છે; અને તેમને કસરત, અન્ય શારીરિક રમત અને સામાજિકીકરણથી વિચલિત કરી શકે છે.

આધુનિક પ્રચાર માધ્યમો કયાં સ્વરૂપો લે છે (પ્રચાર માધ્યમો મેળવવા અને તેનો ઉપયોગ કરવા અને વાતચીત કરવા માટે નવીનતમ ઇન્ટરનેટ ફોર્મેટ સહિત), યુવાનો દ્વારા પ્રચાર માધ્યમોના વપરાશ પર દેખરેખ રાખીને, યુવાનોને પ્રચાર માધ્યમો રિલીઝ કરતાં પહેલાં તેની સમીક્ષા કરીને, યુવાનો માટે અયોગ્ય સામગ્રી જોવાનું મુશ્કેલ બનાવવા માટે પ્રચાર માધ્યમો બ્લોકિંગ ટૅક્નોલૉજીનો કાળજીપૂર્વક ઉપયોગ કરીને અને સંતુલિત પ્રચાર માધ્યમો ઉપયોગ માટે સ્પષ્ટ નિયમો અને સીમાઓ નક્કી કરીને અને લાગુ કરીને માતાપિતા તેમનાં બાળકોની પ્રચાર માધ્યમો પસંદગીઓને શ્રેષ્ઠ રીતે માર્ગદર્શન આપી શકે છે.

## પ્રેરણાદાયી ફિલ્મો જોવાના લાભો

બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે. સકારાત્મક વિચારો વિકસે છે. શ્રેષ્ઠ અભ્યાસ અને મહેનત માટે પ્રેરણા મળે છે. જિંદગીમાં નક્કી કરેલા લક્ષ્ય માટે આગળ વધવાની શક્તિ મળે છે. માતા-પિતાએ ધ્યાનમાં રાખવાની બાબતો. બાળકો માટે યોગ્ય અને પ્રેરણાદાયી ફિલ્મો પસંદ કરવી જોઈએ. ફિલ્મોના સંદેશ વિશે બાળકો સાથે ચર્ચા કરવી જોઈએ. બાળકોમાં સારાં મૂલ્યો વિકસાવવા માટે ફિલ્મોના સારા ભાગો પર ધ્યાન આપવું જોઈએ. ફિલ્મોમાં રહેલા પ્રેરણાદાયી સંવાદો માત્ર મનોરંજન પૂરતા જ સીમિત નથી, પરંતુ તે જીવન માટે માર્ગદર્શન અને પ્રેરણા પણ પૂરાં પાડે છે. બાળકો આ સંવાદો (ડાયલોગ્સ)માંથી સાચાં જીવનમૂલ્યો શીખી શકે અને તેમની પોતાની સફળતા માટે પ્રેરિત થઈ શકે.

''सपने वो नहीं जो हम नींद में देखते हैं, सपने वो हैं जो हमें सोने नहीं देते।''

**- 'Dear Zindagi'**

# બાળકો માટે પ્રેરણાદાયી ચલચિત્રોના સંવાદો



- સાગર એ. ગાંધી
આસિસ્ટન્ટ પ્રોફેસર
પાંડેસરા બી.એડ્. કૉલેજ, સુરત.
મો. ૯૯૭૪૧૭૯૧૧૧

ફિલ્મો માત્ર મનોરંજન માટે જ નહીં, પણ જીવનમાં મહત્ત્વપૂર્ણ સંદેશો અને પ્રેરણા આપવા માટે એક સશક્ત માધ્યમ છે. ખાસ કરીને બાળકો માટે, ફિલ્મોમાં કહેવાતા સંવાદ (ડાયલોગ્સ) તેમના વ્યક્તિત્વ અને વિચારો પર પ્રભાવ પાડી શકે છે. પ્રેરણાદાયી ડાયલોગ્સ બાળકોમાં આત્મવિશ્વાસ, હિંમત, મહેનત અને સત્યનિષ્ઠા જેવા ગુણો વિકસાવવામાં મદદરૂપ થાય છે. મોટાભાગની અનુકરણશીલ વયનાં બાળકો ફિલ્મોમાંથી જ પ્રેરણા લે છે અને તેના નાયકને પોતાનો આદર્શ માને છે.

આ લેખમાં, કેટલીક પ્રખ્યાત ફિલ્મો અને તેમના પ્રેરણાદાયી સંવાદો પર ચર્ચા કરી છે, જે બાળકોના જીવનમાં સકારાત્મક ફેરફાર લાવી શકે.

પ્રેરણાદાયી હિન્દી ચલચિત્રોના સંવાદો અને તેમનો અર્થ

**(1) 'तारे जमीन पर' (2007)**

''हर बच्चा खास होता है।''

દરેક બાળક અલગ અને વિશેષ હોય છે. દરેકની પોતાની એક ખાસિયત હોય છે, અને કોઈ પણ બાળક નિષ્ફળ નથી.

दुनिया में आने के बाद,
अगर कोई किसी चीज को लेकर डरे,
तो वो सबसे बडा झूठ होगा।

ભયને દૂર કરીને, વિશ્વાસ સાથે દરેક મુશ્કેલીનો સામનો કરવો જોઈએ.

**(2) 'चक दे ! इंडिया' (2007)**

''अगर एक बार कोई हार मान ले,
तो वो जीतने का हकदार नहीं होता।''

જીવનમાં જીતવા માટે મહેનત અને પ્રયાસ કરવો જ પડે, હાર માનવાથી કંઈ પણ પ્રાપ્ત થતું નથી.

''70 मिनट है तुम्हारे पास...
शायद तुम्हारी जिंदगी के सबसे खास 70 मिनट।''

દરેક ક્ષણ મહત્ત્વપૂર્ણ છે, અને જો તમે શ્રેષ્ઠ પ્રયાસ કરો, તો કોઈ પણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકો.

**(3) 'थ्री इडियट्स' (2009)**

''सक्सेस के पीछे मत भागो,
एक्सीलेंस का पीछा करो,
सक्सेस जक्ख मारके तुम्हारे पीछे आएगी।''

સફળતા મેળવવી હોય તો કૌશલ્ય અને મહેનત પર ધ્યાન આપો, સફળતા આપમેળે આવી જશે.

''डर को हटाओ, अपने दिल की सुनो।''

ભયને દૂર કરો અને હંમેશાં તમારું હૃદય જે કહે છે તે અનુસરો.

**(4) 'बागबान' (2003)**

''बच्चे को जन्म देना माता-पिता की जिम्मेदारी है,
पर उन्हें अच्छे संस्कार देना उनका फर्ज।''

બાળકને સારી સંસ્કૃતિ અને શિક્ષણ આપવું માતા-પિતાની મહત્ત્વની જવાબદારી છે.

**(5) 'दंगल' (2016)**

''म्हारी छोरियां छोरों से कम हैं के?''

સ્ત્રીઓ અને પુરુષોમાં કોઈ ભેદ નથી, અને છોકરીઓ પણ જે પણ ઇચ્છે તે હાંસલ કરી શકે.

''गोल्ड तो गोल्ड होता है, छोरा लावे या छोरी।''

સફળતા વ્યક્તિના લિંગ પર આધાર રાખતી નથી, માત્ર મહેનત અને પ્રતિભા જરૂરી છે.

**(6) 'अग्निपथ' (1990 & 2012)**

''अपने काम पर यकीन रखो,

किस्मत खुद चलकर आएगी।''

મહેનત પર ધ્યાન આપો, તમારું નસીબ આપમેળે તમારી સાથે રહેશે.

**(7) 'सुपर 30' (2019)**

''राजा का बेटा राजा नहीं बनेगा,

राजा वही बनेगा जो हकदार होगा।''

સફળતા પરિવાર પર આધાર રાખતી નથી, તે વ્યક્તિની મહેનત અને પ્રતિભાથી મળે છે.

**(8) 'जिंदगी ना मिलेगी दोबारा' (2011)**

''दिल खोलकर जीने का नाम ही जिंदगी है।''

જીવનને મફત અને ખુશીથી માણવી જોઈએ, કારણ કે તે એક વાર જ મળે છે.

**(9) 'स्वदेश' (2004)**

''हम बनाते हैं देश, देश हमें नहीं बनाता।''

દેશનું ભવિષ્ય તેના નાગરિકોની મહેનત પર આધાર રાખે છે.

**(10) 'मैरी कॉम' (2014)**

''हर लड़की को अपने अंदर की मैरी कॉम खोजनी चाहिए।''

દરેક સ્ત્રીમાં અવિરત હિંમત અને શક્તિ છે, તેને માત્ર ઓળખવાની જરૂર છે.

પ્રેરણાદાયી અંગ્રેજી ચલચિત્રોના સંવાદો અને તેમનો અર્થ

**(1) 'The Lion King' (1994)**

"Remember who you are."

આ સંવાદ આપણને આપણું સાચું સ્વરૂપ ભૂલવા ન દે. જીવનમાં અનેક મુશ્કેલીઓ આવે, પણ પોતાનાં મૂલ્યો અને ઓળખ સાથે સત્ય રહેવું જરૂરી છે.

"Oh yes, the past can hurt.
But you can either run from it, or learn from it."

ભૂતકાળમાં થયેલી ભૂલોમાંથી શીખીને આગળ વધવું એ સાચી બહાદુરી છે.

**(2) 'Finding Nemo' (2003)**

"Just keep swimming."

આ સંવાદ સાદો છતાં ખૂબ જ પ્રેરણાદાયી છે. જો તમે ધ્યેય માટે સતત મહેનત કરો, તો સફળતા જરૂર મળે.

**(3) 'Kung Fu Panda' (2008)**

"Yesterday is history, tomorrow is a mystery,
but today is a gift. That is why it is called the present."

ભૂતકાળ પાછળ રડવાને બદલે અને ભવિષ્યની ચિંતા કર્યા વિના, વર્તમાનમાં જીવવું એ જીવનનો સારો સિદ્ધાંત છે.

"There is no secret ingredient. It's just you."

દરેક વ્યક્તિની અંદર ખાસ ક્ષમતાઓ હોય છે, બસ તેને ઓળખવાની જરૂર છે.

**(4) 'Harry Potter' Series**

"Happiness can be found even in the darkest of times,
if one only remembers to turn on the light."

કંઈ પણ મુશ્કેલી હોય, જો આપણે આશાવાદી રહીએ તો હંમેશાં ઉકેલ મળી શકે.

"It is our choices that show what we truly are, far more than our abilities."

વ્યક્તિનાં નિર્ણયો અને કર્મો જ તેને મહાન બનાવે છે, માત્ર ક્ષમતાઓ નહીં.

**(5) 'Coco' (2017)**

"The rest of the world may follow the rules, but I must follow my heart."

પોતાનાં શોખ અને સપનાને અનુસરવું જીવનમાં આગળ વધવા માટે ખૂબ જરૂરી છે.

**(6) 'Toy Story' (1995-2019)**

"To infinity and beyond!"

કોઈ પણ સપનાને સિદ્ધિ સુધી પહોંચાડવા માટે માનસિક સીમાઓ તોડવી જરૂરી છે.

"You've got a friend in me."

મિત્રતા જીવન માટે એક મોટું વરદાન છે, અને સત્ય મિત્ર હંમેશાં સાથ આપે.

**(7) 'Frozen' (2013)**

"Let it go."

જીવનમાં અમુક બાબતોને છોડી દેવી જ સારું. જૂનાં દુઃખ અને ભૂલો પર અટવાઈને નહીં, પણ આગળ વધીને જીવવું જોઈએ.

**(8) 'Zootopia' (2016)**

"Life's a little bit messy. We all make mistakes.
No matter what type of person you are, I implore you: try.
Try to make the world a better place."

કોઈ પણ વ્યક્તિ ભૂલો કરે છે, પણ મહાન બનવું હોય તો પ્રયત્ન જ કરવો પડશે.

**(9) 'The Jungle Book' (2016)**

"Forget about your worries and your strife."

ઘણીવાર, વધારે ચિંતા કરવાને બદલે હાલની ક્ષણોનો આનંદ લેવો જોઈએ.

(10) 'Spiderman' Series

"With great power comes great responsibility."

મોટા અધિકાર અને શક્તિ સાથે મોટી જવાબદારીઓ પણ આવે છે, અને તેને ન્યાય આપવો એ મહાન વ્યક્તિની નિશાની છે.

**(11) 'Moana' (2016)**

"The only way to find out who you are
is to go beyond where you have been."

જીવનમાં નવી ઊંચાઈઓ સુધી પહોંચવા માટે તમારે તમારી હદસીમા પાર કરવી પડશે.

"Sometimes our strengths lie beneath the surface."

આપણે રહસ્યમય તાકાતને શોધવી જરૂરી છે. હંમેશાં દરેક પ્રતિભા બહારથી સ્પષ્ટ જોવા નથી મળતી.

**(12) 'Ratatouille' (2007)**

"Anyone can cook,
but only the fearless can be great."

કોઈ પણ કંઈ પણ શીખી શકે, પરંતુ સફળતા માટે હિંમત અને મહેનત જરૂરી છે.

**(13) 'WALL-E' (2008)**

"I don't want to survive. I want to live!"

માત્ર જીવી જવું નહીં, જીવનમાં ખુશી અને ઉમંગ હોવાં જોઈએ.

**(14) 'Aladdin' (1992)**

"Do not be fooled by its commonplace appearance.
Like so many things, it is not what is outside, but what is inside those counts."

વ્યક્તિની વાસ્તવિક કિંમત તેના હાવભાવ કે દેખાવથી નહીં, પણ તેના અંતરથી જોવી જોઈએ.

**(15) 'How to Train Your Dragon' (2010)**

"Stop trying so hard to be something you're not."

તમારે જે નથી તે બનવાનો પ્રયાસ કરવાને બદલે, તમે જે છો તે જ શ્રેષ્ઠ બનાવવું.

**(16) 'Big Hero 6' (2014)**

"We didn't set out to be superheroes.
But sometimes life doesn't go the way you planned."

જીવન હંમેશાં તમારી યોજનાઓ પ્રમાણે નહીં ચાલે, પરંતુ તમે તેમાં મહાનતા શોધી શકો.

**(17) 'Inside Out' (2015)**

"Take her to the moon for me, okay?"

પ્રેમ અને યાદો હંમેશા જીવનનો અહેસાસ અપાવે છે, અને તે અમર રહે છે.

**(18) 'The Incredibles' (2004)**

"I never look back, darling.
It distracts from the now."

ભૂતકાળ પર ધ્યાન આપવાને બદલે વર્તમાન પર ફોકસ કરો.

**(19) 'Up' (2009)**

"Adventure is out there!"

હંમેશા નવી ચીજો શીખવા અને જીવનને એક સાહસ તરીકે માણવાની ઇચ્છા રાખો.

**(20) 'Brave' (2012)**

"Our fate lives within us. You only have to be brave enough to see it."

આપણું ભવિષ્ય આપણા હાથમાં છે, માત્ર તેને સ્વીકારવાની હિંમત હોવી જોઈએ.

આ સંવાદો (ડાયલોગ્સ) બાળકો માટે માત્ર શબ્દો નથી, પણ જીવનમાં આગળ વધવા માટેની પ્રેરણાની તાકાત છે. તે તેમને હિંમત, આત્મવિશ્વાસ અને પોતાનું શ્રેષ્ઠ વ્યક્તિત્વ બનવા માટે પ્રોત્સાહન આપે છે.

# જીવનના પાઠ શીખવતી બાળફિલ્મો



- ભરત પરમાર 'વાલમ'
ઉ.શિ. પાંથાવાડા પે કેન્દ્ર શાળા
તા. દાંતીવાડા, જિ. બનાસકાંઠા.
મો. ૯૯૭૯૪૧૩૭૩૫

સિનેમા એવી વસ્તુ છે, જે માત્ર મનોરંજન જ નહીં પરંતુ બાળકોના મનને પણ અસર કરે છે. બદલાતા સમયની સાથે આજે ફક્ત મોટી ઉંમરના લોકો જ નહીં પણ બાળકો ફિલ્મ જોવાનો વધારે શોખ ધરાવે છે. નવીનવી અવનવી ફિલ્મો જોવાની બાળકોને વધારે તલાવેલી હોય છે. કેટલીક ફિલ્મો બાળકો માટે સારી ન હોવા છતાં પણ તેને જોવાનો આગ્રહ રાખે છે. આવી સ્થિતિમાં બાળકોને મનોરંજન માટે કેવી ફિલ્મ બતાવવી તેની કાળજી રાખવી ખૂબ જ જરૂરી છે. ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રી આજે બે ભાગમાં વહેંચાઈ ચૂકી છે. જેમાં અમુક ફિલ્મો એવી રિલીઝ થાય છે, જે બાળકોને જોવા માટે જરા પણ યોગ્ય હોતી નથી. કારણ કે તેમાં અનેક આઈટમ સોંગ, ખરાબ ભાષાશૈલી અને દશ્યોનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે, જે બાળકોને ગેરમાર્ગે દોરી શકે છે. પરંતુ અમુક એવી ફિલ્મો પણ છે, જે બાળકોની સાથે-સાથે માતા પિતા માટે પણ જોવાલાયક હોય છે. કારણ કે તેમાં દર્શાવેલી સ્ટોરી એક સારી શીખ આપી જાય છે.

**આઈ એમ કલામ :** આ ફિલ્મ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અને શોર્ટ ફિલ્મ છે. આ ફિલ્મમાં એક રાજસ્થાની બાર વર્ષના છોકરાની વાત છે. જે દેખાવમાં કલામ જેવો લાગે છે. કઈ રીતે એ પોતાનાં સપનાં સાકાર કરવા હિંમત અને સાહસ દર્શાવે છે તે સાચે જ જોવાલાયક છે. તેને ભણવાનો ખૂબ શોખ છે, પરંતુ આર્થિક સ્થિતિના કારણે ચાની લારી પર કામ કરવા મજબૂર બને છે. તે પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ દ્વારા પ્રેરણા લઈ એક સારો માણસ બને છે. એક બાળક કલામસાહેબને મળવાનું સ્વપ્ન જોઈને કેવી રીતે આગળ વધે છે તે બાબત પ્રેરણાદાયી છે. દરેક બાળક માટે આ ફિલ્મ જોવી ખૂબ જ જરૂરી છે. કારણ કે, આ ફિલ્મમાંથી બાળકો શીખે છે કે, કોઈ પણ કામ કરવા માટે દૃઢ સંકલ્પ હોવો જરૂરી છે. આ ફિલ્મ બાળકોમાં સ્વપ્નનું વાવેતર કરવા માટે ખૂબ પ્રેરણાદાયી ફિલ્મ છે.

**તારે જમીન પર :** આ ફિલ્મ વિશે લખવા જઈએ તો ખરેખર શબ્દો ઓછા પડી શકે તેમાં શંકાને સ્થાન નથી. લગભગ મોટાભાગના લોકોએ આ ફિલ્મ જોઈ જ હશે. એક આઠ વર્ષનો બાળક જે આર્ટમાં ખૂબ સારો છે, પરંતુ તેનો શૈક્ષણિક સ્કોર ખૂબ નીચો છે. બાળકના મનમાં રહેલી અનેક મૂંઝવણોને તેના શિક્ષક દૂર કરે છે. આ ફિલ્મથી બાળકોનું મનોબળ મજબૂત બને છે. આ ફિલ્મને ઘણા એંગલથી જોવી ખૂબ જ જરૂરી છે. પ્રથમ તે શીખવે છે, કે માતા-પિતાએ તેમનાં બાળકો સાથે કેવું વર્તન કરવું જોઈએ. બીજું કે નબળાં બાળકોને ઠપકો ન આપવો જોઈએ પરંતુ પ્રેમથી વ્યવહાર કરવો જોઈએ. આ ફિલ્મ માત્ર બાળકો માટે જ નહીં પરંતુ માતા-પિતા માટે પણ જોવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

**બમ બમ બોલે :** એક ગરીબ પરિવારની કહાની દર્શાવતી આ ફિલ્મ છે. ફિલ્મની વાર્તા બે ભાઈ-બહેન પર આધારિત છે. જેના બાળકોને શાળાએ પહેરવા માટે શૂઝ નથી. એક જ જોડી શૂઝમાં બંને બાળકો કઈ રીતે કામ ચલાવે છે અને દરેક સમસ્યાનો સામનો કરે છે તે બાબત સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. ગરીબ માતા-પિતાના બાળકો કેવી રીતે સ્માર્ટ છે અને પરિવારના દુઃખમાં સારી રીતે નિભાવે છે, તે બાબત બાળકોને શીખ આપી જાય છે.

**સ્ટેનલી કા ડબ્બા :** એક અનાથ બાળક સ્ટેનલીની કહાની દર્શાવતી આ ફિલ્મ છે. સ્ટેનલી વર્ગમાં ખૂબ હોશિયાર અને મહેનતુ છે અને આખા વર્ગના બાળકોની પસંદ પણ છે. સ્ટેનલી કોઈ પણ કારણોસર પોતાનું ટિફિન લાવવામાં અસમર્થ છે. બીજી તરફ હિન્દી શિક્ષક વર્માજી

બાળકોના ભોજનનો ઈરાદો રાખે છે. બાળકો સ્ટેનલીને તેના ટિફિનથી ખવડાવવા માંગે છે, પરંતુ વર્મા સર નહીં. આખી ફિલ્મનો સાર એ છે કે શિક્ષકે બાળકને બીજાના ટિફિનમાંથી ખાવા બદલ ઠપકો આપ્યો હતો અને હવે તે જાતે જ કરી રહ્યો છે. બાળકો વડીલોના શબ્દો અને ક્રિયાઓ વચ્ચેનો તફાવત ખૂબ સ્પષ્ટ રીતે જુએ છે અને અનુભવે છે.

**ચિલ્લર પાર્ટી** : આ ફિલ્મ બાળકોની ગેંગની વાર્તા છે જે ખૂબ નિર્દોષ છે. લાપરવાહ બાળકોનું એક ગ્રૂપ જે રાજનીતિમાં હાથ અજમાવે છે. તેમને કોઈ ચિંતા નથી અને સુખી જીવન જીવે છે. તે બધા ચંદનનગર કૉલોનીમાં રહે છે. ટૂંક સમયમાં તેની ગેંગમાં ફટકા અને ભીડુ સાથે જોડાય છે અને તેમની મિત્રતા વધુ મજબૂત બને છે. બાળકોની ટીમમાં સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે કોઈ નેતાને કારણે ભીડનું જીવન જોખમમાં આવે છે. તેઓ ગભરાતાં નથી અને સાથે લડવાનું નક્કી કરતાં નથી. આ ફિલ્મ એ સાબિત કરે છે કે નાનાં બાળકો ઇચ્છે તો કોઈને પણ ધૂળ ચાટતા કરી દે છે.

**નિલ બટ્ટે સન્નાટા** : આ ફિલ્મ ખૂબ જ હૃદયસ્પર્શી ફિલ્મ છે. ફિલ્મની સ્ટોરી એક ગરીબ મા-દીકરીની વાર્તા પર આધારિત છે. માતા ઘરે-ઘરે કામ કરે છે, જેથી તે પોતાની દીકરીને ભણાવીને મોટી વ્યક્તિ બનાવી શકે. આ ફિલ્મમાંથી મોટો બોધપાઠ એ મળે છે, કે સપનાંને ક્યારેય દબાવવાં ન જોઈએ. કારણ કે સપનાનું મૃત્યુ સૌથી ખતરનાક છે. એક ગરીબ મા તેની દીકરીના શિક્ષણ માટે જે અથાગ પ્રયત્નો કરે છે, તે બાબત આજનાં બાળકોને મોટી શીખ આપી જાય છે.

**ધ બ્લૂ અમ્બ્રેલા** : આ ફિલ્મ રસ્કિન બોન્ડની વાર્તા પરથી બનેલી છે. સત્ય ઘટનાઓ પર બનેલી આ એક એનિમેટેડ ફિલ્મ છે. જેમાં બ્લૂ છત્રી ધરાવતી એક તેજસ્વી છોકરીની વાત છે. ફિલ્મમાં બતાવવામાં આવેલાં દશ્યો બાળકોને એક નવો મેસેજ આપે છે. હેલેના હિલારિયો દ્વારા બનાવવામાં આવેલી આ ફિલ્મ બાળકોની અંદર એક અલગ જ ઇચ્છાશક્તિ જગાડે છે. આ ફિલ્મને જોયા પછી બાળકોમાં દયાની ભાવના વધે છે.

**તહાન** : આ ફિલ્મ એક નાના છોકરા અને તેના પાલતું ગધેડાના જીવન પર આધારિત છે. આઠ વર્ષીય તહાન કાશ્મીરમાં તેના દાદા, માતા અને બહેન સાથે રહે છે. તે બધાં આ આશા સાથે જીવી રહ્યાં છે કે એક દિવસ તહાનના પિતા પાછા આવશે. તેમના દાદાના અવસાન પછી, જમીનદારો તેમના પરિવારની સંપત્તિ લઈ લે છે. આ સાથે તહાનના ગધેડા બીરબલને પણ લઈ જાય છે. કેમ કે, તહાનના પરિવારે તેની પાસેથી લોન લીધી હતી. બીરબલ વિના તહાનનું જીવન જીવવું મુશ્કેલ થઈ જાય છે. તેનો એકમાત્ર ઉદ્દેશ બીરબલને પાછો લાવવાનો છે.

**ઈકબાલ** : આ ફિલ્મ એક મૂંગો અને બહેરા છોકરાની વાર્તા છે, જે ભારતીય ક્રિકેટ ટીમ માટે ક્રિકેટ રમવાનું સપનું છે. તેની પાસે કોઈ સુવિધા નથી. તેના પિતા પણ તેની ક્રિકેટનો ખૂબ વિરોધ કરે છે, પરંતુ તે હાર માની શકતો નથી અને સ્વપ્ન સુધી જીવતો નથી. ક્રિકેટની રમતનો શોખ અને મહેનત વિશે ખૂબ મજાની સ્ટોરી બનાવવામાં આવી છે, જે બાળકો માટે પ્રેરણાદાયી છે.

**ફરારી કી સવારી** : આ ફિલ્મ રમતના દૃષ્ટિકોણથી બનાવવામાં આવી છે. રશિયન પુત્ર કાયોનું એક દિવસ મોટો ક્રિકેટર બનવાનું સપનું છે. આર.ટી.ઓ.માં કારકુન હોવા છતાં રશિયનો પાસે હંમેશાં પૈસાની કમી રહેતી હોય છે. કારણ કે, તે પ્રામાણિક રહે છે. પૈસાની વચ્ચે સંઘર્ષ કરતાં તે કહે છે કે આપણા જેવા લોકોએ સપનું જોવું જોઈએ નહીં. પુત્રના સ્વપ્નને પૂરાં કરવાના સંઘર્ષમાં તે ન ઇચ્છતા હોવા છતાં ખોટા કામ કરે છે, જેના કારણે ઘણી સમસ્યાઓ ઘેરાયેલી છે. પ્રામાણિકતાના પાઠ શીખવતી બાળકો માટે પ્રેરણાદાયી ફિલ્મ છે.

**મિ. ઈન્ડિયા** : તમામ બાળકોને મનોરંજન સાથે જ્ઞાન આપતી બાળપ્રેમી ફિલ્મ એટલે મિ.ઇન્ડિયા. ભારતની પ્રથમ સુપરહીરો ફિલ્મ જેણે મિસ્ટર ઈન્ડિયા અને સુપર વિલન મોગેમ્બોને ભારતીય સિનેમાજગત અને ફિલ્મ ચાહકો સમક્ષ રજૂ કર્યા છે. આજે પણ આ ફિલ્મ બાળકોમાં ખૂબ જ પ્રિય છે.

**માય ફ્રેન્ડ ગણેશા :** આ ફિલ્મમાં એક આઠ વર્ષનો છોકરો છે. જેના માતા-પિતા પાસે તેના માટે સમય નથી. તે ભગવાન ગણેશ સાથે મિત્ર બની જાય છે. આ ફિલ્મ બાળકોમાં ભગવાન પર ભરોસો, વિશ્વાસ અને શ્રદ્ધા વધારે છે.

**ક્રિશ :** આ ફિલ્મ દ્વારા ભારતીય મનોરંજન જગતે બાળકોને નવો સુપર હીરો આપ્યો છે. સુપર પાવર અને સુપર હીરોની આ કાલ્પનિક વાર્તા બાળકોમાં આશાનું કિરણ જગાવે છે.

**મેકડી :** જુડવા બહેનો ચુન્ની અને મુન્ની ગામમાં એક ડાયનની જાળમાં ફસાઈ જાય છે અને બંનેને પોતાનો જીવ બચાવવા અમુક કઠિન ટાસ્ક કરવા આપે છે. જે રીતે બંને બહેનો તે ટાસ્ક કરે છે, તેનાથી મૂવી ખૂબ થ્રીલર બને છે.

**અંજલિ :** આ ફિલ્મ એક એવી છોકરીની વાર્તા છે જે મેન્ટલી રિટાર્ડેડ છે. તેને અપનાવવામાં બાળકો તો મોડું નથી કરતા પણ વડીલો જે રીતે તેની સાથે વર્તે છે એ જોઈને પળવાર માટે તો વિચાર આવી જાય કે આવું તે કેવું વલણ સમાજનું ? મેન્ટલી રિટાર્ડેડ બાળકો પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઈએ એ બાબતની સ્પષ્ટતા કરતી આ ફિલ્મ છે.

**ગીપ્પી :** ચૌદ વર્ષની એક છોકરી કઈ રીતે ટીનેજમાં આવતાં અમુક પ્રોબ્લેમ સામે લડે છે અને ફિઝિકલ, ઈમોશનલ તેમજ સોશિયલ પડકારોનો સામનો તે કેવી રીતે કરે છે, તેની સુંદર રજૂઆત આ ફિલ્મમાં કરવામાં આવી છે. બાળકોને આ ઉંમરે પ્રોત્સાહિત રાખવા આ ફિલ્મ ચોક્કસ જોવી જોઈએ.

**ઝોક્કોમેન :** એક અનાથ બાળક છે, પોતાની જાતે પોતાનું ધ્યાન રાખવાનું નક્કી કરે છે અને તેની અંદર અમુક સુપર પાવર આવી જતાં તે કઈ રીતે ઝોક્કોમેન બને છે, તે આ ફિલ્મની કહાની દર્શાવે છે.

**હાલો :** આ ફિલ્મ સાત વર્ષની શાશાની સફરને દર્શાવે છે. જેમાં તેનો કૂતરો હાલો ખોવાઈ જતાં તેને કઈ રીતે અનેક મુસીબતો બાદ શોધે છે અને જ્યારે તેનો કૂતરો મળે છે તે તેને મુક્ત કરી દે છે. આ ફિલ્મ પ્રાણીપ્રેમની પ્રેરણાદાયી કહાની છે.

**ભાગો ભૂત :** આ ફિલ્મ એક બાહોશ બાળકની અને સમાજ જેને સમજી નથી શક્યો એવા પ્રામાણિક પ્રોફેસરની છે. બાળકો માટેની આ ફિલ્મ પરિવાર સાથે જોવાલાયક ફિલ્મ છે.

**કભી પાસ કભી ફેઈલ :** બાળકો અને શિક્ષકો માટે પ્રેરણાદાયી ફિલ્મ છે. ગણિત એક જ વિષયમાં બાહોશ બાળક બાકીના વિષયમાં ફેઈલ થાય છે. ફેઈલ થતું આ બાળક તમામ બાળકો માટે પ્રેરણારૂપ બની રહે એવું પરિવાર સાથે જોવાલાયક આ ફિલ્મ છે.

**હોપ :** હોલીવૂડની આ ફિલ્મ બાળકો માટે શ્રેષ્ઠ ફિલ્મ છે. આ ફિલ્મમાં આઠ વર્ષની સોવૉન તેના પર થયેલા જાતીય હુમલાથી બચવાનો પ્રયાસ કરે છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ કેમ ન હોય પણ હાર ન માનવી જોઈએ એ બાબત આ ફિલ્મ દ્વારા બાળકો શીખી શકે છે.

**નેપો :** આ ફિલ્મ એક નાનકડા બાળકની કહાની છે. જે તેના દાદાને સાજા કરવા માટે તેના કેટલાક જૂના સંબંધોને તાજા કરે છે. તે સંબંધો દ્વારા તેના દાદાને એક નવું જીવન આપે છે. આ ફિલ્મ જોઈને બાળકોને સંબંધોને સમજવાની શક્તિ મળે છે.

**પિપર :** આ ફિલ્મ એનિમેટેડ શોર્ટ ફિલ્મ છે. બાળકોને ડરથી જીતવાની હિંમત આપે છે. આ ફિલ્મ બાળકોમાં કોઈ પણ વસ્તુ સામે લડી લેવાની અને તેના ડરને દૂર કરીને જીવન જીવવાની હિંમત આપે છે.

**ધ રોંગ રોક :** બાળકોને સમાનતા બાબતે સમજ મેળવવા ઉપયોગી પુરવાર થાય તેવી આ ફિલ્મ છે. આ ફિલ્મ બતાવે છે કે શું સમાજમાં ખરેખર ભેદભાવ કરીને અને અન્યને નીચું જોઈને સુધારી શકાય છે ? આ જોઈને બાળકો દરેકને સમાન રીતે જોવાનું અને સારું વર્તન કરવાનું શીખશે.

**બેક બેંચર :** આ ફિલ્મ ગુજરાતી શૈક્ષણિક ફિલ્મ છે. આ ફિલ્મમાં અભ્યાસમાં નબળા બાળકની કહાની દર્શાવવામાં આવી છે. બાળકો માટે ખરેખર પ્રેરણાદાયી ફિલ્મ છે.

# ચાલો, ફિલ્મ બનાવીએ : ફિલ્મનિર્માણ પ્રક્રિયા



- ડૉ. નેહલ બી. ત્રિવેદી
૨૦૧-એ, અભિનવ એપા., GMDC ક્વાર્ટર
વાળો ખાંચો, રિંગરોડ, ભાવનગર.
મો. ૯૯૯૮૬૨૨૪૭૭

ફિલ્મ બનાવવાની પ્રક્રિયા ખૂબ જ રસપ્રદ અને શિક્ષણસભર છે. આજના સમયમાં બાળકો માટે ફિલ્મ માત્ર મનોરંજનનું સાધન નથી પણ, શીખવા માટેનું એક ઉત્તમ માધ્યમ છે. બાળકોમાં છુપાયેલી સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિને બહાર લાવવા ફિલ્મ નિર્માણ એક મહત્ત્વનું સાધન બની શકે છે. પણ ફિલ્મ કેવી રીતે બને છે, તેના પાછળ કેટલી મહેનત અને કામગીરી હોય છે, તે બાળકો માટે સમજવું જરૂરી છે. આ લેખમાં ફિલ્મ બનાવવાના વિવિધ પગલાં ખૂબ સરળ ભાષામાં સમજાવવામાં આવ્યા છે. જેનાથી બાળકોને પણ ફિલ્મ નિર્માણ વિશે સારી સમજ અને પ્રેરણા મળી શકે. તો ચાલો, આપણે સમજીએ કે એક ફિલ્મ કઈ રીતે બને છે!

કોઈ પણ ફિલ્મ બનાવતાં પહેલા સૌથી મહત્ત્વપૂર્ણ છે કલ્પના. આપણે પહેલાં વિચારવું પડે કે કેવી ફિલ્મ બનાવવી છે. શું ફિલ્મ હસાવનાર હશે, પ્રેમભરી હશે કે પછી સાહસથી ભરેલી હશે. જેમ આપણે વાર્તા કહીએ છીએ એમ ફિલ્મ પણ એક સુંદર વાર્તા કહે છે.

ત્યારબાદ બીજો તબક્કો એટલે સ્ક્રિપ્ટ લખવાનું કામ જેને 'પટકથા' પણ કહેવાય છે. સ્ક્રિપ્ટ એ આખી ફિલ્મનું લખાણ હોય છે. જેમાં કોણ શું બોલશે, ક્યાં શું થશે, કઈ જગ્યાએ કયું દૃશ્ય હશે? તે બધું નક્કી થાય છે. વાર્તા સાથે વાર્તામાં કેવાં કેવાં પાત્રો હશે, તેમને શું બોલવાનું, કેવી રીતે ચાલવું, એ બધું લખાય છે. આજના સમયમાં આ માટે AI ટૅક્નોલૉજીનો ભરપૂર ઉપયોગ થાય છે.

હવે આવે છે બજેટ અને યોજના (પ્લાનિંગ). ફિલ્મ બનાવવામાં કેટલો ખર્ચ થશે. દરેક દૃશ્ય માટે શું શું જોઈએ એનું લિસ્ટ બને છે. કૅમેરા, લાઇટ, સાઉન્ડ, એક્ટરો, કપડાં, મેકઅપ, મુસાફરી બધું કેટલુ ખર્ચાય તે નક્કી થાય છે.

પછી આવે છે કલાકારો (એક્ટરો) અને ટીમ પસંદ કરવાનો તબક્કો. વાર્તામાં જે પાત્રો છે એ કોણ ભજવશે તે નક્કી થાય છે. જેમકે રાજકુમાર, રાજકુમારી, રાક્ષસ, રંગલો, જોકર વગેરે. સાથોસાથ કૅમેરા દ્વારા દૃશ્ય ફિલ્માવનાર, અવાજ રૅકોર્ડ કરનાર, લાઇટ લાવનાર, મેકઅપ કરનાર, કપડાં તૈયાર કરનાર એવા લોકોની પણ ટીમ બને છે.

વાર્તા પ્રમાણે જો કિલ્લો જોઈતો હોય, તો કિલ્લો શોધવો, જંગલ જોઈએ તો જંગલ. ક્યારેક સ્ટુડિયોમાં (ઘર જેવી જગ્યાઓ) પણ બનાવાય છે. આ માટે સ્થળ પસંદ (લોકેશન) કરવા પડે છે. ક્યારેક જરૂરિયાત હોય તો વિદેશમાં પણ સ્થળ પસંદ કરાય છે. વળી, આ સ્થળે ભીડ ને કાબૂમાં કરવી, સ્થાનિક પ્રસાશન પાસે મંજૂરી લેવી વગેરે બાબતો પણ મહત્ત્વની છે.

હવે તબક્કો આવે છે શૂટિંગનો. શૂટિંગ એ ફિલ્મનું સૌથી મોટું, અગત્યનું અને મજાનું કામ છે. કૅમેરા, લાઇટ અને કલાકારો બધાં તૈયાર થઈ જાય પછી દૃશ્યો ફિલ્માવાય છે. દિગ્દર્શક કહે છે 'કૅમેરા રેડી? એક્શન!' અને પછી દૃશ્ય ફિલ્માવાય છે. કલાકારો વાત કરે, હસે, રડે, દોડે, બધું કૅમેરા રૅકોર્ડ કરે છે. કેટલાંક દૃશ્યો વારંવાર કરવા પડે છે જ્યાં સુધી બધું નક્કી કરેલ કે લખેલ સ્ક્રિપ્ટ મુજબના થાય.

જ્યારે આખી વાર્તા રૅકોર્ડ થઈ જાય એટલે કે શૂટિંગ પૂરું થાય, ત્યાર પછીનો તબક્કો એટલે સંપાદન (એડિટિંગ). સંપાદન કૅમેરામાં લીધેલાં દૃશ્યોમાંથી શ્રેષ્ઠ દૃશ્યો પસંદ કરી જોડવાનું કામ છે. જે ભાગો બકવાસ હોય, યોગ્ય ના લગતા હોય, વાર્તા સાથે બંધ ન બેસતા હોય તે કાઢી નાખી, બધાં દૃશ્યોને એકમેક સાથે ગોઠવીને એક

સુંદર ફિલ્મ બનાવાય છે. સાથે આપણે જે સાંભળીએ છીએ એવા અવાજો જેને બેકગ્રાઉન્ડ સંગીત કહેવાય છે. એવું સંગીત, અવાજ, હસવાનો અવાજ, વરસાદ, પંખી ઊડવાના અવાજ જરૂર લાગે ત્યાં ઉમેરી શકાય છે.

બધું તૈયાર થઈ જાય પછી ફિલ્મ રિલીઝ કરવા માટે પ્રચાર (પ્રમોશન) થાય છે. ફિલ્મ થિયેટરમાં રજૂ કરવામાં આવે છે. જ્યાં લોકો જોવા જાય છે. ટીવી પર જાહેરાત થાય છે, ફિલ્મના ટીઝર અને ટ્રેઇલર દેખાડવામાં આવે છે જેમકે યૂ-ટ્યૂબ ઉપર. ફિલ્મનું નામ, આકર્ષક ગીતો, દૃશ્યો બધું લોકો સુધી પહોંચાડવું એ પણ એક મહત્ત્વનું કામ છે જે આ તબક્કે કરવામાં આવે છે.

આ બધું સાંભળી તમે વિચારતા હશો કે ફિલ્મ બનાવવાની પ્રક્રિયા કેવી મજાની છે! પણ હા, ફિલ્મ બનાવવામાં બધાંએ સાથે મળીને કામ કરવું પડે છે. બધા મિત્રોની જેમ એક ટીમની જેમ. દિગ્દર્શક (જેમના કહેવા પ્રમાણે બધું થાય છે), લેખક, કૅમેરામેન, કલાકાર, અવાજ, મેકઅપ, કપડાંવાળા બધાં સાથે મળીને ખૂબ મહેનત કરે છે.

આ રીતે એક સંપૂર્ણ ફિલ્મ બને છે. શું મજા પડે છે, ને? મોબાઇલમાં વીડિયો એપ્લિકેશનની મદદથી તમે પણ તમારા મિત્રો સાથે મળી આવી જ મજાની ફિલ્મ બનાવી શકો. આ ફિલ્મ બનાવતાં તમે શીખશો કે ટીમ વર્ક શું છે, દોસ્તી શું છે, અને બધાં મળીને કઈ રીતે મહેનત કરી શકે?

યાદ રાખો કે ફિલ્મ બનાવવા માટે સૌથી જરૂરી છે સપનું, વિચારશક્તિ, મહેનત અને મિત્રો સાથે સહકાર. તમે પણ તમારું સપનું સાકાર કરી શકો છો જો હિંમત રાખશો તો! તૈયાર છો ને ફિલ્મ બનાવવા? 'રોલ, કેમેરા? એકશન!'

---

# અચૂક જોવા જેવું ફિલ્મ : મૅડલ




- વનિતા રાઠોડ
રાષ્ટ્રપતિ એવૉર્ડ વિજેતા શિક્ષક આચાર્ય,
પીએમશ્રી વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં. ૯૩,
રાજકોટ. મો. ૮૧૫૫૦૫૦૧૦૨


મૅડલ એક એવી ફિલ્મ કે જેમાં એક શિક્ષક કેવો હોવો જોઈએ? એક શિક્ષકના મનમાં શું ધ્યેય હોવા જોઈએ? ખરેખર શિક્ષક પ્રત્યે માન સન્માન અને આદર આપોઆપ સૌનાં કઈ રીતે કમાવી શકાય? એવા શિક્ષક બનવા માટે તમામ શિક્ષકે મૅડલ ફિલ્મ એકવાર જરૂર જોવું જોઈએ. ફિલ્મમાં નાયક તરીકે અજીતસાહેબ છે..શિક્ષકો ભલે અજીતસાહેબ જેવા શિક્ષક ન બની શકે પણ આ ફિલ્મમાં રહેલા બે નિષ્ઠાવાન શિક્ષકો ગિરીશસાહેબ અને અજીતસાહેબ જેવા કાર્યવંત શિક્ષકોના કાર્યમાં વિઘ્નરૂપ બનનાર મોહનસાહેબ જેવા તો ન જ બનવું જોઈએ. અંત સુધી ફિલ્મ જોતાં, નિઃશબ્દ જ બની જવાયું. આંસુઓ રોકી ન શકાયાં.

શાળાનાં બાળકોનો અને ભારતના ભવિષ્યનાં નાગરિકોની ચિંતા કરનારા શિક્ષકો ઓછા છે. ફિલ્મનો એક ડાયલોગ કે, ''જેણે આ દુનિયામાં કંઈક નવીન કરવું હોય. તેણે બે વસ્તુઓ સાથે લડવું પડે એક તો લોકોની માનસિકતા સાથે અને એક તો ખુદના મનોબળ સાથે.'' એક ડાયલોગ, ''વાર્યા ન વળે, તે હાર્યા વળે.'' મરીઝની ગઝલનું પુસ્તક, ગામમાં રહેલું બે વર્ષ જૂના મકાનનું રહસ્ય, એક જશોદાની કળા આપણને અંત સુધી જકડી રાખવામાં ફિલ્મ સફળ રહી. વિદ્યાર્થીઓની છૂપી કળાને પારખનારો એ જ સાચો શિક્ષક. વિદ્યાર્થીના મનને સમજનાર જ્ઞાતા એ જ સાચો શિક્ષક. વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવનાર વ્યક્તિ જ છે સાચો શિક્ષક. મરીઝની ગઝલનો એ શેર કે, ''પૃથ્વીની આ વિશાળતા અમથી નથી મરીઝ, એના મિલનની ક્યાંક જગા હોવી જોઈએ.'' મારી મનગમતી ગઝલનો શેર ફિલ્મમાં બે વાર સચોટ જગ્યાએ મુકાયો.

શિક્ષકના જીવન સાથે ઘણું રિલેટ કરતી આ ફિલ્મ કદાચ એટલે ગમી કે હું પણ એક શિક્ષક. અમુક બનાવો


અમુક ઘટનાઓ જાણે મારા જીવનમાં ઘટેલી ઘટના યાદ આવી ગઈ હોય. હા, એક સમય એવો પણ હતો કે એક તરફ ખાનગી શાળાનો સારો પગાર અને બીજી તરફ ગામડાની સરકારી શાળાના વિદ્યાસહાયક તરીકેનો ઓર્ડર. પણ ખાનગી શાળાના તગડા પગારને ત્યજીને મેં એ વિચાર્યું હતું કે શહેરમાં તો મારા જેવા ઘણા શિક્ષકો ખાનગી શાળાના વિદ્યાર્થીઓને ભણાવી દેશે. પણ એક પછાત ગામની એક નાનકડી શાળાને કદાચ મારા જેવો શિક્ષક નહીં મળે. શિક્ષક માટે પોતાના અંગત જીવન કરતાં વિદ્યાર્થીઓનું જીવન વધુ અગત્યનું હોય છે. એ જ સાચો શિક્ષક... ફિલ્મની શરૂઆતમાં એક ખાનગી શાળામાં લખાયેલું એક સૂત્ર કે, "Education is not a Business." એ ખાનગી શાળાનો માહોલ અને એ ખાનગી શાળાના સંચાલકને અજીતસાહેબનું એ કહેવું કે આ સૂત્રમાંથી "Not" કાઢી નાખો.

શિક્ષણ માટે ખાનગી શાળાઓ કે જે ધંધાદારી દુકાન બની છે. મેનર્સ જ્યાં વિદ્યાર્થીઓ શિક્ષકને શીખવતાં થયા છે. એવી શિક્ષણની હાટડીમાં શિક્ષણ વેચતી સંસ્થાઓની શહેરોમાં કમી નથી. અને કમનસીબે સરકારી શાળામાં અજીતસાહેબ અને ગિરીશસાહેબ જેવા શિક્ષકોની ખૂબ કમી છે. મૅડમ ગીતારાની કે મૅડલ જેવા ફિલ્મો બતાવી જાય કે એમા રહેલા ગીતારાની અને અજીતસાહેબ જેવી જ શિક્ષકની માનસિકતા અને ડિવોશનથી જો બધા જ શિક્ષકો કાર્યકર્તા થઈ જાય તો આ દેશ અને દુનિયાની દશા અને દિશા જ બદલાઈ જાય. નાત જાતના વાડાઓ, ફરજોમાં વેઠપણું, શિક્ષણકાર્યને નોકરીની કલાકો અને પગારમાં મૂલવવું અને બીજા કાર્ય કરતા હોય તેના ટાંગા ખેંચવા અને તેને હરાવવા અને બેસાડવા મથામણ કરતા લોકોને આ વસ્તુ નહીં સમજાય. હા, જે શિક્ષક ખુદની નૈતિક ફરજ સમજીને પોતાના આદર્શો, સિદ્ધાંતો સાથે મક્કમ મન નીકળી પડેલા યોદ્ધાઓ જેવા શિક્ષકો માટે કોઈ જ જંગ મુશ્કેલ નથી. એ કહેવત છે, "સત્ય પરેશાન થઈ શકે છે, પરંતુ પરાજિત નહીં." ફિલ્મનાનાં અંતમાં જશોદાનું ખેલ કલા મહાકુંભમાં અભિમન્યુનું ચિત્ર દોરી બતાવવું એ ઘણું બધું કહી જાય છે, ઘણું બધું શીખવી જાય છે. ફિલ્મમાં ગીત, તેની પ્રાર્થના, ટપાલીનું પાત્ર, પટાવાળા રમણભાઈ અને આચાર્યનું પાત્ર, યશોદાનાં દાદીનું પાત્ર સૌએ અદ્ભુત રીતે ભજવ્યાં. તેમાં ખાસ કરીને સરપંચશ્રીની એક્ટિંગ ગજબ રહી. તમામ બાળકોની બાળ કલાકારીએ દિલ જીતી લીધું. પણ ડાયલોગ અને સિનેમેટોગ્રાફી પણ સુંદર હતી. સંગીત પ્રશંસનીય અને ખાસ તો ઇંગ્લેન્ડની બ્રેન્સી અને ભારતની જશોદા કદી ભુલાય નહીં તેવી બાબતો પડદા પર કંડારવામાં આવી. દિગ્દર્શન પણ અભિનંદનને પાત્ર. બાળકોના બાળમાનસપટ પર સારા વિચારોનું રોપણ કરવામાં એક શિક્ષકનો અમૂલ્ય ફાળો હોય છે. અને બાળકના વર્તનમાં પરિવર્તન લાવવામાં એક શિક્ષકનો સિંહ ફાળો હોય છે. જે ક્યારેય નકારી શકાય નહીં. શિક્ષક ક્યારેય સાધારણ હોતો નથી અને સાધારણ હોય તે ક્યારેય શિક્ષક હોતો નથી એ વાત અહીં ચરિતાર્થ થાય છે. સર્વ શિક્ષકોને વંદન સાથે..

થોડામાં ઘણું..

---

- અમેરિકન ઍકેડેમી ઓફ ચાઇલ્ડ એન્ડ એડોલેસન્ટ સાઇકિયાટ્રિ AACAP ના સંશોધન અહેવાલ મુજબ જે બાળકો "આદર્શ રોલ મૉડલ" દર્શાવતી ફિલ્મો જુએ છે એવા બાળકોમાં હંમેશાં સકારાત્મક વલણ જોવા મળ્યું છે.



# બાળકો સાથે જોવાલાયક ગુજરાતી ફિલ્મો



- ડૉ. દીપ્તિ એન. ત્રિવેદી
અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર
શ્રીમતી બી.સી.જે.કૉલેજ ઓફ એજ્યુકેશન
એમ.એડ્., ખંભાત. મો. ૯૮૯૮૪૯૧૩૪૭

બાળકો અને કુટુંબ સાથે જોવાલાયક કેટલીક ફિલ્મોની ચર્ચા અહીં કરવામાં આવી છે. છેલ્લા દાયકામાં ગુજરાતી ફિલ્મોએ રાષ્ટ્રીય સ્તરે જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. ત્યારે આ વૅકેશનમાં બાળકો સાથે કેટલીક જોવાલાયક ગુજરાતી ફિલ્મોની ચર્ચા આ લેખમાં કરવામાં આવી છે.

**1. મસ્તીખોર (2016)** : મસ્તીખોર એ ભરત વ્યાસ દિગ્દર્શિત બાળકો માટે બનેલી બાળ મનોવિજ્ઞાન આધારિત ફિલ્મ છે જે માતા-પિતા, વિદ્યાર્થી, શિક્ષક અને સમાજને બાળકની સાયકોલોજી (માનસ)ને સમજવાનો પ્રેરણાદાયી સંદેશ આપે છે. તે દર્શાવે છે કે 60-70% બાળકો તોફાની અને મસ્તીખોર હોય છે. આ ફિલ્મ બાળકોની સાયકોલોજીને સમજવા પર ભાર મૂકે છે. આ ફિલ્મ સંદેશ આપે છે કે બાળકો મસ્તીખોર હોય છે અને તેના કારણં તે જુદી-જુદી તોફાનમસ્તી ને ટીખળ કરતાં હોય છે, પરંતુ આ માટે શિક્ષકે તેને શિક્ષા કરવાની જગ્યાએ તેને સમજવાની જરૂર છે અને તેની શક્તિ મુજબ તેને વાળવાની જરૂર છે. આ ફિલ્મ સંદશ આપે છે કે જો યોગ્ય દિશામાં બાળકને વ્યવસ્થિત રીતે સમજવામાં આવે તો તોફાની બાળક પણ સફળતા પ્રાપ્ત કરી શકે છે. શિક્ષકો, માતા-પિતા અને બાળકોએ સાથે બેસી આ ફિલ્મ અવશ્ય એક વાર તો જોવી જ જોઇએ.

**2.'ઢ' ફિલ્મ (2017)** : સખત મહેનત અને મહાવરાથી મોટી કોઇ જાદુઈ શક્તિ નથી. આ સંદેશને ફિલ્માંકન દ્વારા સમજાવતી ખૂબ જ સુંદર ફિલ્મ એટલે મનીષ સૈની દ્વારા લિખિત, નિર્મિત અને દિગ્દર્શિત ગુજરાતી ભાષામાં શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો રાષ્ટ્રીય પુરષ્કાર મેળવનાર ફિલ્મ 'ઢ'. આ ફિલ્મ ત્રણ શાળાનાં બાળકોની વાર્તા છે, જે ભણવામાં નબળાં છે અને કોઈ પણ રીતે આગળના ધોરણમાં જવા માટે તેમને પાસ થવું જરૂરી છે. તેથી તેઓ એક જાદુ શૉ જોયા પછી એમ માને છે કે એક જાદુગર જે તેમના શહેરમાં આવ્યો હતો તે જાદુઈ રીતે તેમને મુશ્કેલીઓમાંથી બહાર કાઢી શકે છે અને માટે તે જાદુગરને પત્ર લખે છે અને જાદુગર તેના પ્રત્યુત્તરમાં એક ઢીંગલી આપે છે અને કહે છે કે આ ઢીંગલી સામે તમે જે બોલશો તે તમને સમય આવે મદદરૂપ થશે અને બાળકો તેની સામે એટલે કે ઢીંગલીની સામે બોલીને ભણવા લાગે છે અને સારી રીતે ઉત્તીર્ણ થાય છે.

આમ આ ફિલ્મ દરેક ઉંમરનાં લોકો માટે પ્રેરક છે. આ ફિલ્મ બાળકો દ્વારા સખત અભ્યાસ કરીને સારા માર્ક્સ મેળવવા માટેની નથી પરંતુ વ્યક્તિની અંદર છુપાયેલા જાદુગરને શોધવા વિશે છે. આપણી આસપાસના જાદુગરો આપણાં માતા-પિતા, શિક્ષકોને ઓળખવા માટેની છે. આમ દરેક બાળકો અને તેમનાં માતા-પિતાએ આ ફિલ્મ એક વાર અવશ્ય જોવી જોઈએ.

**3. બેક બેન્ચર (2018)** : કીર્તન પટેલ દિગ્દર્શિત બેક બેન્ચર ફિલ્મ એ આજના વિશ્વમાં બાળકો કટ્ટર સ્પર્ધાનો સામનો કેવી રીતે કરે છે તેની વાર્તા છે. જ્યાં વિદ્યાર્થીના ગુણ અને ગ્રેડ જ એક માત્ર માપદંડ છે અને તેને જ ધ્યાનમાં લઈને મૂલ્યાંકન કરવામાં આવે છે. ત્યારે બાળકની મનોસ્થિતિ શું થાય છે તેનું ચિત્રણ દર્શાવતી અને સમાજને, માતા-પિતાને અને શિક્ષકોને એક હૃદયસ્પર્શી સંદેશ આપતી તથા આપણી શિક્ષણ પદ્ધતિની સમસ્યાઓને દર્શાવતી આ ફિલ્મ એક વાર માતા-પિતા, બાળકો અને શિક્ષકોએ અવશ્ય જોવી જોઇએ.

**4. ચાલ જીવી લઈએ(2019)** : ચાલ જીવી લઈએ! એ વિપુલ મહેતા દ્વારા નિર્દેશિત અને દિગ્દર્શિત 2019ની ગુજરાતી-ભાષી કોમેડી-ડ્રામા રોડ ફિલ્મ છે. રશ્મિન

મજીઠિયા નિર્મિત આ ફિલ્મમાં સિદ્ધાર્થ રાંદેરિયા, યશ સોની અને આરોહી પટેલે અભિનય આપ્યો છે. આ ફિલ્મ તેના કર્ણપ્રિય સંગીતને કારણે પણ ખૂબ પ્રસિદ્ધિ પામેલ છે આ ઉપરાંત ફિલ્મનું કથાવસ્તુ પણ પિતા-પુત્રના સંબંધના સંઘર્ષ, દરકાર, સમજણને ખૂબ જ સુંદર રીતે દર્શાવે છે.

આ ફિલ્મ અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ગુજરાતી ફિલ્મ છે. સફળ અને સાહસિક ઉદ્યોગપતિ બનવાની મહત્ત્વકાંક્ષામાં, આદિત્ય પરીખ (યશ સોની) પોતાના જીવન સહિત તેના પિતા બિપિનચંદ્ર પરીખને (સિદ્ધાર્થ રાંદેરિયા)અવગણતો પુત્ર, તેના પિતાને પોન્ટાઇન ગ્લિઓમા (મગજમાં એક પ્રકારની વધતી રહેતી ઘાતક ગાંઠ)હોવાનું નિદાન થતાં પોતાના પિતાની અંતિમ ઇચ્છા પૂરી કરવા માટે તેમને ઉત્તરાખંડ લઈ જવા સંમત થાય છે, જયાં તે આકસ્મિક રીતે કેતકી મહેતા(આરોહી પટેલ) નામની એક પ્રવાસી (બેકપેકર)ને મળે છે. આ પ્રવાસ તેમને આશ્ચર્યકારક સુખ અને નિકટતાનો દર્શન કરાવતી અનુભૂતિ બની રહે છે. આમ પિતા-પુત્ર વચ્ચેના સંબંધોની આંટીઘૂંટીને ખૂબ જ સુંદર રીતે આલેખતી આ ફિલ્મ ખાસ કરીને યુવાન બાળકો અને માતા-પિતાએ સાથે બેસીને જોવી જોઈએ.

**5. ગાંધી એન્ડ કંપની (2021)** : આંતરરાષ્ટ્રીય ગુજરાતી ફિલ્મ મહોત્સવમાં શ્રેષ્ઠ બાળફિલ્મનો ઍવૉર્ડ જીતનાર મનીષ સૈની દ્વારા લિખિત અને દિગ્દર્શિત ફિલ્મ ગાંધી એન્ડ કમ્પની આજના સમયમાં ગાંધી મૂલ્યોને ઉજાગર કરતી એક સુંદર જોવાલાયક ફિલ્મ છે. આ એક હળવી ગુજરાતી કોમેડી ફિલ્મ છે. ગાંધીવાદી મૂલ્યોની પૃષ્ઠભૂમિ સાથે મનોરંજક રીતે પ્રામાણિકતા અને સંવાદિતતાની વાર્તા કહે છે તથા ગાંધી વિચારધારા કે જેણે રાષ્ટ્રને અને વ્યક્તિને પોતાનું શ્રેષ્ઠ સંસ્કરણ બનાવવામાં મદદ કરી હતી તે વિચારધારાને જીવંત કરવાની ફિલ્મ છે. આ ફિલ્મ બાળકોને માતા-પિતાએ એક વાર અવશ્ય બતાવવી જોઈએ.

**6. કહેવતલાલ પરિવાર (2022)** : આજે શુદ્ધ ગુજરાતી બોલવું પણ યુવાનોમાં મુશ્કેલ બની ગયું છે ત્યારે ગુજરાતી ભાષાની વિસરાઈ ગયેલી એનેક કહેવતોને વાત-વાતમાં સાંકળી લેતી વિપુલ મહેતા દિગ્દર્શિત અને સિદ્ધાર્થ રાંદરિયા અભિનિત કોમેડી ડ્રામા ફિલ્મ કહેવતલાલ પરિવાર એ જોવાલાયક કૌટુંબિક ફિલ્મ છે. આ ફિલ્મમાં મુખ્ય પાત્ર ભજવતા સિદ્ધાર્થ રાંદરિયા (રાજુભાઈ ઠાકર) જે જૂની પરંપરા અને કૌટુંબિક મૂલ્ય સાથે ગાઢ રીતે જોડાયેલા છે તેમની પાસે દરેક ક્ષણ અને પરિસ્થિતિ માટે કહેવત હોય છે. આમ આ ફિલ્મ ગુજરાતી બોલીમાંથી વિસરાઈ ગયેલી વિવિધ કહેવતોને તો રજૂ કરે જ છે, સાથે-સાથે તે એક એવા પરિવારની કુટુંબની વાર્તા પણ રજૂ કરે છે જે અનેક મુશ્કેલીઓ અને મતભેદો હોવા છતાં હંમેશાં સાથે રહે છે. આમ આ ફિલ્મ ભારતીય સંસ્કૃતિની કુટુંબપ્રથાને પણ દર્શાવે છે. આમ આજની પેઢીનાં બાળકો સાથે માતા-પિતાએ આ ફિલ્મ અચૂક જોવી જોઈએ.

**7. શુભ યાત્રા (2023)** : શુભ યાત્રા એ 2023માં આવેલી કોમેડી ડ્રામા ફિલ્મ છે જે મનીષ સૈની દ્વારા લિખિત અને દિગ્દર્શિત છે તથા મલ્હાર ઠાકર મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ 2016ની તમિલ ફિલ્મ આંદવન કટ્ટલાઈની રિમેક છે. આ ફિલ્મ વિદેશ જવા માટે આંધળૂકિયા કરતા યુવાધનને ચેતવણી આપતી ફિલ્મ છે અને વિદેશ વસવાટની ગુજરાતીઓની ઘેલછા રજૂ કરે છે. જે વિદેશમાં યેનકેન પ્રકારે જઈ વસવાટ કરવા કેટલીય બાબતોનો ભોગ લઈ લે છે અને તેને કારણે કેવી પરિસ્થિતિઓ સર્જાય છે તેનો હાસ્ય સાથે સંદેશ આવતી આ ફિલ્મને આજના સમયમાં યુવાન બાળકો સાથે ખાસ જોવી જોઈએ. અને વિદેશ જવા માટે ખોટા રસ્તા ન અપનાવવા તેની સમજ આપવી જોઈએ.

# બાળ ઘડતરની દૃષ્ટિએ ફિલ્મોઃ ગઈકાલ, આજ અને આવતીકાલ



- શમીમ મર્ચન્ટ 'શમા'
મુંબઈ.
મો. ૮૨૦૮૨૩૮૩૬૬

"સિનેમા એક અરીસો છે, જેના દ્વારા આપણે ઘણીવાર પોતાને જોઈ શકીએ."

**- મેક્સિકન ફિલ્મનિર્માતા અલેખાન્દ્રો ગોન્ઝાલેસ**

ફિલ્મો હવે ફક્ત મનોરંજન પૂરતી જ સીમિત નથી રહી. તે વિચારોને આકાર આપે, મૂલ્યો મજબૂત બનાવે અને ખાસ કરીને બાળકોના ભાવનાઓ અને વ્યક્તિત્વ પર અસર કરે છે. આલમઆરા (1931) જેવી પ્રાચીન લોકકથાઓથી માંડીને હનુમાન (2005) જેવી આધુનિક એનિમેટેડ ફિલ્મો સુધી, ભારતીય સિનેમાએ હંમેશાં નાનાં છોકરાંઓના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

વાર્તાકથન ભારતની સંસ્કૃતિમાં ઊંડે સુધી વણાયલું છે. તેથી, જ્યારે બાળકોની વાત આવે ત્યારે ફિલ્મો માત્ર કથાઓ કહેવા પૂરતી મર્યાદિત નથી રહેતી; તે તેમના દૃષ્ટિકોણ, ભાવનાઓ અને બૌદ્ધિક વિકાસને પણ ઘડતી રહે છે. પણ સવાલ એ છે, કે દાયકાઓથી ફિલ્મોએ બાળવિકાસમાં કેવી રીતે યોગદાન આપ્યું છે? અને ભવિષ્ય માટે શું સંભાવનાઓ છે?

**ભૂતકાળઃ નૈતિક અને શૈક્ષણિક માર્ગદર્શક તરીકેની ફિલ્મો :**

ભારતીય સિનેમાના પ્રારંભિક સમયમાં, ફિલ્મો મુખ્યત્વે શિક્ષણ અને નૈતિક મૂલ્યો વહેંચવાના સાધન તરીકે ઉપયોગમાં લેવાતી. 1950 અને 1960ના દાયકામાં એવી ફિલ્મો જોવા મળી જેમાં પ્રામાણિકતા, સખત મહેનત અને દેશભક્તિ જેવા ગુણો સૂક્ષ્મ રીતે સિંચવામાં આવ્યા.

બૂટપૉલિશ (1954) અને જાગૃતિ (1954) માત્ર ફિલ્મો નહોતી; તે સંઘર્ષ, દૃઢનિશ્ચય અને શિક્ષણના મહત્ત્વના સંદેશાઓ હતા. તેમ દો બીઘા જમીન (1953) એ પણ યુવા પ્રેક્ષકોને સામાજિક વાસ્તવિકતાઓમાં પ્રવેશવાની તક આપી, તેમને સહાનુભૂતિ અને સંઘર્ષનું મહત્ત્વ શીખવ્યું.

બાલ-ગણેશ અને હનુમાન જેવી એનિમેટેડ પૌરાણિક કથાઓ પર આધારિત ફિલ્મોએ ભારતની મૌખિક વાર્તા કહેવાની પરંપરા ચાલુ રાખી. આવી ફિલ્મોએ બાળકોને તેમના વારસા, નીતિશાસ્ત્ર અને શ્રદ્ધાની શક્તિનો પરિચય દશ્યાત્મક રીતે આકર્ષક કથાઓ દ્વારા કરાવ્યો. જય સંતોષી મા (1975) અને મહાભારત (1988) જેવી ફિલ્મોએ પણ યુવાનોના મનમાં ધર્મ (ન્યાયીપણું) અને કર્મ (ક્રિયાઓ અને પરિણામો) ના જીવન પાઠ શિખવાડ્યા.

આર.કે. નારાયણની વાર્તાઓ પર આધારિત ટેલિવિઝન શ્રેણી, માલગુડી ડેઝનો પ્રભાવ ભૂલી શકાય એમ નથી. ફિલ્મ ન હોવા છતાં, તેણે સરળ પણ ગહન વાર્તાઓને જીવનમાં લાવીને ઘણા લોકોના બાળપણને આકાર આપ્યો.

**વર્તમાન : ડિજિટલ યુગમાં ફિલ્મોનો પ્રભાવ :**

આજના સમયમાં ઝડપથી આગળ વધવું, અને ફિલ્મો બાળવિકાસમાં એક મુખ્ય બળ બની રહી છે, પરંતુ તેની ભૂમિકા બદલાઈ રહી છે. ભૂતકાળથી વિપરીત, જ્યાં સિનેમા એક દુર્લભ અનુભવ હતો, આજનાં બાળકો નેટફિલક્સ, ઍમેઝોન પ્રાઇમ, ડિઝની+ હોટસ્ટાર અને બીજાં ઘણાં બધા ઓ.ટી.ટી પ્લેટફોર્મ દ્વારા દશ્ય સામગ્રીની સતત ઍક્સેસ ધરાવે છે. ઉપલબ્ધતાની સરળતાએ ફિલ્મોને બાળપણનો અવિભાજ્ય ભાગ બનાવી દીધો છે.

**1. ભાવનાત્મક અને સામાજિક વિકાસ :** સમકાલીન ફિલ્મો ઘણીવાર બાળકોની લાગણીઓ અને માનસિક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તારે ઝમીન પર (2007) જેવી ફિલ્મો ડિસ્લેક્સિયા પર પ્રકાશ પાડે છે, જે શિક્ષણ પરનાં સામાજિક ધોરણોને પડકારે છે. આમિર ખાનનો સંવાદ, "હર બચ્ચા સ્પેશિયલ હોતા હૈ",

માતાપિતા અને શિક્ષકો સાથે પડઘો પાડ્યો, શીખવાની અક્ષમતાઓ પરના દૃષ્ટિકોણને બદલી નાખ્યો.

તેવી જ રીતે, સ્ટેનલી કા ડબ્બા (2011) એ દયા અને સ્થિતિસ્થાપકતાના મહત્ત્વ પર ભાર મૂક્યો, બાળકોને કરુણાશીલ બનવાનું શીખવ્યું.

**2. વિવિધતા અને સામાજિક મુદ્દાઓનો પરિચય** : આજે ફિલ્મો બાળકોને વિવિધ પૃષ્ઠભૂમિનો પરિચય કરાવે છે, સમાવેશકતાને પ્રોત્સાહન આપે છે. ઈકબાલ (2005) એ ક્રિકેટર બનવાની ઈચ્છા રાખતા બહેરા અને મૂંગા છોકરાના સંઘર્ષનું ચિત્રણ કર્યું, આશા અને નિશ્ચય જગાડ્યો.

દરમિયાન, ચિલ્લર પાર્ટી (2011) એ યુવા દર્શકોને અન્યાય સામે ઊભા રહેવા માટે પ્રોત્સાહિત કર્યા, સાબિત કર્યું કે પરિવર્તન લાવવા માટે ઉંમર કોઈ અડચણ નથી.

**3. નકારાત્મક પ્રભાવનો પડકાર** : બધી આધુનિક ફિલ્મો બાળકના વિકાસ પર હકારાત્મક અસર નથી કરતી. વધુ પડતા એક્શન સિક્વન્સ, અવાસ્તવિક અપેક્ષાઓ અને ઉપભોક્તાવાદ ઘણીવાર યુવાનોના મનને ઘેરી લે છે. અવાસ્તવિક આકાંક્ષાઓ વધુ સ્પષ્ટ લાગે છે. આ એક મૂલ્યવાન પ્રશ્ન ઉઠાવે છેઃ શું ફિલ્મો હજી પણ બાળકો માટે નૈતિક દિશા દર્શાવે છે? કે પછી માત્ર ઝડપી મનોરંજનનું સાધન બની ગયું છે?

ચંદ બોલીવુડ ફિલ્મોમાં હિંસાને આકર્ષક દેખાડવામાં આવે છે, જેનાથી સંવેદનશીલ બાળકોમાં આક્રમકતા શોષાય તેવો ભય ઉપસ્થિત થાય છે. જેમ નિર્માતા શ્યામ બેનગલે એકવાર કહ્યું હતું, “સિનેમા એક શક્તિશાળી માધ્યમ છે; જો તેનો દુરુપયોગ થાય, તો વિનાશક પરિણામ લાવી શકે છે.”

**ભવિષ્ય : હવે આગળ શું?** જેમ જેમ ટૅક્નોલૉજી વિકસી રહી છે, ભારતનું બાળ-સિનેમા પરંપરાગત વાર્તાઓ કહેવાની રીતથી આગળ વધી રહ્યું છે.

**ભવિષ્ય શું લાવશે?**

**1. ઍનિમેશન અને પ્રાદેશિક સામગ્રીનો ઉદ્ભવ** : છોટા ભીમ અને મોટુ-પતલુ જેવી સફળતાથી ભારતનો ઍનિમેશન ઉદ્યોગ વિકાસ પામી રહ્યો છે. ભવિષ્યમાં વધુ સ્થાનિક પ્રેરિત વાર્તાઓ જોવા મળશે, જે સાંસ્કૃતિક વારસાને જાળવી રાખીને બાળકોને વ્યસ્ત રાખવાની સાથે, સાંસ્કૃતિક વારસાનું જતન કરશે. પ્રાદેશિક સિનેમા પણ લોકપ્રિયતા મેળવી રહ્યું છે, જે ભારતની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાને પ્રતિબિંબિત કરતી વાર્તાઓ પ્રદાન કરે છે.

**2. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને વર્ચ્યુઅલ રિયાલિટી (VR)** :

ઇન્ટરેક્ટિવ ફિલ્મો ટૂંક સમયમાં સામાન્ય બની શકે છે, જે બાળકોને પોતાની વાર્તા પસંદ કરવાની મંજૂરી આપશે. એવી ફિલ્મની કલ્પના કરો જ્યાં બાળક નક્કી કરશે કે બીરબલ અકબરને પાછળ છોડે કે નહીં! આવી નવીનતાઓ ફિલ્મોને વધુ તલ્લીન અને આકર્ષક બનાવશે અને સાથે સાથે નિર્ણય લેવાની કુશળતાને પણ પ્રોત્સાહન આપશે.

**3. મજબૂત શૈક્ષણિક ફિલ્મો** : માનસિક સ્વાસ્થ્ય, પર્યાવરણીય મુદ્દાઓ અને ડિજિટલ સલામતી પ્રત્યે વધતી જાગૃતિ સાથે, આ થીમ્સ પર વધુ ફિલ્મો ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ઉદાહરણ તરીકે, કડાઈકુટ્ટી સિંઘમ (2018) કૃષિના મહત્ત્વ પર ભાર મૂકે છે, યુવા મનને તેમના મૂળનો આદર કરવા વિનંતી કરે છે. તેવી જ રીતે, આબોહવા પરિવર્તન, ભાવનાત્મક બુદ્ધિ અને નૈતિક ટૅક્નોલૉજીના ઉપયોગને લગતી ફિલ્મોને મહત્ત્વ મળવાની અપેક્ષા છે.

**4. ડિજિટલ ઓવરલોડની પડકાર** : જેમ જેમ ઓટીટી પ્લેટફોર્મ્સ દ્વારા સામગ્રીની ઉપલબ્ધિ વધે છે, બાળકો માટે યોગ્ય ફિલ્મોની પસંદગીમાં માર્ગદર્શન આપવાનું મહત્ત્વ વધતું જાય છે. માતા-પિતાએ મનોરંજન અને શિક્ષણ વચ્ચે સંતુલન જાળવવાનું સુનિશ્ચિત કરવું જોઈએ. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલકલામે કહ્યું હતું, “આપણે હાર ન માનવી જોઈએ, અને સમસ્યાએ આપણને પરાજિત ન કરવા દેવું જોઈએ.” આ જવાબદાર ફિલ્મદર્શન માટે પણ લાગુ પડે છે. સ્ટ્રીમિંગ સેવાઓ વિવિધ સામગ્રી પ્રદાન કરે છે, પરંતુ તેઓ અયોગ્ય

થીમ્સના વધુ પડતા સંપર્કનું જોખમ પણ ઊભું કરે છે.

**5. ફિલ્મમેકર્સ અને માતા-પિતાની જવાબદારી** : જેમ જેમ ભારતીય સિનેમાનો વિકાસ થઈ રહ્યો છે, તેમ તેમ યુવા મનને ઘડવામાં તેની ભૂમિકા વધુ મહત્ત્વપૂર્ણ બનતી જાય છે. દંગલ (2016) અને નીલ બટ્ટે સન્નાટા (2016) જેવી ફિલ્મોએ દઢતાનો સામનો કરીને રૂઢિપ્રયોગને તોડીને યુવા પ્રેક્ષકોને પ્રેરણા આપી છે. ભવિષ્યમાં, નીચેની બાબતોની જરૂરિયાત વધી રહી છે :

- **પદાર્થ ધરાવતી ફિલ્મો** : વધુ ફિલ્મો બાળપણના પડકારો જેમ કે સાથીદારોનું દબાણ, માનસિક સ્વાસ્થ્ય અને આકાંક્ષાઓનો સામનો કરે તે જરૂરી છે.
- **માતાપિતાનું માર્ગદર્શન** : શાળાઓ અને માતા-પિતાએ બાળકોને એવી ફિલ્મો પસંદ કરવામાં સક્રિયપણે માર્ગદર્શન આપવું જોઈએ જે મૂલ્યોને વિકૃત કરવાને બદલે તેનું પોષણ કરે.
- **સંતુલિત ડિજિટલ વપરાશ** : ઓટીટી સામગ્રીના ઉદય સાથે, યોગ્ય જોવાની ખાતરી કરવા માટે માતાપિતાનાં નિયંત્રણો અને સામગ્રી ફિલ્ટર્સને પ્રાથમિકતા આપવી જોઈએ.
- જેમ કે ભારતીય ફિલ્મકાર અમોલ ગુપ્તે, જે તારે ઝમીં પરના સર્જનહાર છે, એમ કહે છેઃ ‘‘ફિલ્મો એ કેળવણીનું મેદાન હોવું જોઈએ, માત્ર ધ્યાન ભટકાવનારાં સાધન નહીં.’’ સિનેમાની શક્તિ અપાર છે, પરંતુ જે લોકો તેને બનાવે છે અને તેનો ઉપયોગ કરે છે તેમની જવાબદારી પણ એટલી જ છે.

**નિષ્કર્ષ** :

યુવા મનને ઉછેરવા માટે એક સાધન તરીકે ફિલ્મો : બાળ વિકાસમાં ભારતીય ફિલ્મોની સફર ખૂબ જ ગહન રહી છેઃ નૈતિક પાઠ શીખવતી બ્લેક એન્ડ વ્હાઇટ ક્લાસિક ફિલ્મોથી લઈને ભાવનાત્મક બુદ્ધિને પ્રોત્સાહન આપતા આજના જીવંત એનિમેશન સુધી. ભવિષ્યમાં એક આશાસ્પદ બાબત છે, જેમાં વિકસિત ટૅક્નોલૉજી અને વાર્તા કહેવાની તકનીકો સુનિશ્ચિત કરે છે કે સિનેમા એક પોષણ શક્તિ રહે.

જોકે, અંતિમ જવાબદારી માતાપિતા, શિક્ષકો અને ફિલ્મ નિર્માતાઓની છે, જેથી બાળકો એવી સામગ્રીનો ઉપયોગ કરે જે ગેરમાર્ગે દોરવાને બદલે પ્રેરણા અને જ્ઞાન આપે. છેવટે, સિનેમા ફક્ત ફિલ્મ જોવા વિશે નથી, તે બાળકની દુનિયાને આકાર આપવા વિશે છે, એક સમયે એક વાર્તા.

‘‘પિક્ચર અભી બાકી હૈ, મેરે દોસ્ત!’’ - શાહરુખ ખાન (ઓમ શાંતિ ઓમ, 2007)

## શૈક્ષણિક સિનેમા : શિક્ષણ અને મનોરંજનનું સમતુલન

શૈક્ષણિક ફિલ્મો માત્ર મનોરંજન પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે એક સશક્ત શિક્ષણ સાધન તરીકે કાર્ય કરે છે. જેમાં વૈજ્ઞાનિક અને ઈતિહાસ આધારિત ફિલ્મો જ્ઞાનવૃદ્ધિ માટે ઉત્તમ સાબિત થાય છે.

હાલના OTT યુગમાં, જ્યાં બાળકો અનિયંત્રિત ડિજિટલ સામગ્રીનો સપાટો વાળે છે, ત્યાં માતા-પિતા અને શિક્ષકો માટે યોગ્ય શૈક્ષણિક ફિલ્મોની પસંદગી કરવી જરૂરી બની જાય છે. હિંસક અને અસંસ્કારપૂર્ણ સામગ્રી બાળકોના માનસ પર પ્રતિકૂળ અસર પાડી શકે છે, તેથી શૈક્ષણિક સિનેમાને વલણ આપવું જરૂરી છે. Netflix Kids, National Geographic, અને Discovery+ જેવા પ્લેટફોર્મ શૈક્ષણિક શ્રેણીઓ અને ડોક્યુમેન્ટરીઝ પ્રદાન કરે છે, જે શિક્ષણને સમૃદ્ધ બનાવી શકે.

શાળાઓ અને ઘરોમાં શૈક્ષણિક ફિલ્મોના અસરકારક ઉપયોગ માટે તેનું આયોજન અને માર્ગદર્શન જરૂરી છે. શાળાઓમાં સ્ક્રીનિંગ કાર્યક્રમો, ચર્ચાઓ અને અભ્યાસક્રમ સાથે તેનો સંકલન કરવાથી શિક્ષણ વધુ જીવંત બની શકે. જો માતા-પિતા અને શિક્ષકોએ સમજૂતીપૂર્વક અને જવાબદારીથી શૈક્ષણિક ફિલ્મો પસંદ કરી, તો તે બાળકો માટે સંવેદનશીલતા, વિજ્ઞાનના વિકાસમાં સહાયરૂપ બની શકે. તે શિક્ષણ અને મનોરંજન વચ્ચેનું સંતુલન જાળવી, શિક્ષણ ક્રાંતિરૂપે સાબિત થઈ શકે.

# શૈક્ષણિક અને વ્યાવસાયિક સંઘર્ષને વાચા આપતી બાયોપિક - શ્રીકાંત



- અશ્વિનકુમાર કે. અવૈયા
મદદનીશ પ્રાધ્યાપક - વર્ગ - ૨
સરકારી શિક્ષણ મહાવિદ્યાલય - કાછલ
મો. ૯૪૨૮૦૫૨૭૨૮

"દેખ્યાનો દેશ ભલે લઈ લીધો નાથ, પણ કલરવની દુનિયા અમારી. વાટે રખડ્યાની મોજ છીનવી લીધી, તોય પગરવની દુનિયા અમારી"

ભાનુપ્રસાદ પંડ્યાની પ્રસ્તુત ઉક્તિને પોતાના જીવનવૃતાંતનો ભાગ બનાવી અલગ કેડી કંડારનાર એવા એક વિરલ વ્યક્તિત્વના તાણાવાણાને ગૂંથતી અને હાલમાં હિન્દી ફિલ્મ સિનેજગતમાં ગૂંજતી એક બાયોપિક એટલે - શ્રીકાંત.

શિક્ષણજગત સાથે સંકળાયેલ લોકો, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગસાહસિકો માટે પ્રેરણાપૂંજ બનતી આ ફિલ્મ શૈક્ષણિક સંઘર્ષ અને વ્યાવસાયિક સંઘર્ષ એમ બે ભાગમાં વહેંચાયેલી છે. આ ત્રણેય પ્રકારના લોકો માટે આ ફિલ્મ ઊર્જા બક્ષવાનું કાર્ય કરી શકે તેમ છે, એક વાર અવશ્ય આ ફિલ્મ નિહાળવી જોઈએ.

એક દૃષ્ટિહીન ઉદ્યોગપતિ અને બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક શ્રીકાંત બોલા પર આ બાયોપિક બનાવવામાં આવી છે. 1992માં આંધ્રપ્રદેશમાં જન્મેલ આ વ્યક્તિની બાળપણથી શરૂ કરી વ્યાવસાયિક સફળતા સુધીનો સંઘર્ષ આ ફિલ્મમાં કેન્દ્રસ્થાને છે. વાસ્તવિક ધરાતલ પર આ ફિલ્માંકન થયેલ હોઈ શ્રોતાવર્ગને તે છેક સુધી જકડી રાખવામાં સફળ રહી છે. શ્રોતાવર્ગને ભાવાવેશમાં અજાણ્યે લઈ જતી આ ફિલ્મ ઘેરી અસર ઉપજાવવામાં સફળ રહી છે. શ્રોતા પોતાના જીવનનાં તાણાવાણા સાથે શ્રીકાંતના સંઘર્ષને જોડી ભાવાત્મક ઐક્ય સાધી શકે છે.

'પાપા કહતે હૈ બડા નામ કરેગા...' વર્ષો સુધી જીવંત આ ગીતની ધ્રુવપંક્તિ દ્વારા ફિલ્મનો ઉઘાડ થાય છે. સમગ્ર ફિલ્મીસફર દરમિયાન આ ધૂનને વારંવાર પુનરાવર્તિત કરવામાં આવી છે. નાનકડા ગામમાં ખેતમજૂરી કરતા પિતાને ત્યાં પુત્ર અવતરણ થયું છે, એ સમાચાર સાંભળી ખુશીના ઉન્માદમાં મદ્યપાન કરનાર પિતા જ્યારે ઘેર આવે છે ત્યારે ચોતરફ સન્નાટો પથરાયેલ છે. પિતા જ્યારે પુત્રના ચહેરાને જુએ છે ત્યારે સન્નાટો અને ફિલ્મકથા બંનેને વાચા મળે છે.પુત્ર બંને આંખે અંધ છે. તત્કાલીન સમયમાં જોવા મળતી વિચારધારાને હૂબહૂ રજૂ કરવામાં આવી છે. અંતે કઠોર હૃદયે પિતા જીવિત બાળકને માટીમાં દફનાવવા મજબૂર બને છે, પણ માતૃહૃદયના આર્તનાદ આ દંપતીને મજબૂત બનાવે છે. ને શરૂ થાય છે શ્રીકાંતની સંઘર્ષયાત્રા.

પ્રારંભિક શિક્ષા દરમિયાન પ્રતિભાને પારખી તેના શિક્ષક શ્રીકાંતને વિશિષ્ટ શાળામાં ભણાવવા માટે સમજાવે છે. વિશિષ્ટ શાળામાં શ્રીકાંતની મુલાકાત થાય છે તેનાં માયાળુ શિક્ષિકા દેવિકા જે આગળ જતાં શ્રીકાંતના જીવનનું અભિન્ન અંગ બની જાય છે. ત્યાં પણ પોતાની આગવી પ્રતિભાને કારણે શ્રીકાંત એકથી વધુ ક્ષેત્રમાં મહારથ હાંસલ કરે છે. શ્રીકાંત નામ રાખવાની પાછળ પણ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર શ્રીકાંતની લોકચાહના જ જવાબદાર હતી. ક્રિકેટમાં પસંદગી થતાં, ટીશર્ટ પિતાની હાજરીમાં ઘેર પહેરતાં, સર્વત્ર આનંદની લાગણી પ્રસરી જાય છે.

મનોવિજ્ઞાનની પરિભાષામાં શ્રીકાંત પડકારરૂપ બાળકમાં સમાવિષ્ટ હતો. કારણ કે બૌદ્ધિક સંપદા તેમનામાં ભરપૂર હતી. શ્રેષ્ઠ બાળકનો ઍવૉર્ડ સ્વીકારતી વખતે હાથમાં માઇક આવી જતા તે શાળામાં થતા કૌભાંડની જાહેરમાં પોલ ખોલે છે, અને તેને સંસ્થામાંથી બરતરફ કરવામાં આવે છે. એ જ સમયે દેવિકા ટીચર તેના તારણહાર બને છે. તેમની સમગ્ર શિક્ષાની જવાબદારી તે ઉઠાવે છે. જેના જોરે ઉચ્ચ ગુણાંક સાથે તે મેટ્રિકની પરીક્ષા

પાસ કરે છે,પરંતુ ભારતીય શિક્ષણજગતના નીતિનિયમોને કારણે તે સાયન્સમાં પ્રવેશ લેવા અક્ષમ છે. શ્રીકાંત હાર ન માનતાં શિક્ષણ વિભાગ સામે કોર્ટ કેસ કરી જીતી જતા પ્રવેશ માટે લાયક બને છે. ને ફરી સાયન્સમાં પણ ઉચ્ચ ગુણાંક સાથે પાસ થાય છે. પણ સફળતા અને સંઘર્ષ જાણે શ્રીકાંતનાં જીવનના પર્યાય બની ગયા છે. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામસાહેબના નેતૃત્વમાં આયોજિત એક કાર્યક્રમમાં દરેકને એક કોમન પ્રશ્ન પૂછવામાં આવે છે ત્યારે દરેક સહાધ્યાયીઓ પોતાની આકાંક્ષાઓ રજૂ કરે છે. શ્રીકાંત પણ પોતાની ઈચ્છા રજૂ કરતાં ભારતના પ્રથમ બ્લાઇંડ રાષ્ટ્રપતિ બનવાની મહેચ્છા કહે છે, જે આગળ જતાં વ્યાવસાયિક સંઘર્ષમાં કલામસાહેબ પણ મદદરૂપ થાય છે.

ભારતની નામાંકિત સંસ્થાઓ શારીરિક પડકારરૂપ બાળક હોવાના કારણે પ્રવેશની ના પાડે છે ત્યારે વિશ્વની ટોચની સંસ્થા MITમાં શિષ્યવૃત્તિ સાથે પ્રથમ આંતરરાષ્ટ્રીય દૃષ્ટિહીન વિદ્યાર્થી તરીકે એમની પસંદગી થાય છે. ભારતીય પ્રણાલી પર અહી પરોક્ષ રીતે કટાક્ષ કરવામાં આવ્યો છે. પ્રતિભાને પારખવામાં નિષ્ફળ આપણી પ્રણાલી એ જ પ્રતિભાને પોતાની છે – ભારતીય છે એ નામે પોંખવામાં અગ્રેસર હોય છે. નામાંકિત સંસ્થા પોતાના ખર્ચે જે બાળકને ઉચ્ચ અભ્યાસ માટે મંજૂરી આપે છે તેને ફરી એક વાર ભારતીય તંત્રના નિયમોનો ભોગ બનવું પડે છે. શ્રીકાંતને સાથીદાર સિવાય હવાઈ મુસાફરીની મંજૂરી આપવાની ના પાડવામાં આવે છે. પોતાની સફળતાનો શોર ઍરપોર્ટ પર ચોતરફ વેરી મદદની ભીખ માંગતા શ્રીકાંતને કોઈ મદદ કરતું નથી. અંતે પોતાની પ્રતિભાની ઍરપોર્ટ ઑથોરિટીને પરખ કરાવવામાં તે સફળ નીવડે છે.

આ સમગ્ર ઘટનાને કારણે ભારત અને ભારતીયો પ્રત્યે તિરસ્કારની લાગણી શ્રીકાંતના માનસપટ પર પ્રસરી જાય છે. આ સંસ્થામાં પણ વિભિન્ન ક્ષેત્રમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરી શ્રીકાંત અભ્યાસ કરે છે. એવામાં શ્રીકાંતની પ્રતિભાથી આકર્ષાય ત્યાં મુલાકાત થનાર સ્ત્રીપાત્ર શ્રીકાંતના જીવનમાં ફરી વળાંક લાવે છે. ફિલ્મને પણ અહીં નવી દિશા મળે છે. તેઓના શબ્દો મુજબ શ્રીકાંતે ભારત પરત ફરી તેના જેવા લોકો માટે કંઈક વિચારવું જોઈએ.આ શબ્દો ગુંજતા શ્રીકાંત ભારતભૂમિ પર પરત ફરી વ્યાવસાયિક ક્ષેત્રે મંડાણ કરે છે.

શારીરિક પડકારરૂપ બાળકો માટે રોજીનું સર્જન કરવાની નેમ સાથે શ્રીકાંત બોલાની વ્યાવસાયિક સંઘર્ષયાત્રા શરૂ થાય છે. અનેક વિઘ્નો પાર પાડતા શ્રીકાંત અને તેના મિત્ર અને ટીચર બોલન્ટ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરે છે. વચ્ચે રાજકીય રંગ અને શ્રીકાંતની માર્ગ ભટકવાની ઘટના કરુણતા પ્રસરાવે છે, પરંતુ મિત્ર અને દેવિકા ટીચરની મહત્ત્વની ભૂમિકાને કારણે સુખદ અંત આવે છે.

પટકથાની સાથે સંવાદકળાની વાત કરીએ તો સંવાદ ધારદાર અને પાત્રને અનુરૂપ ચોટદાર બનાવ્યા છે, જે લાંબાગાળા સુધી દર્શકોના માનસપટ પર સવાર થઈ શકવા સક્ષમ છે. 'મેં ભાગ નહિ સકતા સિર્ફ લડ સકતા હું', '2% પીપલ આર બ્લાઇંડ એન્ડ 98% પીપલ કેન નોટ સી', 'હમ ઉનકો ભીખ નહીં, રોજગાર દેંગે', 'હમારી કાબેલિયત કો આંખો સે નહીં, ક્ષમતા સે દેખિયે' જેવા સંવાદોથી ઍવૉર્ડ વાપસી દર્શકોના મનમાં સ્વમાનનું ઘોડાપૂર જગાવવા સક્ષમ છે.

સંઘર્ષ હોય ત્યાં ચમત્કૃતિ થાય જ - આ ઉક્તિને ચરિતાર્થ કરતી અનેક ઘટનાઓ પ્રસ્તુત ફિલ્મમાં સાકારિત કરવામાં આવી છે. પરિવાર, શિક્ષક, મિત્ર અને પ્રેયસીના માધ્યમથી સંઘર્ષને પરિણામ સુધી પહોંચાડતી શ્રીકાંત બોલાની આ બાયોપિક હિન્દી ફિલ્મ જગતમાં વાસ્તવિક ધરાતલ પર બનેલી ફિલ્મોમાં અગ્રગણ્ય રહેશે જ એવું લાગી રહ્યું છે.

# ડિજિટલ યુગમાં સિનેમા અને બાળકોની સુરક્ષા



- અશોકકુમાર બી. પ્રજાપતિ
આસિસ્ટન્ટ પ્રોફેસર સૂરજબા કોલેજ
ઓફ એજ્યુકેશન, સર્વ વિદ્યાલય કેમ્પસ,
કડી. જિ : મહેસાણા. મો. ૯૦૧૬૯૨૨૨૬૫

"સિનેમા એ ફક્ત મનોરંજન નથી, તે શિક્ષણ અને પ્રેરણાનો દરવાજો બની શકે !"

ડિજિટલ યુગે મીડિયા અને સિનેમાના માધ્યમથી બાળકોનાં જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવ્યું છે. ઇન્ટરનેટ, સ્માર્ટફોન, ઓટીટી (OTT) પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા દ્વારા બાળકો હવે મૂવી અને વીડિયો કન્ટેન્ટની સુલભતા ધરાવે છે.

જો કે, આ પ્રવાહ બાળકો માટે સકારાત્મક લાભો સાથે કેટલીક મોટી ચિંતાઓ પણ ઉદ્ભવે છે, જેમકે અયોગ્ય વિષયવસ્તુ, ગોપનીયતાપ્રશ્નો, આડઅસરો અને મનોવૈજ્ઞાનિક અસરો. આ લેખમાં, ડિજિટલ યુગમાં બાળકોની સુરક્ષા માટે સિનેમાની ભૂમિકા અને પડકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**ડિજિટલ યુગ અને સિનેમાનો રોલ :**

- **બાળકો માટે સિનેમાની સગવડતા :** અગાઉ, બાળકો માટે ફિલ્મો જોવા માટે સિનેમાઘર અથવા ડીવીડી પર નિર્ભર રહેવું પડતું. ડિજિટલ ક્રાંતિ પછી, યૂટ્યૂબ, નેટફ્લિક્સ, ડિઝની+ હોટસ્ટાર, એમેઝોન પ્રાઇમ અને અન્ય પ્લેટફોર્મ્સ પર બાળકો માટે વિશેષ કન્ટેન્ટ ઉપલબ્ધ છે. આ સાથે બાળકો માટે શૈક્ષણિક, મનોરંજક અને પ્રેરણાદાયી ફિલ્મો સરળતાથી ઉપલબ્ધ બની છે.
- **શૈક્ષણિક સિનેમા અને ડિજિટલ પ્લેટફોર્મ્સ :** શૈક્ષણિક સિનેમા, જેમકે "Super 30", "Taare Zameen Par", "Iqbal", અને "Stanley Ka Dabba", જે બાળકોના શૈક્ષણિક વિકાસમાં સહાયક બની શકે છે. આ ઉપરાંત, એનિમેટેડ શૈક્ષણિક સિરીઝ પણ બાળકોને મનોરંજન સાથે શિક્ષણ પ્રદાન કરે છે.
- **સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોના પ્રસારણમાં ભૂમિકા :** ફિલ્મો અને વેબ સિરઝિ દ્વારા બાળકોને વિવિધ સંસ્કૃતિઓ, પરંપરાઓ અને સમાજની મૂલ્યવ્યવસ્થાનું જ્ઞાન મળે છે. "Little Krishna" y™u "Ramayana: The Legend of Prince Rama" જેવી એનિમેટેડ ફિલ્મો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસો બાળકો સુધી પહોંચી શકે છે.
- **વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પ્રત્યેની રુચિ :** "Mission Mangal" અને "Gravity" જેવી ફિલ્મો વિજ્ઞાન અને અવકાશયાત્રા પ્રત્યેની જિજ્ઞાસા ઉકેલે છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ પર વૈજ્ઞાનિક ડોક્યુમેન્ટરીઝ અને STEM મનોરંજક વિષયવસ્તુ પણ ઉપલબ્ધ છે.
- **પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે જાગૃતતા :** "The Lorax" અને "Wall-E" જેવી એનિમેટેડ ફિલ્મો દ્વારા બાળકોમાં પર્યાવરણપ્રેમ અને પ્રકૃતિની સંભાળ લેવાની ભાવના વિકસે છે. ડિજિટલ માધ્યમો પર એનિમલ ડોક્યુમેન્ટરીઝ અને પ્રકૃતિ સિરીઝ પણ પર્યાવરણ જાગૃતતા માટે પ્રેરણા આપે છે.
- **માનસિક આરોગ્ય અને હકારાત્મકતા :** "Inside Out" અને "Finding Nemo" જેવી ફિલ્મો દ્વારા બાળકોના ભાવનાત્મક વિકાસ અને મનોવિજ્ઞાનને સમજવામાં સહાય થાય છે. ડિજિટલ થેરપ્યુટિક કન્ટેન્ટ માનસિક આરોગ્યના પડકારોનો સામનો કરવા માટે મદદરૂપ થાય છે.
- **ભાષા અને સંવાદ કૌશલ્ય વિકાસ :** સિનેમા બાળકોને નવી ભાષાઓ શીખવે છે.

"Dora the Explorer" (Nickelodeon) બાળકોને સ્પેનિશ અને અંગ્રેજી ભાષા શીખવામાં સહાય કરે છે. "Masha and the Bear" (Russian Series) અન્ય ભાષાઓ સાથે સાંસ્કૃતિક તફાવતોને સમજી શકાય છે.

- **કરિયર પ્રેરણા અને રોલ મૉડલ્સ** : "Dangal", "Mary Kom" અને "Chak De! India" જેવી બાયોપિક્સ દ્વારા બાળકોમાં રમતગમત અને પ્રોફેશનલ કારકિર્દી પ્રત્યે પ્રેરણા મળે છે. ડિજિટલ ફિલ્મો અને ડોક્યુમેન્ટરીઝ સફળ વ્યકિતઓના જીવનની સફરને રજૂ કરીને પ્રેરણાદાયી સંદેશ આપે છે.
- **પેરેન્ટલ કંટ્રોલ અને ડિજિટલ સલામતી :** Netflix અને YouTube Kids પર પેરેન્ટલ કંટ્રોલ ફીચર માતા-પિતાને અનુકૂળ કન્ટેન્ટ સિલેક્ટ કરવા અને અનાવશ્યક કન્ટેન્ટ બ્લોક કરવા સક્ષમ બનાવે છે. Disney+ Hotstar અને Amazon Prime પર Kids Mode એક સલામત પ્લેટફોર્મ આપે છે, જ્યાં બાળકો માટે ફક્ત યોગ્ય અને મનોરંજક સામગ્રી ઉપલબ્ધ હોય.
- **સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોના પ્રસારણમાં ભૂમિકા** : "Chhota Bheem" અને "Bal Ganesh" જેવી એનિમેટેડ સિરીઝ દ્વારા બાળકોને ભારતીય પૌરાણિક કથાઓ વિશે જ્ઞાન મળે છે. "Coco" (Pixar) જેવી ફિલ્મો અન્ય સંસ્કૃતિઓના ઉત્સવો અને પરંપરાઓ પર પ્રકાશ પાડે છે.
- **વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પ્રત્યેની રુચિ :** સિનેમા અને ડોક્યુમેન્ટરીઝ બાળકોમાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને ટૅક્નોલૉજી પ્રત્યેની અભિરુચિ જાગૃત કરે છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ પર STEM વિષય પર આધારિત ફિલ્મો અને શોનું વિશાળ કલેક્શન છે. "Mission Mangal" અને "Rocketry: The Nambi Effect" ભારતીય વૈજ્ઞાનિક સિદ્ધિઓ પર આધારિત છે, જે બાળકોને અંતરિક્ષ વિજ્ઞાન પ્રત્યે પ્રેરણા આપે છે. "Ada Twist, Scientist" (Netflix) એક એડ્યૂટેઇનમેન્ટ શો છે, જે બાળકોને વૈજ્ઞાનિક પ્રયોગો અને શોધપ્રવૃત્તિઓમાં રસ લેવા માટે પ્રોત્સાહિત કરે છે. "The Martian" અને "Interstellar" અવકાશ સંશોધન અને ભવિષ્યની સંભાવનાઓ પર આધારિત છે, જે યુવાન દર્શકોમાં રિસર્ચ અને એસ્ટ્રોનોમી પ્રત્યેની કૌતૂહલતા વધારશે.
- **પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે જાગૃતતા** : "Our Planet" અને "Blue Planet" (Netflix) જેવી ડોક્યુમેન્ટરીઝ પ્રકૃતિ અને પ્રાણીજીવન વિશે ઊંડાણપૂર્વક માહિતી આપે છે. "The Lorax" (Illumination Entertainment) અને "Fern gully : The Last Rainforest" જેવી એનિમેટેડ ફિલ્મો બાળકોમાં પર્યાવરણ માટેની જવાબદારી વિકસાવે છે.
- **માનસિક આરોગ્ય અને હકારાત્મકતા :** "Inside Out" (Pixar) બાળમનોવિજ્ઞાનને સમજવામાં સહાય કરે છે અને લાગણીઓનું સ્વસ્થ રીતે સંચાલન કરવું શીખવે છે. "Wonder" (2017) જેવી ફિલ્મો મિત્રો સાથે સહાનુભૂતિ અને સ્વીકારની ભાવના પ્રેરે છે.
- **કારકિર્દી પ્રેરણા અને રોલ મૉડલ્સ :** "Dangal" અને "Mary Kom" જેવી બાયોપિક્સ દ્વારા બાળકોમાં રમતગમત પ્રત્યે પ્રેરણા મળે છે. "Hidden Figures" (2016) વિજ્ઞાન અને સ્પેસ સાયન્સ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે બાળાઓને પ્રોત્સાહિત કરે છે.

**ડિજિટલ યુગમાં બાળકોની સુરક્ષા : પડકારો** :

- **અયોગ્ય અને હાનિકારક વિષયવસ્તુ :** બાળકો માટે ડિજિટલ પ્લેટફોર્મ પર દરેક પ્રકારનું કન્ટેન્ટ ઉપલબ્ધ હોવાથી, તેમને તેમના ઉંમર માટે અનુકૂળ કે અનુકૂળ ન હોય તેવાં વીડિયો જોવા મળી શકે.

- **કેટલાંક મુખ્ય જોખમો :**
  હિંસક ફિલ્મો અને વેબસીરિઝ
  સેક્સ્યુઅલ વિષયવસ્તુ
  નશીલી વસ્તુઓ અને અપરાધને પ્રોત્સાહન આપતું વિષયવસ્તુ

**જાતીય શોષણ અને પોર્નોગ્રાફી :**

- **આડઅસરો અને તેના દોષ-પ્રભાવો :** બાળકો લાંબા સમય સુધી સ્ક્રીન (TV, મોબાઇલ, લેપટોપ) સામે બેસી રહેતાં શરીરશાસ્ત્રીય અને મનોવિજ્ઞાનિક અસર પડે છે :
- **આંખોની સમસ્યા :** સતત સ્ક્રીન સામે રહીને ડ્રાય આઈ સિન્ડ્રોમ અને આંખોનો થાક ઊભો થાય.
- **એકલતા અને ડિપ્રેશનઃ** બાળકો વર્ચ્યુઅલ દુનિયામાં વધુ રહેતાં થતાં, તેઓના કુટુંબ અને મિત્રો સાથેના સંબંધો અસરગ્રસ્ત થાય છે.
- **અકાદમિક પ્રદર્શનમાં ઘટાડોઃ** સતત મનોરંજનમાં રસ જતાં બાળકોની શૈક્ષણિક ક્ષમતા ઘટી શકે છે.

સોશિયલ મીડિયા અને ગોપનીયતાનું જોખમ

સોશિયલ મીડિયા અને વીડિયો પ્લેટફોર્મ્સ (યૂટ્યૂબ કિડ્સ, ઈન્સ્ટાગ્રામ રીલ્સ) પર બાળકો સરળતાથી ઉપલબ્ધ થાય છે.

- **કેટલાંક મુખ્ય જોખમોઃ**

ઑનલાઈન ગુમશુદા અને સાયબર ગુના : બાળકોનું ડેટા લીક થવાનું અને અજાણ્યા લોકો દ્વારા છળવાનું જોખમ વધે છે. ફેકન્યૂઝ અને ગેરમાર્ગે દોરી જતી માહિતીઃ વિધ્યાર્થીઓ સુધી ખોટી માહિતી પહોચે છે, જેનાથી ભ્રમ ફેલાઈ શકે. ઑનલાઈન ગુલામગીરી : બાળકોએ જે કન્ટેન્ટ જોઈ રહ્યાં છે, તે કેટલું સલામત છે તે જાણી શકવું મુશ્કેલ છે. બાળકોની સુરક્ષા માટે સિનેમા અને નીતિગત ઉપાયો

- **પેરેન્ટલ ગાઈડલાઈન અને કંટ્રોલ :** પેરેન્ટલ કંટ્રોલ સેટિંગ્સ : નેટફ્લિક્સ, ડિઝની+ હોટસ્ટાર, એમેઝોન પ્રાઈમ જેવાં પ્લેટફોર્મ્સ પર પેરેન્ટલ કંટ્રોલ ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ કરીને માતાપિતા બાળકો માટે અનુકૂળ કન્ટેન્ટ પસંદ કરી શકે.

**બાળકો માટે હકારાત્મક સિનેમા અને શૈક્ષણિક મૂવીઝ :**

- “Tare Zameen Par”: ડિસ્લેક્સિયા જેવા માનસિક પરિપ્રેક્ષ્ય પર આધારિત.
- “I Am Kalam”: શિક્ષણ અને મહેનતનું મહત્ત્વ સમજાવતી ફિલ્મ.
- “Dangal”: મહિલાઓ માટે સાહસ અને મહેનતના સંદેશ સાથે.
- “Chillar Party”: બાળકો માટે મનોરંજન સાથે સામાજિક સંદેશ આપતી ફિલ્મ

**ભવિષ્યમાં સુરક્ષિત સિનેમા માટે શું કરવું?**

- **ડિજિટલ પ્લેટફોર્મ્સ માટે કડક નિયમો :** સરકાર અને પ્લેટફોર્મ્સને વધુ કડક મોનિટરિંગ અને નિયમન લાવવું જોઈએ.
- **પેરેન્ટ્સ અને શિક્ષકો માટે જાગૃતિ :** માતાપિતા અને શિક્ષકો માટે ડિજિટલ મીડિયાનાં જોખમો અને ઉપયોગ વિશે જાગૃતિ અભિયાન.
- **બાળકો માટે સુરક્ષિત અને શૈક્ષણિક કન્ટેન્ટની ઉપલબ્ધતાઃ** વધુ સારો અને ગુણવત્તાસભર શૈક્ષણિક સિનેમા વિકસાવવો.
- **અનૈતિક અને હાનિકારક કન્ટેન્ટ સામે જાગૃત સમાજ :** સંસ્થાઓ, NGO અને સરકાર દ્વારા હાનિકારક કન્ટેન્ટ સામે કાર્યવાહી.

ડિજિટલ યુગમાં બાળકો માટે સિનેમા એક સશક્ત સાધન બની શકે છે, જો તે યોગ્ય રીતે સંચાલિત થાય. બાળકોએ સિનેમાને માત્ર મનોરંજન તરીકે નહીં, પણ શૈક્ષણિક અને પ્રેરણાદાયી સાધન તરીકે ઉપયોગ કરવો જોઈએ. પેરેન્ટ્સ, શિક્ષકો, અને સરકારે સંયુક્ત પ્રયાસ કરીને સલામત અને અસરકારક સિનેમા ઈકોસિસ્ટિમ ઊભી કરવી જોઈએ, જે બાળકોના હિતમાં કાર્ય કરે.

“સિનેમા એ આપણી કલ્પનાની ફ્રેમ છે, જે ડિજિટલ યુગમાં અનંત સંભાવનાઓ સાથે વિસ્તરે છે.”

# ફિલ્મનું સમાંતર સ્વરૂપ OTT : સંભાવના, ભયસ્થાનો અને ઉપાયો



- પારસકુમાર ટી. વાઘેલા
સહાયક પ્રાધ્યાપક, સૂરજબા કોલેજ ઑફ એજ્યુ.
એસ.વી.કે.એમ. કેમ્પસ-કડી, જિ. મહેસાણા
મો. ૮૭૮૦૬૧૦૩૦૪

ટૅક્નોલૉજીની ક્રાંતિએ મનોરંજન ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન લાવ્યું છે. થિયેટર અને કૅબલ ટી.વી.ના યુગ પછી, ઓવર-ધ-ટોપ (OTT) પ્લેટફોર્મ્સ એક નવી સાંસ્કૃતિક અને સામાજિક વાસ્તવિકતા બની ગયું છે. આ માત્ર મનોરંજન પૂરતું જ સીમિત નથી, પણ બાળજગત, પેરેન્ટિંગ, શિક્ષણ અને માનસિક વિકાસ પર પણ તેની અસર પડી રહી છે.

આ લેખમાં, ઓટિટી પ્લેટફોર્મની સંભાવનાઓ અને પડકારોનું વિશ્લેષણ કર્યું છે, ખાસ કરીને બાળકો પર તેના પ્રભાવ અને તે અંગે માતા-પિતા , શિક્ષકો અને બાળમનશાસ્ત્રીઓ માટે ઉપયોગી જાણકારી પ્રદાન કરી છે.

**ઓટિટીનો ઉદ્‌ભવ અને વિકાસ** :

ઓટિટીનો ઉદ્‌ભવ મુખ્યત્વે ઇન્ટરનેટના ઝડપી વિકાસ સાથે થયો. 2007માં નેટફ્લિક્સ (Netflix) એ સ્ટ્રીમિંગ સેવા શરૂ કરી અને 2013માં 'હાઉસ ઑફ કાર્ડ્સ' (House of Cards) જેવી વેબ સિરીઝ રજૂ કરી, જે ઓટિટીની ક્રાંતિની શરૂઆત બની. ત્યારથી, હોટસ્ટાર, એમેઝોન પ્રાઇમ વીડિયો, ઝી-૫, જિઓ સિનેમા, એપલ ટીવી, સોની લિવ, જોજો ગુજરાતી, સેમારો ગુજરાતી અને ડિઝની+ જેવી અનેક ઓટિટી સેવાઓ વિકસિત થઈ છે, અને તે દરેક ઉંમરના દર્શકો માટે અનુકૂળ બની છે.

2021માં ભારત સરકારે ઓટિટી પ્લેટફોર્મ્સ માટે સખત નિયમો અમલમાં મૂક્યા છે. જેનાં આધારે ગુજરાત સરકાર પણ તેનું કડક પાલન કરાવી રહી છે. તાજેતરમાં સરકાર દ્વારા Information Technology (Intermediary Guidelines and Digital Media Ethics Code) Rules, 2021નો ચુસ્ત અમલીકરણ હેઠળ, ઓટિટી સેવાઓ માટે સંયમ અને વિજ્ઞાનસંગત નિયમન લાવવા પ્રયાસ થયો છે. તેમાં પ્રાથમિક, મધ્યમ, ઉચ્ચ સ્તર નિયમન મંચો છે, જે દર્શકોને યોગ્ય કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવામાં સહાયક બનશે.

ઓટિટીની સંભાવનાઓઃ બાળકો અને તેમનાં ભવિષ્ય માટે એક સોનેરી તક?

1. **શૈક્ષણિક અને સર્જનાત્મક સામગ્રી** : ઓટિટી પ્લેટફોર્મ્સ માત્ર મનોરંજન પૂરતું જ સીમિત નથી, પરંતુ બાળકો માટે શૈક્ષણિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક ઘડતર માટે એક શ્રેષ્ઠ મંચ બની શકે છે. National Geographic Kids, Discovery Kids, Byju's Learning App અને TED-Ed જેવા ચેનલ્સ બાળકોમાં લવચીકતા અને નવા જ્ઞાનપ્રાપ્તિને પ્રોત્સાહિત કરે છે. ઉપરાંત, ઓટિટી દ્વારા STEM શીખવવાની નવી પદ્ધતિઓ વિકસિત થઈ રહી છે. ગુજરાતી બાળકો માટે Balgeet Gujarati, Dholu Bholu, Panchatantra Gujarati, અને Chhota Bheem Gujarati જેવી વેબ સિરીઝ તેમના ભાષા વિકાસ અને સાંસ્કૃતિક મૂલ્યોના સંવર્ધન માટે મહત્ત્વપૂર્ણ છે. ભૂતકાળની શ્રેષ્ઠ શોર્ટ ફિલ્મો અને ક્રિએટિવ ફિલ્મો જેવી કે The Fantastic Flying Books of Mr. Morris Lessmore (2011), Piper (2016), Alice in Wonderland (2010) બાળકોમાં સર્જનાત્મક વિચારો અને મૌલિક અભિગમને પ્રોત્સાહિત કરે છે. ભવિષ્યમાં, ઓટિટી પ્લેટફોર્મ્સ શિક્ષણ માટે વધુ ઈન્ટરેક્ટિવ મૉડલ્સ અને કન્ટેન્ટ વિકસાવશે, જે બાળકો માટે વૈશ્વિક અને સ્થાનિક સંસ્કૃતિઓ વચ્ચે સંતુલન જાળવવામાં મદદરૂપ થશે.
2. **ભાષા અને સંસ્કૃતિ પ્રત્યેની સમજ** : બાળકો માટે અનેક ભાષાઓમાં શો ઉપલબ્ધ હોવાથી તેઓ માટે

નવી ભાષાઓ શીખવી અને અલગ સંસ્કૃતિઓ વિશે જાગૃત થવું સરળ બને છે. ઉદાહરણ તરીકે, Peppa Pig અને Dora the Explorer જેવા શો બાળકોને અંગ્રેજી શીખવામાં મદદ કરે છે. તેમજ, Gujarati Balgeet, Panchtantra Stories, Hanuman, Bal Ganesha, અને Akbar Birbal Animated Series જેવા શો ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા સહાય કરે છે. ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતી ભાષાના પ્રસાર માટે Panchatantra Gujarati, Dholu Bholu, અને Chhota Bheem Gujarati જેવા શો ગુજરાતી બાળકોમાં તેમની ભાષા પ્રત્યેનું પ્રેમ અને ગૌરવ જાળવી રાખે છે. આ ઉપરાંત, Gujarati Kids Rhymes અને Gujarati Moral Stories જેવાં શો બાળકોનાં નૈતિક મૂલ્યોને મજબૂત બનાવવા અને માતૃભાષાની સમૃદ્ધિમાં યોગદાન આપે છે. આવી જ રીતે નવી ઓટીટી ફિલ્મ બાળકો માટે બનાવવામાં આવે તો ખુબ જ સારી પુરવાર થાય.

3. **ટૅક્નોલૉજી સાથે પરિચય અને ડિજિટલ સાક્ષરતા :** આજના યુગમાં ટૅક્નોલૉજીનો સારો ઉપયોગ કરવો અનિવાર્ય બની ગયું છે. જો બાળકોને યોગ્ય માર્ગદર્શન મળે, તો તેઓ ઓટિટી દ્વારા ડિજિટલ સક્ષમ બની શકે છે. YouTube Kids જેવી એપ્સ બાળકો માટે સુરક્ષિત ડિજિટલ મંચ બની શકે છે. ભારત સરકારે Digital India Programme હેઠળ બાળકોમાં ડિજિટલ સાક્ષરતા વધારવા નવી નીતિઓ અમલમાં મૂકી છે.

તદુઉપરાંત, ગુજરાત સરકાર દ્વારા ઓટિટી પ્લેટફોર્મ્સ માટે કડક માર્ગદર્શિકાઓ અમલમાં મૂકવામાં આવી છે, જે હેઠળ બાળક-મૈત્રીપૂર્ણ સામગ્રીને પ્રોત્સાહિત કરવામાં આવ્યું છે. Baal Geet અને Gujarati Animated Series જેવી સ્થાનિક ભાષાની વેબ સિરીઝ ગુજરાતી સંસ્કૃતિ અને ભાષાને જીવંત રાખવામાં મદદરૂપ બની રહી છે. ભવિષ્યમાં, ટૅક્નોલૉજી-સહાયક શિક્ષણ મૉડેલ અને ઇન્ટરેક્ટિવ શૈક્ષણિક સામગ્રી દ્વારા બાળકોની શીખવાની પ્રક્રિયામાં સુધારો લાવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

4. **સામાજિક અને ભાવનાત્મક વિકાસ :** આજના બાળક માટે મનોરંજન એટલું જ મહત્ત્વપૂર્ણ છે જેટલું શિક્ષણ. કેટલાક શો જેમકે Sesame Street, Moral Stories for Kids, Panchatantra Tales, અને Bal Geet બાળકોમાં ભાવનાત્મક બુદ્ધિ અને સામાજિક મૂલ્યો વિકસાવવા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયા છે. આ ઉપરાંત, Mythological Animated Series અને Educational Cartoons પણ બાળકોનાં વલણ અને મૂલ્યપ્રણાલી ઘડવામાં મદદરૂપ બને છે. આ શો માત્ર મનોરંજન પૂરતા જ સીમિત નથી, પરંતુ બાળકોની ભાષા કુશળતા, એકાગ્રતા અને સમસ્યા-ઉકેલવાની ક્ષમતાને પણ વિકસિત કરી શકે છે. આવાં ઘણાં ક્ષેત્રમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર જે ઊંચ કક્ષાનું કામ કરી રહી છે.

"જાણકાર પેરેન્ટ, સુરક્ષિત બાલપણ - OTT વપરાશમાં રાખો ધ્યાન!"

બાળકોને ઓટિટિનાં ભયસ્થાનો : જોખમ અને પડકારોથી કેવી રીતે બચાવવા?

આજના ડિજિટલ યુગમાં, બાળકો વિવિધ ઇલેક્ટ્રોનિક ઉપકરણો અને ઇન્ટરનેટનો ભરપૂર ઉપયોગ કરે છે. અનિયંત્રિત સામગ્રી, અનફિલ્ટર્ડ માહિતી, સોશિયલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મનો વધતો ઉપયોગ તેમના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ પર પ્રભાવ પાડી શકે છે. આવાં જોખમોથી બચાવવા માટે માતા-પિતા અને શિક્ષકોએ તકેદારી રાખવી જરૂરી છે.

1. **અનિયંત્રિત સામગ્રી અને અનફિલ્ટર્ડ માહિતીથી બચાવવાના ઉપાયો :** પેરેંટલ કંટ્રોલ અને સેફટી સેટિંગ્સ, શિક્ષણાત્મક અને હકારાત્મક સામગ્રી

પ્રોત્સાહિત કરવી તેમજ ખુલ્લી વાતચીત : બાળકનાં ઉપકરણોમાં પેરેંટલ કંટ્રોલ સેટિંગ્સ સક્રિય કરો, YouTube, Netflix, Amazon Prime જેવાં ઓટીટી પ્લેટફોર્મમાં "Kids Mode" સેટ કરો અને ગૂગલ તેમજ બ્રાઉઝર્સમાં Safe Search સક્રિય રાખો. બાળકોને શિક્ષણાત્મક એપ્લિકેશન્સ અને શૈક્ષણિક સામગ્રી તરફ દોરી જવું તેમજ વાંચન, ક્રિએટિવ હોબી (ડ્રોઈંગ, સંગીત, રમત) માટે પ્રોત્સાહન આપવું. તેઓને સમજાવો કે ઈન્ટરનેટ પર બધું સત્ય ન હોય, ખોટી માહિતી અને ભ્રમજનક સમાચાર વિશે ચર્ચા કરો અને શંકાસ્પદ કન્ટેન્ટ જોવા કે શેર કરવાની જરૂર નથી તે સ્પષ્ટ કરો.

2. **સોશિયલ મીડિયા અને ઓટીટીનો પ્રભાવ ઘટાડવા માટે પગલાં :** સોશિયલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મ ઉપયોગ માટે નિયમો: બાળકો માટે નક્કી કરો કે તેઓ કઈ એપ્સ અને કેટલો સમય વાપરી શકે, "No Phone Zones" જેમકે ભોજનનો સમય, શાળા માટે તૈયારી, સૂવાની પળો નક્કી કરો અને અજાણ્યા લોકો સાથે મેસેજિંગ કે વાતચીત ન કરવા જણાવો. બાળક શું જુએ છે એ પર ધ્યાન રાખો અને જરૂરી સંલગ્ન શો કે મૂવીઝ પસંદ કરો, "Kids Profile" વિકલ્પ સક્રિય કરો જેથી તેઓ માટે યોગ્ય સામગ્રી જ જોઈ શકે, અને જો ઓટીટી પર કોઈ અનફિલ્ટર્ડ કે અયોગ્ય સામગ્રી દેખાય, તો તે અંગે તુરંત રિપોર્ટ કરો.

3. **અતિવ્યસન અને આરોગ્ય પર અસર ઘટાડવા માટે પગલાં :** Screen Time ની મર્યાદા અને આરોગ્ય માટે તકેદારી: દિનચર્યામાં સ્ક્રીનનો સમય મર્યાદિત કરો (ઉદાહરણ: 1-2 કલાક/દિવસ), એક્ટિવ ગેમ્સ, રમત-ગમત અને આઉટડોર પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન આપો, અને સ્ક્રીન સમય અને ભૌતિક (Physical) પ્રવૃત્તિ વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. ઊંઘ માટે નિયત સમય રાખો અને સૂવાનો પહેલાં સ્ક્રીન ટાળો, મનને શાંત રાખવા માટે ધ્યાન (meditation) કે યોગ માટે પ્રોત્સાહન આપો, અને ડિજિટલ ડીટોક્સ માટે સપ્તાહમાં એક દિવસ "No-Screen Day" રાખવો.

4. **સેન્સરશિપ અને નિયમનકારી નિયંત્રણનો અભાવ - શિક્ષકો અને માતા-પિતાની જવાબદારી :** શિક્ષક અને માતા-પિતાની ભૂમિકા: શાળામાં ડિજિટલ સલામતી અને ઈન્ટરનેટ સંસ્કૃતિ (Digital Literacy) વિશે શિક્ષણ આપવું, વિદ્યાર્થી કઈ વેબસાઈટ્સ અને એપ્લિકેશન ઉપયોગ કરે છે તે માટે માર્ગદર્શન આપવું, અને સ્કૂલમાં ડિજિટલ પ્રોજેક્ટ્સ અને સુરક્ષિત ઓનલાઈન વર્ગ માટે ગાઈડલાઈન અપનાવવી. બાળકો સાથે ઓનલાઈન સલામતી અને જોખમોની ચર્ચા કરો, ડિજિટલ મીડિયા સાથે હકારાત્મક રીતે જોડાવા માટે માર્ગદર્શન આપો, અને જરૂર હોય ત્યારે ડિજિટલ નિયમો લાદવા માટે જાતે ઉદાહરણ પુરું પાડો.

અંતે, ઓટિટી એ મનોરંજનનો એક ક્રાંતિકારક માધ્યમ છે, પણ તેની સાથે જવાબદારીયુક્ત વલણ પણ આવશ્યક છે. માતા-પિતા અને શિક્ષકો માટે મહત્ત્વનું છે કે તેઓ બાળકો માટે યોગ્ય કન્ટેન્ટ પસંદ કરે, સંયમિત વપરાશને પ્રોત્સાહન આપે અને ટૅક્નોલૉજી અને શિક્ષણ વચ્ચેનું સમતોલન જાળવે. જો યોગ્ય રીતે વપરાશ થાય, તો ઓટિટી બાળકોના ભાવિ માટે એક કારગર સાધન બની શકે છે. તેમજ ભારતના ભવિષ્યની દિશા નિશ્ચિત થઈ શકે છે.

"બાળકો માટે સુરક્ષિત અને મજબૂત ડિજિટલ ભવિષ્ય તૈયાર કરવું એ આપણા સૌની જવાબદારી છે"

# બાળકો માટે ફિલ્મ
# કેવી રીતે પસંદ કરશો?"



- અમીતકુમાર બી. સુરતી
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ
પાંડેસરા, સુરત. મો. ૯૭૩૭૩૭૬૭૪૨

આજકાલ, બાળકો માટે મનોરંજનનાં અનેક માધ્યમો ઉપલબ્ધ છે, જેમાં ફિલ્મો એક અગત્યનો ભાગ ભજવે છે. બાળકો માટે યોગ્ય ફિલ્મ પસંદ કરવી એ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. તે માત્ર મનોરંજન પૂરું પાડતી નથી, પણ બાળકોના બૌદ્ધિક અને નૈતિક વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થાય છે. જો અનુકૂળ ફિલ્મ પસંદ કરવામાં ન આવે, તો તે બાળકોની માનસિકતા પર નકારાત્મક અસર કરી શકે છે. ફિલ્મો બાળકોના મન પર ઊંડી અસર કરે છે, તેથી માતાપિતાએ ફિલ્મોની પસંદગી કરતી વખતે ખાસ ધ્યાન રાખવું જોઈએ. તેથી, નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને ફિલ્મ પસંદ કરવી જોઈએ.

**બાળકની ઉંમર અને સમજશક્તિ (Child's Age and Maturity Level) :**

ફિલ્મ એ મનોરંજનનું અને શિક્ષણનું એક મહત્ત્વપૂર્ણ માધ્યમ છે, પરંતુ તે પસંદ કરતી વખતે બાળકની ઉંમર અને સમજશક્તિનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. જો ફિલ્મ બાળકની માનસિક અને ભાવનાત્મક સ્તર માટે યોગ્ય નહીં હોય, તો તે ભય, ગૂંચવણ, અથવા અયોગ્ય પ્રભાવો છોડી શકે છે.

ઉપરાંત દરેક બાળકનો વિકાસ અલગ અલગ હોય છે. તેથી, માત્ર રેટિંગ પર આધાર રાખવાને બદલે બાળકની સમજણ અને સંવેદનશીલતાને પણ ધ્યાનમાં લેવી જોઈએ. કેટલાંક બાળકો નાની ઉંમરમાં જ વધુ પરિપક્વ હોય છે, જ્યારે કેટલાંક બાળકોને ચોક્કસ વિષયો સમજવામાં વધુ સમય લાગી શકે છે. નાનાં બાળકો માટે રંગીન અને સરળ વાર્તાવાળી ફિલ્મો વધુ યોગ્ય હોય છે. શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે શૈક્ષણિક અને પ્રેરણાદાયક ફિલ્મો પસંદ કરવી જ્યારે ટીનએજ બાળકો માટે સોશિયલ અને ઈન્સ્પિરેશનલ ફિલ્મો યોગ્ય રહે છે.

બાળકોની ઉંમર અનુસાર તેમની સમજશક્તિ, ભાવનાત્મક સંવેદનશીલતા, અને દૃશ્યોને સમજવાની ક્ષમતા બદલાતી જાય છે.

**0-3 વર્ષ :**

- આ ઉંમરનાં બાળકો માટે રંગીન અને સરળ એનિમેટેડ ફિલ્મો વધુ અનુકૂળ હોય છે.
- નરમ સંગીત, ધીમો સંવાદ અને સરળ વાર્તા મહત્ત્વપૂર્ણ છે.
- ઉગ્ર ધ્વનિઓ અથવા તેજસ્વી ફ્લેશિંગ લાઇટ્સ ટાળવી જોઈએ.

**4-7 વર્ષ :**

- નાનાં બાળકોને સાદી વાર્તાઓ અને હળવા નૈતિક સંદેશવાળી ફિલ્મો ગમે.
- એડવેન્ચર, ફેન્ટસી અને હળવી હાસ્ય ફિલ્મો યોગ્ય છે.
- બહુ જજબાતી કે હિંસક દૃશ્યો ટાળવાં જોઈએ.

**8-12 વર્ષ :**

- આ ઉંમરનાં બાળકોને લોજિકલ અને કલ્પના-સભર વાર્તાઓ વધુ ગમે.
- ધીમે-ધીમે તેઓ હળવા થ્રીલર અને મિસ્ટરી શોખી બની શકે છે.
- કેટલીક શૈક્ષણિક અને પ્રેરણાદાયી ફિલ્મો પણ આ ઉંમરનાં માટે અનુકૂળ છે.

**13 વર્ષ અને વધુ :**

- કિશોરો માટે થોડી વધુ વાસ્તવિકતાથી ભરેલી ફિલ્મો અનુકૂળ હોઈ શકે.
- તેમ છતાં, હદથી વધારે હિંસક અથવા માનસિક દબાણ આપતી ફિલ્મો જોતાં પહેલાં સાવચેત રહેવું.

- આ ઉંમરના બાળકો માટે મોટિવેશનલ, હ્યુમર, સાયન્સ-ફિક્શન, અને થ્રિલર ફિલ્મો પસંદ કરી શકાય.

બાળકો માટે યોગ્ય ફિલ્મ પસંદ કરતી વખતે ઉંમર અને સમજશક્તિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફિલ્મમાં સમાવિષ્ટ વિષય, દશ્યો, ભાષા અને સંદેશ માટે કાળજીપૂર્વક ચકાસણી કરવી જોઈએ. જો યોગ્ય રીતે પસંદગી કરવામાં આવે, તો ફિલ્મનો આનંદ બાળકો માટે મનોરંજન ઉપરાંત શૈક્ષણિક અને પ્રેરણાદાયી પણ બની શકે.

**ફિલ્મનું રેટિંગ અને પ્રમાણપત્ર (Movie Rating and Certification)** :

ફિલ્મ પસંદ કરતી વખતે માત્ર તેના વિષય પર ધ્યાન આપવું પૂરતું નથી, પણ તેના રેટિંગ અને પ્રમાણપત્રને પણ અવશ્ય ચકાસવું જોઈએ. યોગ્ય ઉંમરના બાળકો માટે યોગ્ય ફિલ્મ જ જોવી, જેથી મનોરંજન સાથે તેઓનો યોગ્ય વિકાસ થાય. દરેક ફિલ્મની શરૂઆતમાં અથવા પોસ્ટરમાં ઉંમર પ્રમાણે યોગ્યતાનું રેટિંગ આપવામાં આવે છે. આ રેટિંગ્સ ફિલ્મનાં વિષયવસ્તુ, ભાષા અને દશ્યોના આધારે નક્કી કરવામાં આવે છે. માતાપિતાએ આ રેટિંગ્સને ગંભીરતાથી લેવાં જોઈએ અને બાળકની ઉંમર પ્રમાણે જ ફિલ્મો પસંદ કરવી જોઈએ.

વિશ્વભરમાં ફિલ્મો માટે અલગ-અલગ રેટિંગ સિસ્ટિમ છે. ભારતમાં Central Board of Film Certification (CBFC) દ્વારા અને અન્ય દેશોમાં જુદી-જુદી સિસ્ટમ દ્વારા રેટિંગ આપવામાં આવે છે.

**CBFC (ભારત) મુજબ રેટિંગ સિસ્ટિમ** :

U (Universal) – તમામ ઉંમરના લોકો માટે હોય છે. તેથી U (Universal) રેટિંગવાળી ફિલ્મો કોઈ પણ ઉંમરનાં બાળકો માટે યોગ્ય હોય છે.

- આ ફિલ્મ બાળકો, કિશોરો અને મોટાં બધાં માટે યોગ્ય હોય છે.
- કોઈ હિંસા, ભય અથવા અયોગ્ય ભાષા નથી.
- મોટેભાગે શૈક્ષણિક, ફેમિલી ડ્રામા, અને એનિમેટેડ ફિલ્મો આવી શ્રેણીમાં આવે છે.

UA (Parental Guidance) - 12 વર્ષથી નાનાં બાળકો માટે માતાપિતાની મંજૂરી જરૂરી. આ રેટિંગ ધરાવતી ફિલ્મો વાલીઓની દેખરેખમાં જોવી યોગ્ય છે.

- કેટલીક હળવી હિંસા, થ્રિલર અથવા સામાજિક સંદેશવાળી ફિલ્મો આ શ્રેણીમાં આવે છે.
- 12 વર્ષથી નાનાં બાળકો માટે માતાપિતા સાથે જોવી સલાહભરી હોય.
- ઉદાહરણઃ ઘણા એડવેન્ચર, એક્શન અને ફેન્ટસી મૂવીઝ UA શ્રેણીમાં આવે છે.

**A (Adult) - માત્ર પ્રૌઢો માટે (18+ વર્ષ)** :

- આમાં હિંસા, ગંભીર સામાજિક વિષય, થ્રિલર અથવા ગભરાવી શકે તેવી ભિન્ન દશ્યવિષયવસ્તુ હોય, જે બાળકો માટે અયોગ્ય હોય છે.

**S (Special Category) - નિશ્ચિત વ્યાવસાયિક જૂથ માટેઃ**

- આ શ્રેણીની ફિલ્મો ખાસ કરીને ડૉક્ટર્સ, ઇજનેરો, વૈજ્ઞાનિકો કે અન્ય વ્યાવસાયિકો માટે હોય.

**ફિલ્મનો સંદેશ અને નૈતિક મૂલ્યો (Message and Moral Values)** :

બાળકો માટે ફિલ્મ પસંદ કરતી વખતે મનોરંજન ઉપરાંત, તે ફિલ્મમાં આપવામાં આવેલ સંદેશ અને નૈતિક મૂલ્યો પર પણ ધ્યાન આપવું આવશ્યક છે. ફિલ્મો માત્ર રજાની મજા માટે નહીં, પણ શીખવા અને વ્યક્તિત્વ વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાધન બની શકે છે.

**પ્રેરણાદાયી અને શૈક્ષણિક મૂલ્યો** :

ફિલ્મો બાળકને મહેનત, ધૈર્ય, આત્મવિશ્વાસ અને પરિશ્રમનું મહત્ત્વ શિખવાડે છે. એવી ફિલ્મો પસંદ કરવી જોઈએ જે બાળકને પોતાના ગોલ્સ માટે પ્રેરિત કરે. The Lion King જીવનમાં પડકારો હોવા છતાં હિંમત ન ગુમાવવાની પ્રેરણા આપે છે. Zootopia જેવા મૂવીઝ સાબિત કરે છે કે મહેનત અને નિષ્ઠાથી કોઈ પણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય. Iqbal ફિલ્મ દેખાડે છે કે શારીરિક અડચણો છતાં મહેનત અને આત્મવિશ્વાસથી સફળતા મેળવી

શકાય.

**સામાજિક જવાબદારી અને કરુણા :**

ફિલ્મો બાળકોમાં દયાળુતા, પરસ્પર સહકાર અને મજબૂત નૈતિક સંસ્કાર વિકસાવે તેવી હોવી જોઈએ. Wonder જેવી ફિલ્મ ભેદભાવ વિના મિત્રતા અને સહાનુભૂતિ માટે પ્રેરિત કરે છે. Coco કુટુંબ અને પૂર્વજોના મહત્ત્વને ઉજાગર કરતી ઉત્તમ ફિલ્મ છે. Taare Zameen Par બાળકની ખાસ ક્ષમતાઓને ઓળખવાની અને તેને સ્વીકારવાની શીખ આપે છે.

**સહકાર અને મિત્રતા :**

બાળકો માટે એવી ફિલ્મો શ્રેષ્ઠ હોય છે, જે એકતા, મિત્રતા અને સહકારને વલણરૂપ બનાવે. Toy Story જેવા મૂવીઝ સત્ય Freundschaft (મિત્રતા) કેવી હોવી જોઈએ તે શીખવે. Frozen જેવી ફિલ્મ ભાઈ-બહેનના પ્રેમ અને સહકારનું ઉત્તમ ઉદાહરણ આપે છે. Stanley Ka Dabba શ્રેષ્ઠ મિત્રતા અને સહકારનું મહત્ત્વ દર્શાવે છે.

**સત્પ્રવૃત્તિ અને સત્યની જીત :**

ફિલ્મો બાળકને સાચું બોલવાની અને ઈમાનદારીનું મહત્ત્વ સમજાવવી જોઈએ. Pinocchio અસત્યનાં પરિણામો વિશે પ્રબોધ આપે છે, જ્યારે Moana સ્વવિશ્વાસ અને પરિવાર પ્રત્યેની જવાબદારીનું મહત્ત્વ શીખવે છે. My Name is Khan સચ્ચાઈ અને દૃઢ નિર્ધારથી જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપે છે.

**પારિવારિક મૂલ્યો અને સંબંધો :**

બાળકો માટે એવી ફિલ્મો પસંદ કરવી જોઈએ જે પરિવાર પ્રત્યે સન્માન અને પ્રેમ દાખવવાનો સંદેશ આપે. Finding Nemo જેવા મૂવીઝ માતાપિતા અને બાળકોના મજબૂત સંબંધને ઉજાગર કરે છે. The Incredibles કુટુંબ અને ટીમવર્કનું મહત્ત્વ દર્શાવે છે. Chillar Party કુટુંબ અને મિત્રતા વચ્ચેના સંબંધોને મજબૂત બનાવે છે.

**પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ :**

પર્યાવરણનું રક્ષણ અને પ્રકૃતિની સંભાળ રાખવાની સંસ્કૃતિ બાળકોમાં વિકસાવવા જેવી ફિલ્મો ખૂબ મહત્ત્વપૂર્ણ છે. Wall-ઈ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી માટે પ્રેરણા આપે છે. Rio પક્ષીઓ અને વન્યજીવનના સંરક્ષણની વાત કરે છે. Kadvi Hawa પર્યાવરણ અને હવામાન પરિવર્તન અંગે જાગૃતિ લાવે છે.

ફિલ્મ પસંદ કરતી વખતે માત્ર મનોરંજન પર ધ્યાન આપવું પૂરતું નથી, પણ તે બાળકોના ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસમાં પણ મદદરૂપ થાય તેવી જોઈએ. સારાં નૈતિક મૂલ્યો અને પ્રેરણાદાયી સંદેશ આપતી ફિલ્મો પસંદ કરવાથી બાળકોની માનસિકતા અને વ્યક્તિત્વ વધુ સકારાત્મક અને બળવાન બની શકે.

**શબ્દપ્રયોગ અને સંવાદ (Language and Dialogue Clarity) :**

બાળકો માટે ફિલ્મ પસંદ કરતી વખતે તેના સંવાદો અને ભાષાનું યોગ્યપણે મૂલ્યાંકન કરવું અત્યંત આવશ્યક છે. ફિલ્મોમાં વપરાતા શબ્દપ્રયોગો અને સંવાદો બાળકોના ભાષા વિકાસ અને સામાજિક સમજણ પર અસર કરી શકે છે. તેથી, માતાપિતા અને શિક્ષકોએ ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ કે પસંદ કરેલી ફિલ્મમાં કોઈ અસંસ્કારી, અપશબ્દયુક્ત અથવા હિંસક સંવાદો ન હોય.

સંદેશવાહક ફિલ્મો, જેમાં સકારાત્મક સંદેશો અને નૈતિક મૂલ્યો હોય, તે બાળકો માટે વધુ ઉપયોગી સાબિત થાય છે. ઉપરાંત, હાસ્યપ્રદ અથવા શૈક્ષણિક ભાષાવાળા સંવાદો બાળકોને મનોરંજન સાથે શીખવાની તક આપે છે. જો ફિલ્મમાં ઉચ્ચાર્ય ભાષા ખૂબ જ જટિલ અથવા દુર્વિચારસભર હોય, તો તે બાળકો માટે અયોગ્ય બની શકે છે.

વળી, ફિલ્મો પસંદ કરતી વખતે એ પણ જોવું જોઈએ કે તેમાં વપરાતાં ભાષા અને સંવાદ બાળકોની ઉંમરને અનુકૂળ છે કે નહીં. કેટલાક સંવાદો અવ્યક્ત રીતે હિંસક અથવા ભેદભાવપૂર્ણ વિચારસરણીને પ્રોત્સાહન આપી શકે છે, જેનાથી બાળકોના મનોવિજ્ઞાન પર નકારાત્મક અસર થઈ શકે. તેથી, એક જવાબદાર વડીલ તરીકે, બાળકો માટે ફિલ્મ પસંદ કરતી વખતે તેના સંવાદો અને ભાષા પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે.

**હિંસા અને ભયજનક દૃશ્યો (Violence and Scary Scenes) :**

ફિલ્મ પસંદ કરતી વખતે બાળકો માટે હિંસા અને ભયજનક દૃશ્યો એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. આ પ્રકારનાં દૃશ્યો બાળમન પર નકારાત્મક પ્રભાવ પાડી શકે છે, જેમકે ડર, ચિંતાઓ જેવી સમસ્યાઓ. ખાસ કરીને નાનું બાળક વાસ્તવિક્તા અને કલ્પનાની વચ્ચે ભેદ સમજવામાં અસમર્થ હોય છે, જેના કારણે તે હિંસક દૃશ્યોને સત્ય માની ભયભીત થઈ શકે છે. માતા-પિતાએ અથવા વાલીઓએ ઉંમર યોગ્ય રેટિંગ ધરાવતી ફિલ્મો પસંદ કરવી જોઈએ અને જો કોઈ ફિલ્મમાં આવાં દૃશ્યો હોય તો બાળક સાથે વાતચીત કરી તેનો ભય દૂર કરવો જોઈએ. આ ઉપરાંત, બાળકોને હિંસાથી દૂર રહેવા માટે તેમની પસંદગી અને રસપ્રમાણે શાંતિપૂર્ણ અને શૈક્ષણિક સામગ્રીવાળી ફિલ્મો બતાવવી વધુ યોગ્ય રહેશે.

જેમકે Bahubali અથવા Krish, એક્શન અને ફેન્ટસી પર આધારિત હોવા છતાં, કેટલાંક હિંસાત્મક દૃશ્યો અને યુદ્ધના પ્રસંગો ધરાવે છે, જે નાનાં બાળકો માટે ભયજનક થઈ શકે. વિશેષ કરીને હોરર શૈલીની ફિલ્મો, જેમ કે Bhoot, Stree અથવા Tumbbad, બાળકો માટે યોગ્ય નથી, કારણ કે તે ભયજનક દૃશ્યો અને અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપી શકે.

**શૈક્ષણિક અને જ્ઞાનવર્ધક મૂલ્ય (Educational and Informative Value)** :

બાળકો માટે ફિલ્મ પસંદ કરતી વખતે શૈક્ષણિક અને જ્ઞાનવર્ધક મૂલ્ય મહત્ત્વપૂર્ણ છે, કારણ કે ફિલ્મો બાળકોના માનસિક વિકાસ અને શીખવાની પ્રક્રિયામાં સહાયરૂપ બની શકે. શૈક્ષણિક મૂલ્ય ધરાવતી ફિલ્મો નવી માહિતી, નૈતિક મૂલ્યો અને જીવનકૌશલ્ય શીખવામાં મદદ કરે છે. વિશેષ કરીને, વિજ્ઞાન, ઇતિહાસ, ભૌગોલિક માહિતીઓ અને સામાજિક દૃષ્ટિકોણો પર આધારિત ફિલ્મો બાળકોને રસપ્રદ અને આકર્ષક રીતથી શીખવામાં પ્રેરિત કરે છે. એમની જ્ઞાનવૃદ્ધિ સાથે વિચારશક્તિ અને સૃજનશીલતા વિકસાવવાની ક્ષમતા પણ વધે છે. આથી, માતા-પિતાએ અને શિક્ષકોએ એવી ફિલ્મો પસંદ કરવી જોઈએ જે મનોરંજન સાથે શિક્ષણને પણ પ્રોત્સાહન આપે.

બાળકો માટે શૈક્ષણિક અને જ્ઞાનવર્ધક મૂલ્ય ધરાવતી કેટલીક ભારતીય ફિલ્મો ઉત્તમ ઉદાહરણ રૂપ છે. ઉદાહરણ તરીકે, Taare Zameen Par એ બાળકોના શૈક્ષણિક જીવન અને શીખવાની અસમર્થતા (learning disabilities) વિશે મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે, જે માતા-પિતા અને શિક્ષકો માટે પણ શીખવા જેવી છે. 'I Am Kalam' એક પ્રેરણાદાયક ફિલ્મ છે, જે એ. પી. જે. અબ્દુલકલામના જીવન દ્વારા બાળકનાટ સપનાઓ અને મહેનતના મહત્ત્વ પર પ્રકાશ પાડે છે. તેમજ Stanley Ka Dabba બાળકોમાં સહાનુભૂતિ અને મૈત્રીની ભાવનાઓ વિકસાવે છે, જ્યારે 'Chillar Party' સામાજિક જવાબદારી અને સમૂહશક્તિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ તમામ ફિલ્મો મનોરંજન સાથે શિક્ષણને પણ પ્રોત્સાહન આપે છે, જે બાળકો માટે ઉત્તમ પસંદગી બની શકે.

**ફિલ્મની લંબાઈ અને બાળકોની એકાગ્રતા (Duration and Attention Span)** :

બાળકો માટે ફિલ્મ પસંદ કરતી વખતે ફિલ્મની લંબાઈ અને તેમની એકાગ્રતા ક્ષમતા મહત્ત્વપૂર્ણ બાબતો છે. સામાન્ય રીતે, નાનું બાળક લાંબા સમય સુધી એક જ સ્થળે બેસી રહીને ધ્યાન આપી શકતું નથી. તેથી, 90 મિનિટ કે તેથી ઓછી અવધિ ધરાવતી ફિલ્મો વધુ અનુકૂળ રહે છે. વધુ લાંબી ફિલ્મો જોવી હોય, તો તેમને મધ્યમાં થોડો વિરામ આપવાથી તેમનાં રસ અને ધ્યાન જળવાઈ રહે શકે. આ સાથે, ફિલ્મની વાર્તા ગતિશીલ અને રસપ્રદ હોવી જોઈએ જેથી બાળકો સતત જોડાયેલા રહે.

આમ, બાળકો માટે ફિલ્મ પસંદ કરતી વખતે તેમની ઉંમર, વિષયવસ્તુ, નૈતિક મૂલ્યો અને શૈક્ષણિક પાસાંઓનો વિચાર કરી પસંદગી કરવી જોઈએ. એક યોગ્ય ફિલ્મ બાળકોના મનોરંજન ઉપરાંત તેમના માનસિક અને નૈતિક વિકાસ માટે પણ લાભદાયી સાબિત થાય છે. તેથી માત્ર મનોરંજન જ નહિ, પણ કંઈક શીખે એ માટે વાલીઓએ વિવેકપૂર્વક અને સાવચેતી સાથે ફિલ્મ પસંદ કરવી જોઈએ.

# વ્યક્તિત્વ વિકાસ અને ફિલ્મ



- ડૉ. ઈલા એન. જાજલ
શિક્ષક- સરકારી ઉચ્ચતર માધ્યમિક
શાળા, કાંસલોલીયા.તા વીંછિયા,
જિ. રાજકોટ. મો. ૯૦૧૬૫ ૦૬૬૧૮

વ્યક્તિત્વ વિકાસ એ શિક્ષણનું એક અગત્યનું પાસું છે. બાળકના વ્યકિતત્વનો વિકાસ જાણતાં કે અજાણતાં તેની આસપાસની પરિસ્થિતિ કે વાતવરણ પર બહુધા નિર્ભર હોય છે. જયારે બાળકના વ્યકિતત્વનો સુચારુ વિકાસ થાય ત્યારે તે સમાજમાં એક આદરણીય અને જવાબદાર નાગરિક તરીકે પ્રસ્થાપિત થાય છે. બાળકને એક આદર્શ નાગરિક તરીકે પ્રસ્થાપિત કરવાં માટે શાળા, કુટુંબ, અને સમાજનો મહત્ત્વનો ફાળો છે; સાથે આજના આ આધુનિક અને ટૅક્નોલૉજીના સમયમાં પુસ્તકો બાળકો માટે જૂનાં થતાં જાય છે ત્યારે પરંપરાગત પદ્ધતિઓ સાથે તેમના વિકાસ માટે માતા-પિતા કે શિક્ષકોએ સક્રિય રહેવું પડકારરૂપ સાબિત થઈ રહ્યું છે. આ પડકારરૂપ સમયમાં પુસ્તકોને ફિલ્મના સ્વરૂપમાં તેમની સામે પીરસવામાં આવે તો શીરાની જેમ તે વાતને ગળે ઉતારી શકે છે.

ફિલ્મ એક વૈશ્વિક વિંડોઝ તરીકે પુસ્તકથી આગળ વધી શકે છે. ક્નીગ્સ્વાર્થ (1995)ના મતે "શિક્ષણ શીખવાની પ્રવૃત્તિઓના આવશ્યક પાસાઓમાં ફિલ્મ મીડિયા એ એક આવશ્યક પાસું છે." આ રીતે ફિલ્મ મીડિયા પણ બાળકના વ્યક્તિત્વ વિકાસમાં ભાગ ભજવતું એક પાસું છે.સામાન્ય રીતે ફિલ્મના આ દષ્ટિકોણને નજર-અંદાજ કરવામાં આવતો હોય છે. ફિલ્મ એ બાળકના અભિગમ કે વલણ પર ખૂબ ઊંડી છાપ છોડે છે. અહીં આપણે બાળકના વ્યક્તિત્વ વિકાસમાં ફિલ્મની ભૂમિકા વિશે થોડી માહિતી મેળવીએ.

**વ્યક્તિત્વ વિકાસમાં ફિલ્મની ભૂમિકા :**

- ફિલ્મ દ્વારા બાળકમાં વિશ્લેષણાત્મક કુશળતા અને વિવેચનાત્મક દષ્ટિકોણ વિકસાવી શકાય છે.
- હાર્મર (2001)ના મતે લર્નિંગ મીડિયા દ્વારા બાળકો વિષયવસ્તુની ઊંડાણપૂર્વક સમજ કેળવી શકે છે.
- ફિલ્મ દ્વારા સાહિત્યક કૃતિ, ઐતિહાસિક કૃતિ, સામાજિક કૃતિ કે ધાર્મિક કૃતિને જીવંત અને રસપ્રદ બનાવી શકાય છે.
- American Films as An Educational Tool for character Developments of Teenager( Rudy 2022) દર્શાવે છે કે ફિલ્મ વ્યક્તિત્વ વિકાસના સાધન તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. આ સંશોધન વધારેમાં જણાવે છે કે વિવિધ વ્યક્તિત્વ વિકાસનાં કૌશલ્ય ફિલ્મના માધ્યમ દ્વારા શીખવી શકાય છે. આ વાતની પુષ્ટિ હું જાતે આપું તો મેં માત્ર તેર કે ચૌદ વર્ષની વયે "તેજસ્વિની" ફિલ્મ જોયેલી જેણે મારા માનસપટ પર ખૂબ જ ઊંડી અસર છોડી છે. તેજસ્વિનીની સાહસિકતા અને નીડરતા મને સ્પર્શી ગયા છે. અને આજે પણ તે અનુભવી શકાય છે.
- ફિલ્મ દ્વારા ઇન્દ્રિયો અને સંવેદના જાગૃત થાય છે અને આપણા શિક્ષણવિદો અને મનોવૈજ્ઞાનિકોના મતે ઇન્દ્રિય અને સંવેદના થકી મેળવેલ માહિતી કે અનુભવ ચિરસ્થાયી રહે છે. તાદશ્ય અનુભવ વ્યક્તિત્વ વિકાસ માટે અગત્યનો સાબિત થાય છે.
- ગુણો કે મૂલ્યના વિકાસ માટે માત્ર વાર્તા કે ક્લાસરૂમમાં પાઠ ભણાવવાથી બાળકમાં તેનો તલ સ્પર્શી અભ્યાસ થતો નથી કે તે વાર્તા કે પાઠમાં આવતાં પાત્રો સાથે તાદાત્મ્ય સાધી શકાતું નથી, જયારે ફિલ્મ બાળકને તેની વિવિધ જીવંત રંગબેરંગી ચિત્રો અને લાગણીસભર પાત્રો સાથે ઘટના દર્શાવે છે જે વ્યક્તિત્વ વિકાસ માટે એક ઉદીપકનું કાર્ય કરે છે.
- ફિલ્મ દ્વારા બાળકો પાત્રની લાગણીને સમજી શકે

છે અને સમીક્ષા કરીને તેમાંથી પ્રેરણા લઈ પોતાની સામાજિક બુદ્ધિક્ષમતા વિકસાવી શકે છે.લ્યુસ લાવરી 'ધ ગીવર' (1994) માં નોંધે છે કે ફિલ્મ વાસ્તવિક ઘટના અને ચિત્રો વચ્ચેની ખામીને દૂર કરવામાં મદદરૂપ થાય છે.

- અન્ય ભાષા શીખવા માટે પણ ફિલ્મ એક અગત્યનું માધ્યમ બની શકે છે.યોગ્ય ભાષા વિકાસ એ પણ વ્યક્તિત્વ વિકાસ માટેનું એક પાસું છે.
- બાળકોમાં મૂલ્યોનું સિંચન પરંપરાગત વાર્તા પદ્ધતિ દ્વારા કરવામાં આવે તેના સ્થાને તે જ વાર્તાને આધુનિક રીતે ફિલ્મના માધ્યમથી પ્રસ્થાપિત કરી મૂલ્યોનું સિંચન કરી શકાય છે. 'તારક મહેતા કા ઊલટા ચશ્માં'માં ઘણાં મૂલ્યોનું ફિલ્માંકન કરવામાં આવ્યું છે અને બાળકો અને મોટેરાંઓને પણ વૃક્ષો વાવવા,સ્વચ્છતા જાળવવી વગેરે જેવા સંદેશ આપવાનું કામ કર્યું છે.
- જીવનમાં આવતા સંઘર્ષ કે નૈતિક દ્વિધાઓના ઉકેલ માટે પણ ફિલ્મ એક અગત્યનું માધ્યમ બની શકે છે.

**વ્યક્તિત્વ વિકાસમાં ફિલ્મની પસંદગીમાં શાળા અને માતા-પિતાની ભૂમિકા :**

વ્યક્તિત્વ ઘડતરમાં ફિલ્મને એક માધ્યમ તરીકે પસંદ કરતી વખતે શાળા અને માતા - પિતાની જવાબદારી સવિશેષ થઈ જતી હોય છે.

- ફિલ્મની પસંદગી બાળકની ઉંમરને ધ્યાનમાં લઈને કરવી જોઈએ.
- સંસ્કૃતિ કે નૈતિક મૂલ્યો પ્રદાન કરતી ફિલ્મની પસંદગી કરવી જોઈએ.
- ફિલ્મ જોવા માટે બાળકના દૃષ્ટિકોણને યોગ્ય રીતે કેળવવો જોઈએ.
- ફિલ્મનાં પાત્રો અને કથાનકની બાળક સાથે ચર્ચા કરવી જોઈએ.
- ફિલ્મમાંથી મળતા બોધ કે શીખ દ્વારા પોતાના જીવનની પરિસ્થિતિ સાથે વિચારતાં કરવા અને તેમાંથી યોગ્ય રસ્તો કરતા શીખી શકે તે માટે કેળવવા જોઈએ.

**વ્યક્તિત્વ વિકાસ માટે ઉપયોગી ફિલ્મ્સની યાદી :**

- ચક દે ઈન્ડિયા - પરિશ્રમ દ્વારા કોઈ પણ પરિસ્થિતિ પર વિજય મેળવી શકાય છે.
- દંગલ - સ્ત્રીસશક્તિકરણ
- ભાગ મિલ્ખા ભાગ - સમર્પણ,શિસ્ત અને સખત મહેનત થકી સફળતા મળે છે. જીવનમાં ક્યારેય હાર માનવી નહીં.
- ઈંગ્લિશ વિંગ્લિશ-પોતાની જાતને મહત્ત્વ આપતાં શીખવું.
- જિંદગી ના મિલેગી દુબારા - વર્તમાન સમયમાં ભરપૂર આનંદ સાથે જીવવું.
- ચાલ મન જીતવા જઈએ - સંયુક્ત પરિવાર દ્વારા કોઈ પણ પરિસ્થિતિનો ઉકેલ સરળતાથી આવી શકે છે; અને પરિવારના સભ્યોને સમજવાનો દૃષ્ટિકોણ વિકસે છે.
- શેરશાહ - રાષ્ટ્રપ્રેમ અને દેશભાવના જગાડવામાં સહયોગી.
- 12મું નાપાસ - પોતાના સ્વપ્નને સાકાર કરવા તેની પાછળ લાગ્યા રહેવું જેથી સફળતા પાછળ પાછળ બધી ખુશીઓ લઈને આવશે.
- આઈ એમ કલામ - જીવનમાં મહાન બનવા માટે માણસની પરિસ્થિતિ કરતાં ઈચ્છાશક્તિ બળવાન હોવી જોઈએ.
- થ્રી ઈડીયટ્સ- જીવનમાં નાસીપાસ ન થવું જે થઈ રહ્યું છે તે સારા માટે જ થઈ રહ્યું છે.
- મહર્ષિ - જીવનમાં જે ઈચ્છો તે કેમ હાંસલ કરવું તેની આગવી સૂઝ બતાવે છે.
- તેજસ્વિની - અન્યાયનો સામનો નીડરતાથી કરવો.જીવનમાં હાર ન માનવી.
- ઉડાન - ધ્યેયને પ્રાપ્ત કરવા માટે જીવનમાં આવતી પરિસ્થિતિ કરતા દૃઢ સંકલ્પ વધારે મહત્ત્વનો છે.

# બાળકના માનસ પર ફિલ્મોની અસર



- ડૉ. બિન્નીબેન વી. મહેતા
આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ,
પાંડેસરા, સુરત. મો. ૯૮૭૯૪ ૦૭૭૨૬

બાળકો અને ફિલ્મો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલાં છે. ફિલ્મો બાળકોના જીવનમાં અનેક રીતે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તે માત્ર મનોરંજન જ નથી આપતી, પરંતુ તેમના જ્ઞાનમાં વધારો કરે છે, કલ્પનાશક્તિને પ્રેરણા આપે છે અને તેમને જીવનનાં મૂલ્યો શીખવે છે.

ફિલ્મોની બાળકોના માનસ પર ઘણી ઊંડી અસર થાય છે. ફિલ્મોમાં દેખાડવામાં આવતાં દૃશ્યો, પાત્રો અને વાર્તાઓ બાળકોનાં વિચારો, વર્તન અને લાગણીઓને પ્રભાવિત કરી શકે છે. ફિલ્મોની સારી અને ખરાબ બંને પ્રકારની અસરો થઈ શકે છે.

બાળકો માટે ઘણી ફિલ્મો ઉપલબ્ધ છે, જે તેમને મનોરંજન અને જ્ઞાન બંને આપે છે. અહીં કેટલીક લોકપ્રિય ફિલ્મોની યાદી છેઃ

**એનિમેટેડ ફિલ્મો :**

- **રામાયણઃ** ધ લિજેન્ડ ઑફ પ્રિન્સ રામ : આ ફિલ્મ ભગવાન રામના જીવન પર આધારિત છે.
- **કૃષ્ણ માખણ ચોર :** આ ફિલ્મ ભગવાન કૃષ્ણની બાળપણની વાર્તાઓ પર આધારિત છે.
- **બાલગણેશ :** આ ફિલ્મ ભગવાન ગણેશની બાળપણની વાર્તાઓ પર આધારિત છે.
- **જંગલ બુક :** આ ફિલ્મ રુડયાર્ડ કિપલિંગના પુસ્તક પર આધારિત છે.
- **ધ લાયન કિંગ :** આ ફિલ્મ એક યુવાન સિંહના જીવન પર આધારિત છે.

**લાઈવ-એક્શન ફિલ્મો :**

- **સ્ટેનલી કા ડબ્બાઃ** આ ફિલ્મ એક શાળાના છોકરાની વાર્તા છે.
- **ચિલ્લર પાર્ટીઃ** આ ફિલ્મ બાળકોના એક જૂથની વાર્તા છે જે એક કૂતરાને બચાવવા માટે સાથે આવે છે.
- **તારે જમીન પર :** આ ફિલ્મ ડિસ્લેક્સિયાથી પીડાતા એક છોકરાની વાર્તા છે.
- **આઈ એમ કલામ :** આ ફિલ્મ એક ગરીબ છોકરાની વાર્તા છે જે ભારતના રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલકલામને મળવાનું સપનું જુએ છે.
- **નિલ બટ્ટે સન્નાટા :** આ ફિલ્મ એક માતા અને પુત્રીની વાર્તા છે.

**ગુજરાતી ફિલ્મો :**

- **બેક બેન્ચર :** આ ફિલ્મ એક એવા છોકરાની વાર્તા છે જે અભ્યાસમાં નબળો છે.
- **દેશ રે જોયા દાદા પરદેશ જોયા :** આ ફિલ્મ એક ગુજરાતી પરિવારની વાર્તા છે જે અમેરિકા જાય છે.

આ ફિલ્મો ઉપરાંત, બાળકો માટે ઘણી શૈક્ષણિક ફિલ્મો પણ ઉપલબ્ધ છે. આ ફિલ્મો બાળકોને વિજ્ઞાન, ઈતિહાસ અને ગણિત જેવા વિષયો વિશે શીખવે છે. બાળકો માટે ફિલ્મો પસંદ કરતી વખતે, તેમની ઉંમર અને રુચિઓ ધ્યાનમાં લેવી જરૂરી છે.

**બાળકના મન પર ફિલ્મોની થતી હકારાત્મક અસરો :**

- **સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો વિકાસ :** ફિલ્મો બાળકોની કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે છે અને તેમને નવી દુનિયા અને વિચારો સાથે પરિચય કરાવે છે અને તેમને સર્જનાત્મક બનવા માટે પ્રેરણા આપે છે.
- તે બાળકોને તેમની સર્જનાત્મકતાનો ઉપયોગ કરવાનું શીખવે છે અને તેમને નવી વસ્તુઓ બનાવવાની પ્રેરણા આપે છે.

**જ્ઞાન અને શિક્ષણ :**

- ઘણી ફિલ્મો બાળકોને ઇતિહાસ, વિજ્ઞાન અને સંસ્કૃતિ જેવા વિવિધ વિષયો વિશે શીખવે છે.
- તે બાળકોને નવા શબ્દો અને ખ્યાલો શીખવામાં મદદ કરે છે અને તેમના જ્ઞાનને વિસ્તૃત કરે છે.

**સામાજિક અને ભાવનાત્મક વિકાસ :**

- ફિલ્મો બાળકોને લાગણીઓ સમજવામાં અને તેમની સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે શીખવામાં મદદ કરે છે.
- ફિલ્મો બાળકોને સામાજિક અને ભાવનાત્મક રીતે વિકાસ કરવામાં મદદ કરે છે.
- તે બાળકોને સામાજિક કુશળતા વિકસાવવામાં અને અન્ય લોકો સાથે કેવી રીતે સંબંધ બાંધવો તે શીખવામાં મદદ કરે છે.

**પ્રેરણા :**

- ફિલ્મો બાળકોને તેમનાં સપનાઓનો પીછો કરવા અને ક્યારેય હાર ન માનવાની પ્રેરણા આપે છે.
- તે બાળકોને સકારાત્મક વલણ વિકસાવવામાં અને મુશ્કેલીઓનો સામનો કરવામાં મદદ કરે છે.

**ભાષા વિકાસ :**

- ફિલ્મો બાળકોને નવી ભાષાઓ શીખવામાં અને તેમનો શબ્દભંડોળ વધારવામાં મદદ કરે છે.
- તે બાળકોને વિવિધ બોલીઓ અને ભાષાની શૈલીઓથી પરિચિત કરે છે.

**સાંસ્કૃતિક જાગૃતિ :**

- ફિલ્મો બાળકોને વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓ વિશે શીખવે છે.
- તે બાળકોને વિવિધ લોકો અને જીવનશૈલીઓ માટે આદર વિકસાવવામાં મદદ કરે છે.

**મૂલ્યો અને નૈતિકતા :**

- ફિલ્મો બાળકોને નૈતિક મૂલ્યો અને સારા વર્તન વિશે શીખવે છે.

**સામાજિક કૌશલ્યો :**

- ફિલ્મો બાળકોને મિત્રતા, સહાનુભૂતિ અને સહકાર જેવાં સામાજિક કૌશલ્યો શીખવામાં મદદ કરે છે.

**મનોરંજન અને આનંદ :**

- ફિલ્મો બાળકો માટે મનોરંજનનો એક મુખ્ય સ્ત્રોત છે.

**બાળકના મન પર ફિલ્મોની થતી નકારાત્મક અસરો :**

કેટલીક ફિલ્મોમાં નકારાત્મક મૂલ્યો દર્શાવવામાં આવે છે, જેમકે હિંસા, જાતિવાદ અને દ્વેષ, વ્યસન વગેરે. આ મૂલ્યો બાળકોના માનસ પર નકારાત્મક અસર કરી શકે છે.

**હિંસક વર્તન :**

- હિંસક ફિલ્મો બાળકોને આક્રમક બનાવે છે.
- હિંસક ફિલ્મો જોવાથી બાળકો હિંસક વર્તનનું અનુકરણ કરી શકે છે.
- તેઓ માને છે કે હિંસા સમસ્યાઓનો ઉકેલ લાવવાનો સામાન્ય માર્ગ છે.

**ડર અને ચિંતા :**

- ડરામણી ફિલ્મો બાળકોમાં ડર અને ચિંતા પેદા કરી શકે છે.
- તેઓ રાત્રે ડરી શકે છે અથવા દુઃસ્વપ્નો જોઈ શકે છે.

**જાહેરાતોની અસર :**

- ફિલ્મોમાં આવતી જાહેરાતો બાળકોને ખોટી વસ્તુઓ ખરીદવા માટે લલચાવી શકે છે.

**સમયનો દુર્વ્યય :**

- વધુ પડતી ફિલ્મો જોવાથી બાળકોનો અભ્યાસ અને અન્ય પ્રવૃત્તિઓ પર અસર પડી શકે છે.

**વાસ્તવિકતાથી દૂર :**

- કેટલીક ફિલ્મો વાસ્તવિકતાથી ઘણી દૂર હોય છે.
- બાળકો માટે વાસ્તવિકતા અને કાલ્પનિક દુનિયા વચ્ચેનો તફાવત સમજવો મુશ્કેલ બની શકે છે.

**ખોટા આદર્શો :**

- ફિલ્મો બાળકોને ખોટા આદર્શો અને અપેક્ષાઓ આપે છે.

**વ્યસન :**

- કેટલાંક બાળકો ફિલ્મોનાં વ્યસની બની શકે છે.
- તેઓ વાસ્તવિક જીવનની પ્રવૃત્તિઓથી દૂર થઈ જાય છે.

**સંવેદનહીનતા :**

- હિંસક દૃશ્યોના વારંવાર સંપર્કમાં આવવાથી ભાવનાત્મક પ્રવૃત્તિ ઓછી થઈ શકે છે.
- રોજબરોજના હિંસક સમાચારો અને ઘટનાઓને પ્રતિભાવ આપવાનું શરૂ કરે છે.

**એકાગ્રતાનો અભાવ :**

- હિંસક ફિલ્મ જોવા દરમિયાન બહાર આવતા હોર્મોન્સ મગજ પર અસર કરે છે અને વ્યક્તિને યોગ્ય રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં રોકે છે.

**આત્મસન્માનનો અભાવ :**

- આ નકારાત્મક પરિણામો વ્યક્તિઓને યોગ્ય રીતે કાર્યો કરવાથી અટકાવે છે.
- જો કોઈ વ્યક્તિ કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થ હોય તો તેમની ચિંતાનું સ્તર વધી જાય છે. તેથી સંભવ છે કે તેઓ લાંબાગાળે તેમના ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરી શકતી નથી જે આખરે તેમના આત્મસન્માન અને આત્મવિશ્વાસમાં ઘટાડો કરે છે.

બાળકો માટે યોગ્ય ફિલ્મો પસંદ કરવી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

માતાપિતાએ તેમનાં બાળકો સાથે ફિલ્મો જોવી જોઈએ અને તેમની સાથે ચર્ચા કરવી. માતાપિતાએ ફિલ્મોની સમીક્ષાઓ પણ વાંચવી જોઈએ, જેથી તેઓ ખાતરી કરી શકે કે ફિલ્મો તેમના બાળકો માટે યોગ્ય છે. તેમણે ફિલ્મોની સામગ્રી, રેટિંગ અને ઉંમરની યોગ્યતા ધ્યાનમાં લેવી જોઈએ. બાળકો સાથે ફિલ્મો વિશે ચર્ચા કરવી જોઈએ અને તેમને ફિલ્મોમાં દર્શાવવામાં આવેલી બાબતોને વાસ્તવિક જીવન સાથે જોડવામાં મદદ કરવી જોઈએ. બાળકોને વધુ પડતી ફિલ્મો જોવાથી બચાવવાં જોઈએ અને તેમને અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ. બાળકોને ફિલ્મોની નકારાત્મક અસરોથી બચાવવા માટે માતાપિતાએ તેમનું ધ્યાન રાખવું જરૂરી છે.

**માતાપિતાની ભૂમિકા :**

- ફિલ્મોની પસંદગી : માતાપિતાએ બાળકો માટે યોગ્ય ફિલ્મો પસંદ કરવી જોઈએ.
- ચર્ચા : માતાપિતાએ બાળકો સાથે ફિલ્મો વિશે ચર્ચા કરવી જોઈએ.
- મર્યાદિત સમય : બાળકોને ફિલ્મો જોવા માટે મર્યાદિત સમય આપવો જોઈએ.
- વાસ્તવિકતાનું જ્ઞાન : માતાપિતાએ બાળકોને ફિલ્મો અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત સમજાવવો જોઈએ.

ટૂંકમાં, ફિલ્મો બાળકોના મન પર સકારાત્મક અને નકારાત્મક બંને અસરો કરી શકે છે. માતાપિતાએ તેમનાં બાળકો માટે ફિલ્મો પસંદ કરતી વખતે સમજદારીપૂર્વક નિર્ણયો લેવા જોઈએ અને બાળકોને ફિલ્મોની અસરો વિશે શિક્ષિત કરવાં જોઈએ. ફિલ્મોમાંથી હંમેશાં હકારાત્મક જ બાબતો શીખવી જોઈએ.

અંતે, સિનેમાની દુનિયામાં સપનાઓ છે સુંદર,
બાળકોના દિલમાં વસે છે એક નવું જ અંદર.
ફિલ્મોથી મળે છે જ્ઞાન અને પ્રેરણા,
બાળકોના જીવનમાં લાવે છે એક નવી જ ચેતના.
હીરો અને હઈરોઇનની વાર્તાઓ,
બાળકોના દિલમાં જગાવે છે સપનાઓ.
ફિલ્મોમાં દેખાય છે રંગીન દુનિયા,
બાળકોના મનમાં ઊડે છે કલ્પનાની દુનિયા.
ફિલ્મોથી શીખે છે બાળકો સારી વાતો,
જીવનમાં આગળ વધવાની મળે છે તાકાતો.
સિનેમાનો જાદુ બાળકોને મોહિત કરે છે,
તેમના નાનકડા દિલને ખુશીથી ભરી દે છે.

# બાળક માટે ફિલ્મ પસંદ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો



- ડૉ. બીરવા વી. શાહ
આસિ. પ્રોફેસર- એચ. બી. કાપડિયા કૉલેજ
ઓફ એજ્યુકેશન, અમદાવાદ.
મો. ૯૯૦૯૬૪૧૨૬૨

બાળકો માટે ફિલ્મ પસંદ કરતી વખતે કેટલીક મહત્ત્વપૂર્ણ બાબતો પર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે, કારણ કે છાત્રોની માનસિકતા અને વિચારો પર ફિલ્મોનો સીધો પ્રભાવ પડે છે. અહીં તે બાબતોની યાદી છે, જેમ કે શું વિચારવું જોઈએ અને ફિલ્મ પસંદ કરતાં પહેલાં કયાં પાસાંઓનું અવલોકન કરવું જોઈએ, ફિલ્મ પસંદગીમાં તેમનો મનોરંજન, શીખવા, અને વ્યાવસાયિક વિકાસ સુનિશ્ચિત થવો જોઈએ. બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસને ધ્યાનમાં રાખીને, અહીં કેટલાક મુખ્ય મુદ્દાઓ આપવામાં આવ્યા છે જે તે માટે યોગ્ય ફિલ્મ પસંદ કરવામાં મદદરૂપ થશે.

**1. ઉંમર અને મનોવિજ્ઞાન :**

ઉંમરને અનુરૂપ કન્ટેન્ટ : બાળકોના ઉંમર અનુસાર ફિલ્મની સામગ્રી પસંદ કરવી મહત્ત્વપૂર્ણ છે. 3-6 વર્ષનાં બાળકો માટે સિમ્પલ અને રંગીન એનિમેટેડ ફિલ્મો યોગ્ય રહેશે, જ્યારે 7-10 વર્ષનાં બાળકો માટે એડવેંચર અને હ્યુમર પર આધારિત ફિલ્મો પસંદ કરી શકાય છે.

વિચારો અને ભાવનાઓ : જ્યારે ફિલ્મ પસંદ કરવી હોય, ત્યારે તમારે એ ફિલ્મના થીમ અને મેસેજ પર ધ્યાન આપવું જોઈએ. બાળક પર નકારાત્મક ભાવનાઓ, દુ:ખ, દુશ્મનાવટ કે હિંસા પર આધારિત વિષયનો પ્રભાવ ઓછો કરવો જોઈએ.

**2. શિક્ષણ અને મોરલ મેસેજ :**

શિક્ષણપ્રદ મેસેજ : ફિલ્મોમાં એવી વિધિ દર્શાવવી જોઈએ, જે બાળકને ખોટી રીતે ન શીખવે, પરંતુ તેમના જીવનમાં સાર્થક મેસેજ અને મૂલ્યો દાખલ કરે.

વિશ્વસનીય અને પોઝિટિવ મેસેજ : પાવરફુલ મેસેજ પર ભાર મૂકવો, જે બાળકને પરિસ્થિતિઓનો સકારાત્મક અને ઉદાર દૃષ્ટિકોણ આપે.

**3. આશ્ચર્યજનક અને આનંદપ્રદ કન્ટેન્ટ :**

વિશિષ્ટ દૃશ્ય અને કલ્પનાશક્તિ : બાળકોએ રસપ્રદ અને કલ્પનાશક્તિથી ભરપૂર ફિલ્મો પસંદ કરવી જોઈએ, જેમ કે એનિમેટેડ ફિલ્મો, ડ્રામા, અને સાહસિક કથાઓ, જે તેમની કલ્પનાને પ્રેરણા આપે.

કમ્પ્યૂટરમાં અને એફેક્ટ્સનો ઉપયોગ : જો ફિલ્મમાં આધુનિક 3D અને ગ્રાફિક્સ છે, તો તે બાળકોને પ્રેરિત કરી શકે છે.

**4. હિંસક અને ભયાનક દૃશ્ય :**

હિંસા અને ભયનાં દૃશ્ય : ફિલ્મોમાં કોઈ પણ પ્રકારની હિંસક ઘટના, ભયાવહ દૃશ્ય, અથવા કોઈ એવી ઘટના જો પ્રદર્શિત કરવામાં આવે છે જે બાળકના માનસિક સ્વાસ્થ્ય માટે નુકસાનકારક હોઈ શકે છે, તો તે ફિલ્મથી દૂર રહેવું જોઈએ.

ભય અને ડર : બાળકો માટે ભયજનક હોરર મૂવીઝ અને ડરામણી ફિલ્મો પસંદ કરવી ખતરનાક હોઈ શકે છે.

**5. સંસ્કૃતિ અને ભાવિ દૃષ્ટિકોણ :**

સાંસ્કૃતિક અને સામાજિક ભાવનાઓ : બાળકને તેમનાં સંગઠિત અથવા સમાજમાં મહત્ત્વપૂર્ણ મૂલ્યો વિશે શીખવતી ફિલ્મો પસંદ કરવી જોઈએ.

પ્રેરણાદાયી દૃષ્ટિકોણ : પેઢીવાર ગેરસમજોથી બચવા માટે, બાળકો માટે વિવિધ સમાજો, પરંપરાઓ અને જીવન પદ્ધતિઓનું મહત્ત્વ જણાવતી ફિલ્મો પસંદ કરવી જોઈએ.

**6. દિગ્દર્શક અને ફિલ્મ કન્ટેન્ટનું મૌલિકત્વ :**

પ્રસિદ્ધ દિગ્દર્શક અને રેટિંગ : જ્યારે તમે ફિલ્મ પસંદ કરો, ત્યારે તેનું રેટિંગ અને પ્રખ્યાત દિગ્દર્શક, જે બાળકો માટે યોગ્ય અને સકારાત્મક કન્ટેન્ટ પૂરું પાડે છે, એ વિચારવું યોગ્ય છે.

ફિલ્મની રચના : ફિલ્મની રચના, વાર્તા, પાત્રો અને સંવાદો એ પોઝિટિવ હોવાં જોઈએ, જેથી બાળક સકારાત્મકતાથી સક્રિય રીતે વિચાર કરે.

**7. ફિલ્મની શૈલી અને કન્ટેન્ટ :**

એનિમેટેડ અથવા લાઈવ એકશન : જો બાળક નાનાં છે, તો એનિમેટેડ ફિલ્મો વધુ પસંદગીયોજ્ય છે. પરંતુ, થોડાં મોટાં બાળકો માટે એડવેન્ચર અને કલ્પનાત્મક લાઈવ એકશન ફિલ્મો વધુ રસપ્રદ હોઈ શકે છે.

ધોરણ અને મિનિમમ જરૂરિયાતો : જો ફિલ્મો તમને ગમતી હોય, તો પણ તેની સામગ્રી અને ભાષા પર ધ્યાન આપવું જરૂરી છે. બાળકો માટે શ્રેષ્ઠ એ છે કે તેમાં કંઈ પણ અશ્લીલતા અને ખોટી ભાષા ન હોય.

**8. ફિલ્મનાં પાત્રો :**

પ્રેરણાદાયક પાત્રો : બાળકો માટે તે પાત્રો પસંદ કરવાં જે લોકો ઉદારતા, દયાળુતા, અને ઈમાનદારીને દર્શાવે છે. બાળક એવાં પાત્રોને અનુરૂપ બનાવી શકે છે જે તેમના જીવન માટે સકારાત્મક ઉદાહરણ બની શકે છે.

ફિલ્મનાં પાત્રો અને સશક્ત પાત્રાવલિ : બાળકો માટે મજબૂત અને સકારાત્મક પાત્રો, જેમકે કિશોરો કે એવાં પાત્રો જેમણે કઠિન પરિસ્થિતિઓ સામે ટક્કર લીધી છે, તે પ્રેરણા આપી શકે છે.

**9. બાળકો માટે મનોરંજન :**

હસવું અને આનંદઃ ફિલ્મમાં હસવા માટે ઉમદા દૃશ્ય, સોહામણું હાસ્ય અને રમતિયાળ પળો હોવા જોઈએ. એ સાથે, તમારું બાળક મૂડ અને મનોરંજન અનુભવતું રહેશે.

**10. સમીક્ષાઓ અને મનોવિજ્ઞાનિક અભિગમ :**

સમીક્ષાઓ અને રેટિંગ : ફિલ્મ જોવાનો વિચાર કરતાં પહેલાં, તેની કેટલીક પ્રોફેશનલ અથવા પેરેન્ટલ સમીક્ષાઓ વાંચવી શ્રેષ્ઠ હોય છે. તે તમને મદદ કરી શકે છે કે તે શું યોગ્ય છે અને શું નહીં.

મનોવિજ્ઞાનિક સલાહ : જો ચોક્કસ પ્રકારની ફિલ્મો અથવા વિષયો પર બાળકોના મનોવિજ્ઞાનિક પ્રભાવ વિશે દૂધ લાગતું હોય, તો બાળકના માનસિક સ્વાસ્થ્યનું નમ્રતાપૂર્વક વિશ્લેષણ કરવું.

ઉમર અનુરૂપ સામગ્રી : દરેક ફિલ્મે યોગ્ય વય જૂથ માટે અનુકૂળ હોવી જોઈએ. ફિલ્મમાં અશ્લીલ ભાષા, અશ્લીલ દૃશ્યો, અથવા હિંસક દૃશ્યો ન હોવાં જોઈએ. ઉદાહરણ તરીકે, 3-6 વર્ષનાં બાળકો માટે એનિમેશન ફિલ્મો, મ્યુઝિકલ અને મોજમસ્તી માટેની ફિલ્મો પસંદ કરવી વધુ યોગ્ય રહે છે.

શિક્ષણાત્મક મૂલ્ય : ફિલ્મનો વિષય બાળકોને નવી વાતો શીખવા માટે પ્રેરણા આપતો જોઈએ. તેવા વિષયો પર ધ્યાન આપવું જોઈએ જે બાળકોને સકારાત્મક શીખવિદ્યાઓ આપે, જેમકે સત્ય, દયાળુપણું, પરિશ્રમ, દોષ સહન કરવો અને પરિસ્થિતિઓમાં સંકલ્પ શોધવો.

ભવિષ્યના મૂલ્યો : જે બાળકને સારો માણસ બનવામાં મદદ કરે. સામાજિક જીવન, પરિસ્થિતિ માટેની જવાબદારી, અને પર્યાવરણ સંરક્ષણ જેવી ઘટનાઓ પર આધારિત ફિલ્મો સારી પસંદગી હોઈ શકે છે.

પ્રકૃતિ અને વાતાવરણ : ફિલ્મનાં દૃશ્યો અને વાતાવરણ બાળકો માટે ઉત્તેજક હોવાં જોઈએ. કલ્પના અને સર્જનાત્મકતાને ઉત્તેજન આપતી વાતો કે જેમ કે ફેન્ટસી, પ્રવાસ, અને પ્રાકૃતિક દૃશ્યોનો સમાવેશ કરવો તેમને મનોરંજન અને સાહિત્યિક વિકાસ માટે સહાયક હોય છે.

સાંસ્કૃતિક પ્રતિનિધિત્વ : ફિલ્મમાં વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓના પ્રતિનિધિત્વનું પણ ધ્યાન રાખવું મહત્ત્વપૂર્ણ છે. તે તેમના માનસિક અને સામાજિકીકરણ માટે લાભકારી હોઈ શકે છે.

ફિલ્મની દિગ્દર્શકતા અને વાર્તા : ફિલ્મનું દિગ્દર્શક અને વાર્તાવિશ્લેષણ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તે ફિલ્મમાં પ્રેરણા અને મનોરંજન પ્રદાન કરી શકે છે. યોગ્ય અને સક્ષમ દિગ્દર્શક દ્વારા બનાવેલી ફિલ્મ્સ વધુ લાભદાયક બની શકે છે.

પરિવાર માટેની સામગ્રી : એવી ફિલ્મો પસંદ કરો જે સમગ્ર પરિવાર સાથે માણી શકાય. આ રીતે, ફિલ્મમાં હાસ્ય, સાહસ, અને દયાળુ મૂલ્ય સાથે બાળકો અને તેમનાં

પરિવારજનો સાથે જોડાવાનો આનંદ મળે છે.

સકારાત્મક પાત્રો : ફિલ્મમાં સકારાત્મક પાત્રો અને નાયક હોવાં જોઈએ જેમણે દયાળુ, મહેનતી, અને ચિંતક ચરિત્ર દર્શાવવું જોઈએ. આ રીતે, બાળકો તેમના જીવનમાં આ પાત્રોના ગુણો અપનાવી શકે છે.

બાળકો માટેની ફિલ્મોમાં મનોરંજન અને શિક્ષણનું સારું મિશ્રણ શોધી તેમને તેમના ભાવિ માટે ઉત્તમ ગુણ અને મૂલ્યો પ્રદાન કરી શકાય છે.

ઉંમર માટે યોગ્યતા (Age Appropriateness): બાળકના ઉંમરના અનુરૂપ ફિલ્મ પસંદ કરવી જોઈએ. ખાસ કરીને દર્શાવેલા વિષયો, દશ્ય અને ભાષા સમજાવવી માટે યોગ્ય હોવી જોઈએ. ઉદાહરણ તરીકે, એક નાના બાળક માટે એક જટિલ અને ભયાનક દશ્યોથી ભરપૂર ફિલ્મ યોગ્ય નહીં હોય.

શિક્ષણાત્મક મૂલ્ય (Educational Value): ફિલ્મમાં એવા મેસેજો હોવા જોઈએ જે બાળકોને સમજણ અને સંસ્કાર આપે અને તેમના ભાવનાત્મક અને મૌલિક વિકાસને સહાયક હોય. આ રીતે, ફિલ્મ બાળકોને નવી ભાષા, સંસ્કૃતિ, મૌલિક નૈતિક મૂલ્યો અને જીવન કૌશલ્ય શીખવા માટે પ્રેરણા આપી શકે છે.

**હિંસા અને નકારાત્મક પ્રભાવ (Violence and Negative Impact) :**

ફિલ્મોમાં હોશિયારી, દયાળુતા અને સકારાત્મક વર્તન બતાવવું જોઈએ, જ્યારે હિંસા અને ક્રૂરતા, ભયજનક દશ્યો, અથવા મનોવિજ્ઞાનિક દૃષ્ટિએ નકારાત્મક અસરો માટે સંભાળવું જોઈએ. આ વસ્તુઓ બાળકના માનસિક વિકાસ પર નકારાત્મક અસર કરી શકે છે.

**પરિવારિક અથવા મનોરંજનની રીત (Family-Friendly and Entertainment) :**

બાળફિલ્મો અમુક મનોરંજન અને કોમેડી માટે બનાવવામાં આવે છે, જેથી બાળકો આનંદથી તે જોઈ શકે. ફિલ્મો બાળકોને પરીક્ષાઓ, દોસ્તી અને પરિવાર સાથે જોડાવાના મહત્ત્વને સમજાવે છે.

**પરંપરાગત અને સાંસ્કૃતિક મૂલ્ય (Cultural and Traditional Values)** : ફિલ્મો પરંપરાગત મૂલ્યને પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ મંચ બની શકે છે. દશ્યો, વાર્તા, અને પાત્રોને એવી રીતે રજૂ કરવાં જોઈએ કે તે બાળકની સંસ્કૃતિ અને વારસાને મજબૂત કરે.

બાળકો માટે ફિલ્મોમાં પાત્રો એવાં હોવાં જોઈએ જે પ્રેરણાદાયક, સકારાત્મક અને સહાનુભૂતિથી ભરપૂર હોય. તે બાળકોને એ શિખવાડી શકે છે કે આવાં પાત્રો લોકપ્રિય પાત્રો બને છે.

આ બાબતોને ધ્યાનમાં રાખી, મનોરંજન, શિક્ષણ અને વિકાસ માટે યોગ્ય ફિલ્મ પસંદ કરી શકાય છે, જે બાળકને સકારાત્મક અનુભવ આપે.

---

**હવે**

# બાળવિશ્વ

**વાંચો અને**

# સાંભળો પણ..!



બાળવિશ્વ હવે સમાવેશી (Inclusive) બની રહ્યુ છે. દિવ્યાંગજનો ઉપરાંત સૌ કોઈ આ નવા ઑડિયો માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી શકે છે.

**ધ્વનિમુદ્રણ સૌજન્ય: અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.**

# બાળકના ઉછેર સંદર્ભે ફિલ્મોના લાભાલાભ



- ડૉ. મનીષા એચ. લાખાણી
કાઉન્સિલર,
સુતરવાડા સ્ટ્રીટ-૪, પોરબંદર
મો. ૯૬૩૮૫૬૮૯૭૦

તંદુરસ્ત બાળકનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે ''ચાઈલ્ડ ઈઝ ધ ફાધર ઓફ મેન'' ''બાળકને ભવિષ્યની પુખ્ત વ્યક્તિના વિકાસનું પ્રથમ ચરણ પણ મનાય છે'' તેને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે સ્વીકારવામાં આવે છે જો બાળકને યોગ્ય વારસો અને વાતાવરણ મળી રહે તો તેમના વિકાસ માટે બાળકનું યોગ્ય ઘડતર થઈ શકે. દરેકે દરેક બાળક પોતાની આગવી વિશિષ્ટતા દર્શાવે છે તેવું પણ સ્વીકારવું પડે. તેમના વિકાસ માટે અલગ અલગ ગમા અણગમા તેમને ભણાવવાના વિષયો અને પદ્ધતિઓ નક્કી કરવાનું સૂચવે છે. આમ દરેક બાળકમાં વ્યક્તિગત તફાવત તો રહેલા હોય છે તેથી તેના વિકાસમાં વ્યક્તિગત ધ્યાન આપવું જરૂરી બની રહે છે. બાળકના વૃદ્ધિ અને વિકાસ માટેની આનુવંશિકતા મહત્ત્વનો ફાળો આપે છે. બાળકના જન્મ પૂર્વે જો માતાનું આરોગ્ય સારું હશે તો બાળકનો ગર્ભાધાનથી જ ઉછેર સારો રહેશે. જન્મ પછીનું બાળકનું સ્વાસ્થ્ય તેનું પર્યાપ્ત પોષણ તેના માનસિક વિકાસમાં મહત્ત્વનાં પરિબળો બની રહે છે.

શરીરનાં અંગોમાં થતી વૃદ્ધિ જ્યારે તેની કાર્યક્ષમતામાં થતા સમયસરનો વિકાસ થવો જરૂરી ગણાય છે.

બાળકમાં જુદી જુદી વયે સામાન્ય રીતે જોવા મળતી વૃદ્ધિ અને વિકાસના સ્તરને ઓળખી કાઢવામાં આવ્યા છે આ ઉપરાંત બાળકને થતી માંદગી અને તેમાંથી ઉદ્ભવતી શારીરિક ખામીઓ તેના ઉપર મનોવૈજ્ઞાનિક અસરો કરે છે બાળકના વર્તનમાં પ્રેરણા એ અગત્યનું સ્થાન ધરાવે છે.

**ફિલ્મોની વિધાયક અસરો :**

બાળ મનોવિજ્ઞાન અનુસાર ફિલ્મો બાળકના સામાજિકીકરણ પર તેમની વિચારસરણી, વર્તન અને માનસિક વિકાસને પ્રભાવિત કરે છે. ફિલ્મો બાળકના માનસિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે આજના સમયમાં આમ કહીએ તો ખોટું નહીં કે "AI" ના સમયગાળા દરમિયાન બાળક સતત નાનપણથી જ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરતું જોવા મળતું હોય છે ''માતા પિતા કરતાં વધારે તો બાળકને ટૅક્નોલૉજીમાં વધારે ખબર પડતી હોય છે'' આજે ટૅક્નોલૉજી યુગમાં બાળકને યોગ્ય માર્ગદર્શન અને દિશા મળી રહે એ માટેના પ્રયત્નોની શરૂઆત ઘર કુટુંબમાંથી થવી જોઈએ ફિલ્મજગતની અટપટી ખબરોથી પ્રભાવિત થઈ બાળક પોતાના જીવનમાં પણ અનેક પ્રકારનાં પરિવર્તનો ઇચ્છે છે એમાં ફિલ્મો બાળમાનસ પર ખૂબ જ અસરકારક પુરવાર થઈ છે. જો યોગ્ય સમયં લિમિટેડ સ્ક્રીન ટાઈમથી બાળમાનસ ઉપર સકારાત્મક અસર થાય છે. જેમકે શૈક્ષણિક વિકાસ સામાજિક અને નૈતિક મૂલ્યો દ્વારા બાળકોમાં નવા વિષયોની સમજ વિકસે છે જેમકે વિજ્ઞાન, ગણિત, ભૌતિકશાસ્ત્ર વગેરે જેવા વિષયો પ્રત્યે રુચિ જાગે. શૈક્ષણિક અને ઐતિહાસિક ફિલ્મો દ્વારા બાળમાનસ ઉપર કંઈક નવું કરવાની પ્રેરણા વિકસે છે આ પ્રકારની ફિલ્મો બાળમાનસ પર આગવો પ્રભાવ પાડે છે.

**ફિલ્મોની નિષેધક અસરો :**

મનોરંજનની દુનિયામાં ફિલ્મોનો બાળમાનસ ઉપર આગવો પ્રભાવ પડે છે. એમાંય જો ફિલ્મો નકારાત્મક ભાવ રજૂ કરતી હશે તો બાળકનું શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય આ પ્રકારની ફિલ્મો જોખમમાં મૂકે છે, જેમકે ''હિંસક અને આક્રમક વર્તન'' અમુક પ્રકારની ફિલ્મોના પ્રભાવથી બાળક એક્શન મૂવી કે હિંસકદશ્યવાળી ફિલ્મોથી તેમની મનોસ્થિતિ પર ખૂબ ખરાબ અસર પડે છે તે પોતે પણ આ પ્રકારની ફિલ્મો જોયા પછી પોતાના અધૂરા નોલેજ દ્વારા પોતાના જ જીવન ઉપર હિંસક કૃતિઓ કરવા

પ્રેરાય છે ઘણી વખત તીવ્ર ગુસ્સો અને આક્રમકતા આ પ્રકારની ફિલ્મો જોયા પછી બાળક કરતું જોવા મળે છે ''સામાજિક દૂષણ અને ભ્રમ'' અમુક પ્રકારની ફિલ્મો બાળમાનસ પર આશક્તિ, ભેદભાવ, ખોટા આદર્શો જેવા નકારાત્મક ખ્યાલો અમુક પ્રકારની ફિલ્મો જોયા પછી બાળ માણસ ઉપર અભદ્ર ભાષા, કાલ્પનિકતા વગેરે જેવા દૂષણો ફેલાવાની શક્યતાઓ રહેલી હોય છે માટે જ અમુક પ્રકારની ફિલ્મો બાળમાનસ પર ખૂબ મોટી અસર પડે છે આજે આમ જોઈએ તો અમુક જ ફિલ્મો જે તમે ઘર કુટુંબ સાથે મળીને જોઈ શકો છો ખોટા ખ્યાલોવાળી અભદ્ર ફિલ્મો બાળકની મનોસ્થિતિ પર નકારાત્મક અસરો પાડે છે ક્યારેક બાળક ગેરમાર્ગે દોરાતું પણ જોવા મળે છે. અને સૌથી મોટો પ્રભાવ ''અભ્યાસ પર પડતી અસર'' પર પડે છે.

**સંશોધનો અને તારણો :**

- ઈ.સ. 1960માં અમેરિકન મનોવૈજ્ઞાનિક આલ્બર્ટ બાંદુરા એ બેબીડોલ ઉપર પ્રયોગ કરી એ વાતને સાબિત કરી બતાવી કે ''હિંસા અને આક્રમક વર્તન'' દ્વારા બાળકના સામાજિકીકરણ ઉપર અને વર્તન ઉપર ખૂબ મોટી અસર પડે છે.
- અમેરિકન સાયકોલોજી ઍસોસિએશન એપીએ દ્વારા થયેલા સંશોધન મુજબ હિંસાત્મક સામગ્રી પીરસનારી ફિલ્મો જોનારાં બાળકોમાં હિંસા જ એકમાત્ર ઉપાય છે એવું જીવનમાં માની બેસે છે. પોતાના જીવનમાં વિશ્વાસનું સ્તર ઘટે છે આવાં બાળકો લઘુતાગ્રંથિથી પીડાતાં જોવા મળે છે.
- અમેરિકન ઍકેડમી ઓફ પેજિસ્ટિકના સંશોધન અહેવાલ મુજબ એનિમેટેડ શૈક્ષણિક શો શૈક્ષણિક અને શિસ્તબત વીડિયો સામગ્રી બાળકોની ભાષા અને ગાણિતિક સામગ્રીમાં સુધારો કરે છે.
- નૅશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાઈલ્ડ હેલ્થ એન્ડ વુમન ડેવલોપમેન્ટના સંશોધન અહેવાલ મુજબ ત્રણથી પાંચ વર્ષની વય દરમિયાન બાળકને પ્રેમ, દયા, મિત્રતા, કરુણાના ભાવ, મૂલ્યો શીખવતી ફિલ્મો વધારે અસરકારક હોય છે.
- યુનિવર્સિટી ઓફ મિશિગનના સંશોધન અહેવાલ મુજબ બાળકોમાં હોરર ફિલ્મો ડર અને ભયાનકતા, સ્વાસ્થ્યમાં ખામી ઉત્પન્ન કરે છે.
- ડૉ. જાનસન યુનિવર્સિટી ઓફ વિસડન સંશોધન અહેવાલ મુજબ ચારથી છ વર્ષનાં બાળકોના સંશોધન તારણો રજૂ કરતાં કહ્યું છે કે અંધારું અને ભયાનક અવાજવાળી ફિલ્મો બાળ માનસ પર ખૂબ મોટી અસર પડે છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન્સ WHO સંશોધન તારણ અનુસાર પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે ''એક કલાકથી વધુ સ્ક્રીન ટાઇમ જોખમકારક સાબિત થઈ શકે છે'' હાવડ મેડિસિન સ્કૂલના સંશોધન અહેવાલ મુજબ લાંબા સમય સુધી ટીવી-મોબાઇલ જોનારાં બાળકોમાં આંખોની ખામી, એકાગ્રતામાં કમી જોવા મળી છે વગેરે વિવિધ પ્રકારનાં સંશોધનો દ્વારા એ સાબિત થયું છે કે ફિલ્મો એ બાળમાનસ પર મોટી અસર પહોંચાડે છે.

**સારાંશ :**

''ફિલ્મો બાળક માટે શસ્ત્ર કે શિલ્પ બની શકે છે'' જો બાળકોને માતાપિતા દ્વારા યોગ્ય માર્ગદર્શન અને દેખરેખ સાથે યોગ્ય રોલ મૉડલ દર્શાવતી ફિલ્મો બાળકો પર વધુ અસર કરે છે. તેમને ધ્યેયપ્રાપ્તિ સુધી અગ્રેસર બનવા માટે પ્રેરણા પણ પૂરી પાડે છે. માટે જ માતાપિતાએ બાળકોના ''સ્ક્રીન ટાઇમને મોનિટરિંગ કરવું ખૂબ જરૂરી છે'' અયોગ્ય અભદ્ર ભાષા, ટિપ્પણી, હિંસા રજૂ કરતી, કાલ્પનિક અહેવાલો રજૂ કરતી ફિલ્મોથી બાળકોને દૂર રાખવાં સલામતભર્યું રહે છે, જે બાળકોના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય ઉપર અસર ઉત્પન્ન કરે છે સકારાત્મક મૂલ્યો દર્શાવતી શૈક્ષણિક ફિલ્મોની બાળમાનસ પર ફાયદાકારક અસર પડે છે અને આવી ફિલ્મો સ્વાસ્થ્યને પણ જોખમમાં મૂકતી નથી માટે જ બાળકને યોગ્ય કેળવણી અને માર્ગદર્શન દ્વારા ફિલ્મોના દુસ્પ્રભાવથી બચાવી શકાય.

# ફિલ્મો : ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોનો સમન્વય



- ડૉ. તેજસ એ. ઠક્કર
આસિ. પ્રોફેસર- એસ. વી. કોલેજ
ઓફ એજ્યુકેશન, કડી.
મો. ૯૪૦૮૦૨૨૪૭૭

ચિત્રપટ એટલે મનોરંજન. પરંતુ આજે ચિત્રપટ મનોરંજન પૂરતું રહ્યું નથી. ભારતીય ચલચિત્ર (સિનેમા) દેશની સંસ્કૃતિ, જીવનમૂલ્યો, શિક્ષણ અને વિવિધ પરંપરાઓને ઉજાગર કરે છે. સમાજના બદલાવ માટે એક પ્રભાવશાળી સાધન છે. પ્રાચીન અને અર્વાચીન એવા જન જાગૃતિના મુદ્દાઓને સમાજ સમક્ષ પ્રસ્તુત કરે છે. દૃશ્ય અને શ્રાવ્ય સાધન હોવાથી નાના બાળકથી લઈને વૃદ્ધા સુધીના તમામ લોકો ચલચિત્ર (સિનેમા) દ્વારા અઘરામાં અઘરી બાબતો સરળતાથી સમજી શકે છે.

આ લેખમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું વિશ્લેષ્ણ કરવામાં આવશે.

**ભારતીય સંસ્કૃતિનો પરિચય અને ફિલ્મોની ભૂમિકા :**

ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. જેમાં, વિવિધ ભાષાઓ, ધર્મો, પરંપરાઓ, જીવન જીવવાની રીતભાતનો સમાવેશ થાય છે. ચલચિત્ર (સિનેમા) આ દરેક બાબતને રજૂ કરી ભારતીય સંસ્કૃતિને આકર્ષક બનાવે છે.

અવતાર, સ્વર્ગ, હમ આપ કે હૈ કોન, હમ સાથ સાથ હૈ, કભી ખુશી કભી ગમ અને બાગબાન જેવી ફિલ્મો કુટુંબ પ્રત્યેની ફરજો, ભાવનાઓ, પ્રેમ, સમર્થન અને સંયુક્ત કુટુંબ પ્રથાને યોગ્ય રીતે રજૂ કરે છે.

દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, રામલીલા, પ્રેમ રતન ધન પાયો, બજરંગી ભાઇજાન અને કાઈપો છે.. જેવી ફિલ્મો ભારતીય તહેવારો અને લોક જીવનનાં વિવિધ પાસાંઓને રજૂ કરે છે.

લગાન, ભૂલભુલૈયા, ઑ માય ગોડ, પી કે, બાહુબલી તેમજ તાન્હાજી જેવી ફિલ્મો ધર્મ, આસ્થાઓ અને પરંપરાઓને પ્રગટ કરે છે.

**શૈક્ષણિક સંદેશ અને જીવન મૂલ્યો :**

આજના યુગમાં ફિલ્મો, શિક્ષણ પ્રત્યે જાગૃતતા ફેલાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણમાં વંચિત બાળકો માટે તક પૂરી પાડે છે. વિજ્ઞાનમાં વધુમાં વધુ રસ પેદા થાય. ઉપરાંત રમતગમત, નોકરીમાં નૈતિકતા અને મહિલાઓ માટે શિક્ષણ, જેવો પ્રયાસ ફિલ્મો દ્વારા કરવામાં આવે છે.

હીચકી, સુપર 30, 3 ઇડિયટ્સ, તારે જમી પર, આઇ એમ કલામ અને ઇંગ્લિશ વિંગ્લિશ જેવી ફિલ્મો શૈક્ષણિક તેમજ જીવનમૂલ્યોને ઉજાગર કરે છે.

ટોઇલેટ એક પ્રેમકથા, પિંક, દંગલ, લંચબોક્સ, સ્વદેશ અને આર્ટિકલ 15 જેવી ફિલ્મો સમાજમાં અન્યાય, આરોગ્ય, માનવતાવાદ અને લિંગભેદ જેવી વગેરે બાબતો વિશે શીખ આપે છે.

**લોક જીવન અને ફિલ્મો :**

ભારતીય લોકજીવનમાં સંસ્કૃતિ અને વિવિધતાઓનું મિશ્રણ જોવા મળે છે. આ તમામ બાબતો લોકોને પૂર્ણ બનાવે છે. ભારતીય ફિલ્મોમાં ગ્રામીણ અને શહેરી જીવન, રિવાજો, તહેવારો, લોકસંગીત, લોકનૃત્યનું દર્શન થાય છે. ફિલ્મો સમાજનું દર્પણ છે, જેની અસર સમાજ ઉપર પડે છે.

મધર ઇન્ડિયા, કિસાન, અંતિમ : ધ ફાઇનલ ટ્રુથ, ક્વિન, જિંદગી ના મિલેંગી દોબારા, મેરિકોમ, રાજી અને મર્દાની જેવી ફિલ્મો ભારતીય લોક જીવનપર પ્રકાશ પડે છે.

**પ્રાદેશિક સંસ્કૃતિઓનું પ્રતિનિધિત્વ :**

ભારતીય ચલચિત્ર (સિનેમા)માં પ્રાદેશિક સંસ્કૃતિઓનું એટલે કે વિવિધતાનું પણ દર્શન થાય છે.

હેલ્લારો - ગુજરાતી સંસ્કૃતિ, રબને બનાદી જોડી - પંજાબી સંસ્કૃતિ, જોધા અકબર - રાજસ્થાની સંસ્કૃતિ,

દેવદાસ - બંગાળી સંસ્કૃતિ, લગે રહો મુન્નાભાઈ - મહારાષ્ટ્રની સંસ્કૃતિ, હૈદર - કાશ્મીરી સંસ્કૃતિ વગેરે જેવી અનેક પ્રાદેશિક સંસ્કૃતિએ પ્રદેશની ઓળખ, પરંપરા અને જીવનશૈલીને લોકો સુધી પહોચાડવામાં આવે છે.

**દેશભક્તિ અને રાષ્ટ્રીયતાનું પ્રતિબિંબ :**

દેશભક્તિ પર બનેલ ફિલ્મોથી લોકોમાં રાષ્ટ્ર પ્રત્યે સમર્પણની ભાવના જાગે છે. ભારતની સ્વતંત્રતામાં આપેલાં બલિદાનો, સંઘર્ષ અને વાસ્તવિક ઘટનાઓ રજૂ કરવામાં આવે છે. જેનાથી નાગરિકોમાં દેશ પ્રત્યેની ભાવના જાગૃત થાય છે.

ઉદા. તરીકે જોઈએ તો, બોર્ડર, ઉરી ધ સર્જીકલ સ્ટ્રાઇક, કેસરી, મંગલ પાંડે, ચક દે ઈન્ડિયા, રંગ દે બસંતી જેવી ફિલ્મો યુવાનોને રાષ્ટ્ર પ્રત્યે પ્રેરણા આપે છે.

**ફિલ્મો અને શિક્ષણક્ષેત્રમાં તેની અસર :**

દૃશ્ય અને શ્રાવ્ય સાધન હોવાથી વિષયને સરળ અને સ્પષ્ટ બનાવે છે અને લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.

- ઈતિહાસને વાંચન કરતાં જીવંત બનાવે છે.
- પ્રેરણાદાયી વાર્તાઓ દ્વારા સંસ્કારોનું સિંચન કરે છે.
- એનિમેટેડ ફિલ્મો દ્વારા નાનાં બાળકોને અઘરો લાગતો વિષય ગણિત - વિજ્ઞાન સરળ બનાવી શકાય.
- વિજ્ઞાનની નવી શોધ આધારિત ફિલ્મોથી બાળકોમાં વૈચારિક શક્તિ વધે છે.
- જીવનમાં આવતી સમસ્યાઓથી અવગત કરતી ફિલ્મોથી જીવનરૂપી ફિલોસોફી સમજી શકે છે.
- ડોક્યુમેન્ટરી ફિલ્મનો શાળાકક્ષાએ સારો ઉપયોગ થાય શકે છે.
- મોબાઈલ એપ્લિકેશન અને ઑનલાઇન પ્લેટફોર્મ શિક્ષણને નવી દિશા આપે છે.
- બાળકો જીવનરૂપી સમસ્યાઓથી અવગત થાય.
- સ્પર્ધાત્મક ભૂમિકા માટે પ્રેરણા પૂરી પાડે છે.
- દીકરીઓને આત્મવિશ્વાસ અને આત્મ-નિર્ભરતાનો સંદેશો આપે છે.

**ફિલ્મોની સમાજમાં હકારાત્મક અને નકારાત્મક અસર :**

**હકારાત્મક અસર :**

1. ભારતીય સંસ્કૃતિને ગૌરવ અપાવે છે.
2. વિશેષ જિંદગીનાં મૂલ્યો પર ભાર મુકાય છે.
3. સમાજમાં સુધારા લાવવા માટેનું શ્રેષ્ઠ માધ્યમ.
4. વિશ્વ ફલક પર ભારતીય છાપ ઊભી કરી શકે.
5. પ્રેરણાદાયી ફિલ્મોથી યુવાનો પ્રેરિત થઈ શકે.
6. શિક્ષણનાં મૂલ્યોને સમજી શકે.
7. નૈતિકતામાં વધારો પણ થાય શકે.
8. દેશભક્તિની ભાવના માટે પ્રેરણા આપે છે.

**નકારાત્મક અસર :**

1. શિક્ષણ પર બનેલ ફિલ્મો વધુ લોકપ્રિય બનતી નથી.
2. મોટેભાગે બનાવેલ સ્ટોરી જ જોવા મળે છે.
3. યુવાનો માટે ખોટી અપેક્ષાઓ પેદા કરે છે.
4. અશ્લીલ ભાષા કે અશ્લીલતા દર્શાવવી.
5. હિંસક દશ્યોનું પ્રદર્શન.

આમ, ફિલ્મો બાળકોમાં સામાજિક અને માનસિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ફિલ્મો શિક્ષણને નવી દિશા આપી શકે છે. આપણી સંસ્કૃતિને ધ્યાનમાં રાખી જો ફિલ્મોનું નિર્માણ કરવામાં આવે તો શિક્ષણ અને સમાજમાં તે અસરકારક સાબિત થઈ શકે છે. શૈક્ષણિક ક્ષેત્રે જો તેનો ઉપયોગ થાય તો ભવિષ્યની પેઢીને વધુ સમજદાર બનાવી શકાય. સાથે કહી શકાય કે શિક્ષણ અને નૈતિકતા માટે જો ફિલ્મો પાસે એક દૃષ્ટિ હોય તો દર્શકોએ તેનો વધુમાં વધુ લાભ લેવો જોઈએ.

# માતા-પિતા અને શિક્ષકો માટે માર્ગદર્શક ફિલ્મો



- ધ્રુમિલ એ. રાજ્યગુરુ
આસિ. પ્રોફેસર, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ, બી.એડ. કોલેજ, ગાંધીનગર
મો. ૭૪૦૫૫૪૫૭૧૨

આજના યુગમાં બાળકો માટે શ્રેષ્ઠ શૈક્ષણિક સામગ્રી પસંદ કરવાનો પડકાર સતત વધી રહ્યો છે. ટેક્નોલૉજી અને મીડિયા પર વધતા જતા ભરપૂર કન્ટેન્ટ સાથે, બાળકો માટે યોગ્ય ફિલ્મો પસંદ કરવી માતા-પિતા અને શિક્ષકો માટે એક મહત્ત્વપૂર્ણ જવાબદારી બની ગઈ છે. ઘણી વખત, ફિલ્મોને માત્ર મનોરંજનનું માધ્યમ માની લેવામાં આવે છે, પણ હકીકતમાં, ફિલ્મો શિક્ષણ માટે એક શક્તિશાળી સાધન બની શકે છે. શૈક્ષણિક ફિલ્મો શિક્ષણને રસપ્રદ બનાવે છે અને બાળકોની સમજશક્તિ, સંવેદનશીલતા અને કૃતિશીલતા વિકસાવવામાં મદદરૂપ થાય છે. આ લેખમાં, શિક્ષણ માટે શ્રેષ્ઠ ફિલ્મો કેવી રીતે પસંદ કરવી, શૈક્ષણિક સિનેમાનો સમાજ અને બાળક પર કેવો પ્રભાવ પડે છે અને શાળાઓમાં તેનો કેવી રીતે અસરકારક ઉપયોગ કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

**શૈક્ષણિક ફિલ્મોનું મહત્ત્વ :**

શૈક્ષણિક ફિલ્મો માત્ર મનોરંજન જ નહિ પરંતુ તે એક શક્તિશાળી શિક્ષણ સાધન તરીકે કાર્ય કરે છે. આ પ્રકારની ફિલ્મો શિક્ષણને વધુ જીવંત, સાહજિક અને અનુભૂતિજનક બનાવે છે. આ દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા બાળકો અને યુવાનોને જટિલ ખ્યાલોને સરળતાથી સમજવામાં અને યાદ રાખવામાં મદદ મળે છે.

શૈક્ષણિક ફિલ્મો બાળમન અને યુવાનોના વિકાસ માટે વિવિધ રીતે મદદરૂપ થાય છે. તે શીખવાની મનોવિજ્ઞાનિક પદ્ધતિ તરીકે કાર્ય કરે છે, બાળકોની તર્કશક્તિ અને સંવેદનશીલતા વિકસાવવામાં સહાય કરે છે અને સમાજશાસ્ત્રીય તથા વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેઓમાં જાગૃતિ લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

1. શીખવાની મનોવિજ્ઞાનિક પદ્ધતિ તરીકે શૈક્ષણિક ફિલ્મો

શિક્ષણવિદો માને છે કે માનવ મગજ દશ્ય અને અવાજ દ્વારા શીખવામાં વધુ અસરકારક સાબિત થાય છે. શૈક્ષણિક ફિલ્મો મલ્ટિસેન્સરી (multi-sensory) લર્નિંગ માટે ઉત્તમ છે, કારણ કે તેમાં દશ્ય, અવાજ અને લાગણીઓનો સમન્વય હોય છે. જ્યારે કોઈ વિષય ફિલ્મના સ્વરૂપમાં રજૂ થાય, ત્યારે તે વધુ રસપ્રદ અને યાદગાર બની જાય છે. ઉદાહરણ તરીકે, "Taare Zameen Par" શૈક્ષણિક સિનેમાની એક શ્રેષ્ઠ કૃતિ છે, જે શૈક્ષણિક મુશ્કેલીઓનો સામનો કરતાં બાળકોની મુશ્કેલીઓ અને મગજની કાર્યશૈલીને સુંદર રીતે દર્શાવે છે.

2. શૈક્ષણિક ફિલ્મો દ્વારા તર્કશક્તિ, સંવેદનશીલતા અને સર્જનાત્મકતાનો વિકાસ શૈક્ષણિક ફિલ્મો બાળકોના બૌદ્ધિક અને લાગણશીલ વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે.

- તર્કશક્તિ (Logical Thinking)નો વિકાસ : વૈજ્ઞાનિક અને ઈતિહાસ આધારિત ફિલ્મો બાળકોમાં વિશ્લેષણાત્મક વિચારશક્તિ અને સમસ્યા ઉકેલવાની કુશળતા વિકસાવે છે.
- સંવેદનશીલતા (Emotional Sensitivity)નો વિકાસ : સામાજિક અને ભાવનાત્મક વિષયોને આવરી લેતી ફિલ્મો બાળકોમાં સહાનુભૂતિ અને લાગણીશીલતા વિકસાવે છે.
- સર્જનાત્મકતા (Creativity)નો વિકાસ : એનિમેટેડ અને કલાત્મક શૈક્ષણિક ફિલ્મો વિદ્યાર્થીઓમાં નવીન વિચારશૈલી વિકસાવે છે અને અભ્યાસને વધુ પ્રયોગાત્મક બનાવે છે.

ઉદા. તરીકે, "Stanley Ka Dabba" શાળાના જીવન અને બાળકોની માનસિકતાને સમજવા માટે ઉત્તમ ફિલ્મ છે.

3. શૈક્ષણિક ફિલ્મોનો સમાજશાસ્ત્રીય અને વૈજ્ઞાનિક પ્રભાવ. શૈક્ષણિક ફિલ્મો વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો, સામાજિક જવાબદારી અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવે છે.

- સમાજશાસ્ત્રીય મહત્ત્વ : સામાજિક ન્યાય, જાતિ સમાનતા અને નાગરિક જવાબદારીનો સંદેશો આપતી ફિલ્મો બાળકોમાં સમાજ પ્રત્યેની સમજણ વિકસાવે છે.
- વૈજ્ઞાનિક મહત્વ : ટૅક્નોલૉજી અને વિજ્ઞાન સાથે જોડાયેલી ફિલ્મો દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક ચેતના અને નવીન શોધો માટે ઉત્સુકતા વધે છે.

ઉદાહરણ તરીકે, "Swades", "Dangal", અને "The Martian" જેવી ફિલ્મો સમાજ અને વિજ્ઞાનમાં શિક્ષણના મહત્ત્વને રેખાંકિત કરે છે.

શૈક્ષણિક ફિલ્મો માત્ર શીખવાની એક સહાયક પદ્ધતિ નથી, પરંતુ તે વિદ્યાર્થીઓના મગજના સર્વાંગી વિકાસ માટે ખૂબ ઉપયોગી છે. તે શાળાકીય અભ્યાસક્રમની સમજણ વધારવા ઉપરાંત, બાળકોનાં તર્કશક્તિ, સંવેદનશીલતા, સર્જનાત્મકતા અને નૈતિક મૂલ્યોને વિકસાવવામાં પણ સહાય કરે છે. આજના યુગમાં, જ્યારે શિક્ષણ વધુ ઇન્ટરેક્ટિવ બની રહ્યું છે, ત્યારે શૈક્ષણિક ફિલ્મો શિક્ષણ માટે ક્રાંતિરૂપ સાબિત થઈ શકે.

4. શૈક્ષણિક ફિલ્મોના ઉપયોગ માટે સજ્જતા (Implementation of Educational Films)

શૈક્ષણિક ફિલ્મોને શાળાઓ અને ઘરગથ્થુ શિક્ષણમાં વધુ અસરકારક બનાવવા માટે કેટલાંક પગલાં લેવામાં આવી શકે :

શાળાઓએ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ફિલ્મો દર્શાવવાની વ્યવસ્થા કરવી જોઈએ અને શિક્ષકો દ્વારા ફિલ્મોની ચર્ચા અને વિષયાનુસાર એનાલિસિસ કરી તેમાંથી શૈક્ષણિક મૂલ્ય ઉપજાવવું જોઈએ. અભ્યાસક્રમમાં વિષયસંબંધિત શૈક્ષણિક ફિલ્મો અને ડોક્યુમેન્ટરીઝનો સમાવેશ કરવાથી શીખવાની પ્રક્રિયા વધુ જીવંત અને અસરકારક બની શકે. આ ઉપરાંત, શૈક્ષણિક ફિલ્મો વાંચન અને લેખન કૌશલ્ય વિકસાવવા માટે પણ ઉપયોગી બની શકે છે, જેમાં વિદ્યાર્થીઓને ફિલ્મો અંગે સમીક્ષા લેખન અને ચર્ચા માટે પ્રોત્સાહિત કરવામાં આવે, જેથી તેઓનાં અભિવ્યક્તિ કૌશલ્યો અને વિચારશક્તિનો વિકાસ થઈ શકે.

શૈક્ષણિક ફિલ્મો શિક્ષણ અને માનવ વિકાસ માટે એક શક્તિશાળી સાધન છે. તે માત્ર મનોરંજન પૂરું પાડતી નથી, પણ બાળકોમાં તર્કશક્તિ, સંવેદનશીલતા, અને સર્જનાત્મકતા વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શૈક્ષણિક સિનેમા શિક્ષણને જીવંત અને સ્પર્શક બનાવે છે, જેનાથી વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શૈક્ષણિક અનુભવ મળી શકે.

"ફિલ્મો માત્ર મનોરંજન માટે જ નહીં, પરંતુ શિક્ષણ અને જીવનના સંદેશ માટે પણ મહત્ત્વપૂર્ણ છે."

5. શૈક્ષણિક ફિલ્મોની પસંદગી માટેના માપદંડ (Criteria for Selecting Educational Films)

ફિલ્મ પસંદ કરતી વખતે નીચેના માપદંડો ધ્યાનમાં રાખવા જોઈએઃ

- ઉંમર અનુસાર (Age-Appropriate Films)

| **ઉંમર** | **વિષય** | **શૈક્ષણિક ફિલ્મ** |
|---|---|---|
| 3-7 વર્ષ | પર્યાવરણ | Finding Nemo, The Lorax |
| 8-12 વર્ષ | શૈક્ષણિક અને પ્રેરણાદાયી | Iqbal, Chak De India |
| 13+ વર્ષ | વૈજ્ઞાનિક અને ઇતિહાસ આધારિત | Interstellar, Super 30 |

**સામાજિક-સાંસ્કૃતિક સંદેશ અને શૈક્ષણિક વિષયોની સમજ :**

શૈક્ષણિક ફિલ્મોની પસંદગી કરતી વખતે સામાજિક અને સાંસ્કૃતિક સંદેશ તેમજ શૈક્ષણિક વિષયોની સમજ જેવા માપદંડો મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ફિલ્મ્સમાં માત્ર શૈક્ષણિક મુદ્દાઓ જ નહીં, પણ સમાજમાં સહાનુભૂતિ, નૈતિક મૂલ્યો, અને સંસ્કૃતિને ઉજાગર કરતો સંદેશ હોવો જોઈએ. ઉદાહરણ તરીકે, "The Man Who Knew Infinity" ફિલ્મ ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની અનન્ય ગાણિતીક શોધો અને વૈજ્ઞાનિક વિચારશક્તિ વિશે સમજ આપે છે, જ્યારે "Rocketry"

ફિલ્મ ભારતના મહાન વિજ્ઞાનિક ડૉ. નાંબી નારાયણનના શોધકાર્ય અને વિજ્ઞાન ક્ષેત્રે તેમના યોગદાન પર પ્રકાશ પાડે છે. આવા શૈક્ષણિક સિનેમા માત્ર માહિતી પૂરી પાડતાં નથી, પણ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ અને તર્કશક્તિ વિકસાવવામાં સહાય કરે છે. શ્રેષ્ઠ શૈક્ષણિક ફિલ્મોનો સમાવેશ કરવાથી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વધુ જીવનપ્રેરક અને સાહસજનક બની શકે, જેનાથી તેઓ શીખવા માટે વધુ ઉત્સુક બને.

**શૈક્ષણિક સિનેમાનો બાળકો પર પડતો પ્રભાવ :**

શૈક્ષણિક ફિલ્મો બાળકો અને યુવાનોના બૌદ્ધિક, સાંસ્કૃતિક અને ભાવનાત્મક વિકાસ માટે સક્રિય ભૂમિકા ભજવે છે. આ ફિલ્મો વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને કુશળતા વિકસાવવામાં મદદરૂપ થાય છે, કારણ કે ફિલ્મો દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા શીખવાની પ્રક્રિયાને વધુ આકર્ષક બનાવે છે. વિજ્ઞાન અને ઇતિહાસ આધારિત ફિલ્મો દ્વારા વિશ્વદૃષ્ટિ અને સમજ વિકસે છે, જે વિદ્યાર્થીઓને તર્કશક્તિ વિકસાવવામાં સહાય કરે છે.

તેમ છતાં, સિનેમાના કેટલાક નકારાત્મક પ્રભાવો પણ જોવા મળે છે. અયોગ્ય અને અસંસ્કારપૂર્ણ OTT સામગ્રીનો વધારે પડતો ઉપયોગ બાળકોના માનસ પર પ્રતિકૂળ અસર પાડી શકે છે. હિંસક અથવા અભદ્ર સામગ્રી તેમની માનસિકતા પર નકારાત્મક અસર કરી શકે છે. તેથી, માતા-પિતા અને શિક્ષકોએ શૈક્ષણિક અને યથાર્થપૂર્ણ ફિલ્મોની પસંદગી કરવી જોઈએ. ઉકેલ રૂપે, શાળાઓમાં ફિલ્મોના પરિષ્કૃત ઉલ્લેખ અને ચર્ચા કાર્યક્રમો રાખવા જોઈએ, જેનાથી વિદ્યાર્થીઓ યોગ્ય મૂલ્યો શીખી શકે. આજના OTT યુગમાં, શૈક્ષણિક સિનેમા વધુ ઉપલબ્ધ અને અસરકારક બન્યું છે. Netflix Kids, National Geographic, અને Discovery+ જેવા પ્લેટફોર્મ પર રહેલી Our Planet, Cosmos, History 101 જેવી શૈક્ષણિક શ્રેણીઓ વિજ્ઞાન અને ઇતિહાસમાં રસ જમાવે છે. શોર્ટ ફિલ્મો, જેમકે The Present અને One Small Step, ટૂંકા ગાળાના શૈક્ષણિક પરિપ્રેક્ષ્યમાં નોંધપાત્ર અસર પાડે છે. શાળાઓ અને ઘરોમાં શૈક્ષણિક ફિલ્મોના ઉપયોગ માટે શાળાઓમાં શૈક્ષણિક ફિલ્મ સ્ક્રીનિંગ કાર્યક્રમો યોજવા અને અભ્યાસક્રમમાં તેમના સુસંગત સમાવેશ માટે પ્રયાસ કરવા જોઈએ. જો માતા-પિતા અને શિક્ષકો ફિલ્મને યોગ્ય રીતે માર્ગદર્શન આપશે, તો શિક્ષણ અને મનોરંજનનું આ સમન્વયિત માધ્યમ વિદ્યાર્થીઓ માટે એક સશક્ત શિક્ષણ સાધન બની રહેશે.

**શૈક્ષણિક સિનેમા માટે માર્ગદર્શિકા: માતા-પિતા અને શિક્ષકો માટે**

| મુદ્દા | માતા-પિતા માટે માર્ગદર્શિકા | શિક્ષકો માટે માર્ગદર્શિકા |
|---|---|---|
| ચોકસ પસંદગી | બાળકો માટે ઉચિત અને ઉંમરને અનુરૂપ શૈક્ષણિક ફિલ્મો પસંદ કરો. | અભ્યાસક્રમ સાથે સંબંધિત ફિલ્મો અને ડોક્યુમેન્ટરીઝ પસંદ કરો. |
| શૈક્ષણિક મૂલ્ય | મનોરંજન સાથે શૈક્ષણિક અને નૈતિક સંદેશ આપતી ફિલ્મો પસંદ કરો. | વિષયશાસ્ત્રને સમજવામાં સહાયરૂપ થતી ફિલ્મો પ્રયોગશાળાઓમાં અથવા વર્ગમાં પ્રદર્શિત કરો. |
| વિવેચન અને ચર્ચા | ફિલ્મ જોયા પછી બાળકો સાથે ચર્ચા કરો અને તેમની સમજ વધારો. | વિદ્યાર્થીઓને ફિલ્મ જોયા પછી પ્રશ્નોત્તરી અથવા ચર્ચામાં સામેલ કરો. |
| સમય નિયંત્રણ | બાળકોની સ્ક્રીન ટાઈમ મર્યાદિત રાખો અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંતુલન જાળવો. | શૈક્ષણિક કાર્યક્રમમાં ફિલ્મોનો યોગ્ય સમયગાળો ગોઠવો. |
| પ્લેટફોર્મ પસંદગી | Netflix Kids, National Geographic, Discovery+ વગેરેના શૈક્ષણિક વિકલ્પો પસંદ કરો. | માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સ્ત્રોતો અને પદ્ધતિઓ પર આધારિત ફિલ્મો પસંદ કરો. |

# બાળકને બતાવી શકાય તેવી ફિલ્મોની યાદી



- મહંમદહનિફ એ. મેમણ
ઉપશિક્ષક ખરડોસણ પ્રા. શાળા
તા. ડીસા, જિ. બનાસકાંઠા
મો. ૯૪૨૭૬૮૮૪૭૭

ફિલ્મ વિદ્યાર્થીઓ માટે શિક્ષણ આપવાનું એક અસરકારક માધ્યમ છે. તેના વડે અસરકારક અધ્યાપન અનુભવ આપી શકાય છે. અને વિવિધ વિષયને લગતી માહિતી ફિલ્મ દ્વારા પ્રભાવશાળી રીતે વિદ્યાર્થીઓમાં એક નવો જ ઉત્સાહ વધારે છે. વિદ્યાર્થીઓને ફિલ્મ જોવાની ગમે છે. વધુ રસ પડે છે. તેથી તે ધ્યાન કેન્દ્રિત કરીને જુએ છે.

આજના સમયે વિદ્યાર્થીઓને બતાવી શકાય ફિલ્મોની યાદી નીચે મુજબ છે.

1. તારે ઝમીં પર : આ ફિલ્મમાં આઠ વર્ષીય ઇશાન દર્શીલ સફારીની વાર્તા કહેવામાં આવી છે. જે પોતાના પરિવાર માટે માનસિક રીતે પીડાય છે. શિક્ષકની ઓળખ રામશંકર નિકુંભ દ્વારા કરવામાં આવી છે.
2. ચિલ્લર પાર્ટી : આ બાળકોની ગેંગની વાર્તા છે, જે ખૂબ નિર્દોષ છે. તેમને કોઈ ચિંતા નથી અને સુખી જીવન જીવે છે. જ્યારે કોઈ સમસ્યા ઊભી થાય છે ત્યારે તેઓ ગભરાતાં નથી અને સાથે લડવાનું નક્કી કરે છે.
3. તહાન : આ ફિલ્મ એક નાના છોકરા અને તેના પાલતું ગધેડાના જીવન પર આધારિત છે. આઠ વર્ષીય તહાન કેવી રીતે પોતાના ગધેડાને પાછો મેળવે છે તે દર્શાવે છે.
4. સ્લમડોગ મિલિયોનર : આ ફિલ્મ ઝૂંપડપટ્ટી-વાસીઓ પર શૂટ કરવામાં આવી છે. આ ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે ખોટા-કામનું પરિણામ હંમેશાં ખોટું હોય છે.
5. નીલ બટે સન્નાટા : આ ફિલ્મ ગરીબ માતા-પુત્રી પર આધારિત છે. આ ફિલ્મ જણાવે છે કે સપનાના મરણ એ સૌથી ખતરનાક છે અને મનુષ્યના સપનાના મરણ કરતાં મોટી કોઈ પીડા નથી.
6. આઇ એમ કલામ : આ ફિલ્મ છોટુ નામના 12 વર્ષના બુદ્ધિશાળી છોકરાની આસપાસ ફરે છે. તે ભારતના રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલકલામને જુએ છે અને તેમનાથી ખૂબ પ્રેરણા મેળવે છે.
7. ઇકબાલ : આ ફિલ્મ એક મૂંગા અને બહેરા છોકરાની વાર્તા છે જે ભારતીય ક્રિકેટ ટીમ માટે ક્રિકેટ રમવાનું સપનું જુએ છે.
8. સ્ટેન્લી ડબ્બા : આ ફિલ્મનું ફોક્સ ચોથા વર્ગનાં બાળકો પર છે. જે દર્શાવે છે કે બાળકો વડીલોના શબ્દો અને ક્રિયાઓ વચ્ચેનો તફાવત ખૂબ સ્પષ્ટ રીતે જુએ છે અને અનુભવે છે.
9. ફરારી કી સવારી : ફિલ્મ રમતના દૃષ્ટિકોણથી બનાવવામાં આવી છે.
10. બમ બમ બોલે : ફિલ્મની વાર્તા બે ભાઈ-બહેન પર આધારિત છે. તે બતાવે છે કે ગરીબ માતાપિતાનાં બાળકો કેવાં સ્માર્ટ છે અને પરિવારના દુઃખમાં સારી રીતે સાથ નિભાવે છે.
11. ભાગો ભૂત : આ ફિલ્મ એક એવા બાહોશ બાળકની છે જેને સમાજ સમજી શક્યો નથી. અને એક પ્રામાણિક પ્રોફેસરની વાર્તા છે.
12. ચોક એન્ડ ડસ્ટર : શિક્ષકો, વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે જોવાલાયક ફિલ્મ છે.
13. કભી પાસ કભી ફેલ : આ એક એવા બાળકની વાર્તા છે કે જે ગણિત સિવાય બીજા બધા વિષયમાં ફેલ થાય છે.
14. બેક બેંચર : અભ્યાસમાં નબળા બાળકની વાર્તા છે.
15. કરામતી કોટ : બાળકો માટેની ફિલ્મ છે.

16. ઉડાન : ચાર મિત્રોની વાર્તા છે.
17. દશરથ માંઝી : કોઈની મદદ વિના એકલે હાથે પર્વતમાંથી રસ્તો બનાવનારની વાર્તા છે.
18. આબરા કા ડાબરા : જાપાનની શાળામાં પ્રવેશ પામનાર બાળકની વાત છે.
19. ઇંગ્લિશ વિંગ્લિશ : નવી શરૂઆત અને જીવંત તથા સફળતાનો અનુભવ દર્શાવે છે.
20. ન્યૂટન : મુક્ત અને ન્યાયી મતદાનની કથા દર્શાવે છે.
21. મિશન મંગલ : રોકેટ લોન્ચિંગ મિશનની વાત વણી લીધી છે.
22. આઇ એમ નોટ બ્લાઇન્ડ : આઇ.એ.એસ. અધિકારી બનવાનું સ્વપ્ન પૂરું કરવા સંઘર્ષ કરતા વિમલની કથા છે.
23. સર્જિકલ સ્ટ્રાઇક ઉરી : ભારતીય હિન્દી ભાષાના સૈન્યની વાર્તા છે.
24. બાળકોનું શાળા પ્રત્યેનું સમર્પણ : શાળા માટેની લડાઈમાં વિદ્યાર્થીઓની જીતની વાત છે.
25. મહાભારત કાર્ટૂન ફિલ્મ : ઐતિહાસિક કથાવસ્તુ છે.
26. સબસે બઢકર હમ : જુદું જુદું વ્યક્તિત્વ ધરાવતા બે ભાઈઓના બંધનની વાત છે.
27. શકુંતલાદેવી : ગણિતશાસ્ત્રીની 'ધ હ્યુમન કમ્પ્યૂટર' બનવાની યાત્રા અને તેના પુત્રી સાથેના સંબંધોની વાત છે.
28. રફ બુક : સમકાલીન ભારતની શિક્ષણ પ્રણાલીની વાત દર્શાવે છે.
29. સુપર થર્ટી : ગરીબ વિદ્યાર્થીના અભ્યાસની વાર્તા વણી લીધી છે.
30. રેવા : 25 વર્ષીય અમેરિકન એન. આર. આઇ. બગડેલા શ્રીમંત યુવકની કથા છે.
31. ગીતારાની : શિક્ષણને સમર્પિત એક જવાબદાર શિક્ષિકાની કથા દર્શાવે છે.
32. હર દિન દિવાળી : દાદા અને પૌત્રના સંબંધની વાર્તા છે.
33. 102 નોટ આઉટ : વૃદ્ધાવસ્થાએ પહોંચેલા માનવીની વાર્તા છે.
34. હેલ્લારો : સ્ત્રીની મર્યાદાની વાત વણી લેવામાં આવી છે.
35. ચલ મન જીતવા જઈએ : એક વ્યાવસાયિક પરિવારની રસિક ગાથા છે.
36. હેપી ફેમિલી : પરિવારની વાત વણી લીધી છે.
37. સાહેબ : ફૂટબૉલ પર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરનાર એક પરિવારના નાના પુત્રની વાર્તા છે.
38. રોંગ સાઇડ રાજુ : અમદાવાદમાં થયેલ હિટ એન્ડ રનથી પ્રેરિત વાર્તા છે.
39. કેવી રીતે જઈશ : પટેલ પરિવારની અમેરિકા જવાની ગાથા દર્શાવી છે.
40. વિટામિન - સી : સોફ્ટવેર એન્જિનિયરની વાર્તા છે.
41. વેન્ટિલેટર : પરિવારના એક સભ્યને વેન્ટિલેટર પર રાખવામાં આવે છે તેની કથા દર્શાવે છે.
42. પૂરણ : ભક્તિ કથા છે.
43. બે યાર : પૈસા કમાવાની લાલચમાં સ્વાભિમાન કોઈ બેસતા બે મિત્રોની વાર્તા છે.
44. ગુજ્જુભાઈ મોસ્ટ વોન્ટેડ : આતંકવાદની કથાવસ્તુ દર્શાવે છે.
45. વેકપસીડ : એક બેજવાબદાર શ્રીમંત છોકરાની વાર્તા છે.
46. લક્ષ : આ એક યુદ્ધ ડ્રામા મૂવી છે.
47. ભાગ મિલ્ખા ભાગ : ભારતીય દોડવીર મિલ્ખાસિંગની વાર્તા છે.
48. ગટ્ટુ : કાલી નામની કાળી પતંગને હરાવનાર મક્કમ છોકરાની વાર્તા છે.
49. મકડી : ડાકણની જાળમાં ફસાયેલી બે જોડિયા બહેનોની વાત છે.
50. ગીપ્પી : 14 વર્ષની છોકરી ટીન એજમાં આવતા પ્રોબ્લેમ સામે કઈ રીતે લડે છે તે દર્શાવે છે.

51. માય ફ્રેન્ડ ગણેશા : આઠ વર્ષનો છોકરો કે જેનાં માતા-પિતા પાસે સમય નથી. તે ગણેશનો મિત્ર બની જાય છે તે વાત વણી લીધી છે.

52. દો દુની ચાર : શાળાના શિક્ષકના જીવનને નજીવા માધ્યમો અને વધતી જતી જરૂરિયાતોનું વર્ણન કરે છે.

53. ધ બ્લૂ અમ્બ્રેલા : રસ્કિન બોન્ડની નવલકથા પર આધારિત બાળકોનાં ઈર્ષા અને લોભ વિશેની વાર્તા છે.

54. ધ જંગલ બુક : મોગલી અને જંગલમાં તેના પ્રાણી મિત્રોની એનિમેશન ફિલ્મ છે.

55. છોટા ચેતન : ભારતની પહેલી 3d ફિલ્મ છે.

56. હનુમાન : ભગવાન હનુમાનના જન્મથી લઈ તેમનાં પરાક્રમોની વાર્તા છે.

57. ઝોકકો મેન : પોતાની જાતે પોતાની સંભાળ લેનાર અનાથ બાળકની વાર્તા છે.

58. હાલો : પોતાનો કૂતરો ખોવાઈ જતા ઘણી મુસીબતોના અંતે તે મેળવે છે. અને પછી કૂતરાને છોડી દે છે. તે દર્શાવતી 7 વર્ષની શાસાની સફર છે.

59. પીપ : એક નાનકડા કૂતરાની વાત છે જે પોતાના લક્ષને મેળવવા ગમે તે હદ સુધી જાય છે. હોલીવૂડ ફિલ્મ છે.

60. હોપ : હોલીવૂડ ફિલ્મ છે આઠ વર્ષની સો- વોન પર થયેલ જાતીય હુમલાથી બચવા કેવા પ્રયાસ કરે છે તે દર્શાવે છે.

61. નેપો : આ ફિલ્મમાં જોઈને બાળકોને સમજવાની શક્તિ મળશે.

62. પીપર : બાળકોને ડરથી જીતવાની હિંમત આપે છે.

63. સ્નેક એટેક : વૃદ્ધ મહિલાની વાર્તા છે.

64. કસૂંબો - ગુજરાતની ભવ્યતા અને માતાની મમતા દર્શાવે છે.

65. ધ વિલેજ ઓફ બુજો : બાળકનાં માતાપિતા સાથેના વર્તનની વાત વણી લીધી છે.

66. 12 ફેલ : નિષ્ફળતામાં સફળતા શોધનાર વિદ્યાર્થીની સંઘર્ષની વાર્તા છે.

## બાળકોને બતાવી શકાય તેવી ફિલ્મની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| (1) | બાલ ગણેશ | (11) | ઈકબાલ | (21) | ચાવા |
| (2) | બેટા | (12) | મિસ્ટર ઈન્ડિયા | (22) | ફરારી કી સવારી |
| (3) | દંગલ | (13) | ધનક | (23) | હૉલે |
| (4) | ઢ | (14) | હિચકી | (24) | ગપ્પી |
| (5) | ચિલ્લર પાર્ટી | (15) | તારે જમીં પર | (25) | કભી ખુશી કભી ગમ |
| (6) | ભૂતનાથ | (16) | થ્રી ઈડિયટ | (26) | હમ સાથ સાથ હૈ |
| (7) | છોટા ભીમ | (17) | નદીયા કે પાર | (27) | ઑ માય ગોડ |
| (8) | તાનાજી | (18) | એમ એસ ધોની | (28) | બમ બમ ભોલે |
| (9) | ઑવર ધ મૂવી | (19) | ભાગ મિલખા ભાગ | (29) | ઈનસાઈટ આઉટસાઈટ |
| (10) | કોકો | (20) | ચક દે ઈન્ડિયા | (30) | બોર્ડર |

# ફિલ્મોમાંથી શીખવા જેવું



- જેનેટબેન ક્રિશ્ચિયન
મદદનીશ શિક્ષક, દેવળિયાપરા પ્રાથમિક
શાળા, અમદાવાદ કોર્પોરેશન.
મો. ૯૦૧૬૦૩૦૦૪૧

ફિલ્મો એ આ સમયમાં એક શક્તિશાળી માધ્યમ તરીકે ઊભરી આવી છે. તે આપણા સમાજનાં વિવિધ પાસાઓ પર દૃષ્ટિ નમાવે છે અને ખાસ કરીને બાળકોના માનસિક વિકાસ પર તે મહત્ત્વપૂર્ણ અસર પાડતી હોય છે. આજકાલ, ઘણાં બાળકો માટે ફિલ્મો અને ટીવી શ્રેણીઓ એ મનોરંજન અને શિક્ષણનો મુખ્ય સ્રોત બની ગઈ છે. એક ફિલ્મ, તેની કથા, પાત્રો અને દર્શાવેલી પરિસ્થિતિઓ બાળકના મનોવિજ્ઞાન પર ઊંડો અને લાંબો પ્રભાવ પાડે છે.

ફિલ્મોમાં દર્શાવાતી કથાઓ, પાત્રો અને દૃશ્યદર્શનો બાળકોને વૈવિધ્યપૂર્ણ અનુભવોથી પરિચિત કરાવે છે. આ અનુભવ તેમની લાગણીઓ, વિચારો અને પ્રતિસાદો પર સીધો પ્રભાવ પાડે છે. બાળક પોતાને ભવિષ્યમાં કેવી રીતે જુએ તે, કઈ વસ્તુઓ માટે તે પ્રેરિત થાય, અને કઈ રીતે તે જીવનની વિવિધ પરિસ્થિતિઓમાં સહજ રીતે વ્યવહાર કરે, તે બધા ભાગો વિધિવત્ રીતે ફિલ્મોના દૃશ્ય પ્રતિબિંબમાંથી ઊભરીને તેમની અંદર બેઠા રહી જાય છે.

બાળકનાં મન અને ભાવનાઓ અતિ સંવેદનશીલ હોય છે. તે સૌથી વધુ પ્રકાશમાં રહેલા, શીખતા અને અસર લેતા હોવા છતાં, તે તમામ પ્રકારની માહિતીને સરળતાથી અપનાવી લે છે. આથી, જ્યારે બાળક કોઈ ફિલ્મ જુએ છે, ત્યારે તે માત્ર મનોરંજનનો આનંદ જ નથી માણતો, પરંતુ તે ચિંતન અને ભાવનાત્મક પરિપૂર્ણતા સાથે સંલગ્ન થાય છે. બાળકો માટે આ એક શક્તિશાળી મંચ બની જાય છે, જેમાં તેઓ જીવનનાં વિવિધ પાસાંઓ અને વિવિધ સંસ્કૃતિઓ, માનવીઓ અને પરિસ્થિતિઓ સાથે પરિચિત થાય છે.

**1. વિચારશક્તિ અને સર્જનાત્મકતા :**

ફિલ્મો બાળકોની વિચારશક્તિ અને સર્જનાત્મકતા માટે પ્રેરણાનો મુખ્ય સ્રોત બની શકે છે. બહુવિધ ફિલ્મોમાં નાની દુનિયાની શક્તિ, અદ્ભુત વિજ્ઞાન અને કથાઓના રસપ્રદ વળાંકો બાળ મનોવિજ્ઞાનને પ્રેરણા પૂરી પાડે છે. 'હેરી પોટર' જેવી ફિલ્મો એ બાળકના મનોવિજ્ઞાનને વધુ ઊંડું અને દૃષ્ટિપ્રેરક બનાવતી છે. તે માત્ર મનોરંજન પૂરતું નથી, પરંતુ એ બાળકના વિચારોમાં નવી દિશાઓ, નવી સૂરત અને નવી શક્તિ પ્રદાન કરે છે.

**2. માનસિક વિકાસ અને પ્રેરણા :**

ફિલ્મો બાળકની મનોદશા પર સકારાત્મક પ્રભાવ પાડી શકે છે. જો ફિલ્મોમાં ઉત્કૃષ્ટ આદર્શ, નેતૃત્વ, મિત્રતા અને સન્માન જેવાં સકારાત્મક વલણો દર્શાવાઈ રહ્યાં હોય, તો તે બાળકોને જીવનમાં શ્રેષ્ઠ થવા માટે પ્રેરણા આપે છે. બોમ્બે વિંડો, મોમ, અને કિડ્સ જૉન જેવી ફિલ્મોમાં પરિવારમાં પ્રેમ, મૌલિકતા, મહેનત અને સમર્પણના મહત્ત્વપૂર્ણ સંદેશાઓ આપવામાં આવ્યા છે. આ ફિલ્મો બાળકોના મનમાં આદર્શ જીવનમંત્રોનાં બીજ રોપવા માટે મદદરૂપ થાય છે.

**3. બાળ મનોવૈજ્ઞાનિક પર આલોકસંચારી પ્રભાવ :**

ફિલ્મો, ખાસ કરીને એક્શન, હોરર અથવા દ્રાવક પ્રકારની ફિલ્મો, બાળકના મનોવૈજ્ઞાનિક પર ખરાબ અસર પણ કરી શકે છે. કેટલાંક ખોટા અને હિંસક દૃશ્યો, એક પછી બીજો ક્રમ અને વાર્તાને સંલગ્ન કરે છે, જે બાળકના માધ્યમ અને મનોબળને ખલેલ પહોંચાડી શકે છે. આવી ફિલ્મો બાળકોમાં ખોટી સંકલ્પના અને વિચારો વિકસાવી શકે છે, જેમકે ભય, ખોટી સમજૂતી અથવા હિંસક વર્તન.

**4. મોટી સામે લઘુના મતભેદ :**

ફિલ્મો દ્વારા બાળ માનસિકતા પર પોષણ પણ

જોવા મળે છે. ફિલ્મો બાળકોનાં મન અને મતો પર મોટા પ્રમાણે અસર કરે છે. ઘણીવાર, ફિલ્મોમાં નાયિકા અથવા નાયકને જીતતા દેખાડવામાં આવે છે, જે માત્ર મનોરંજન માટે નથી, પરંતુ આઝાદી, સશક્તીકરણ અને સકારાત્મક મૂલ્યોને પણ દર્શાવે છે. આ પ્રકારની વાર્તાઓ બાળકોને જીવનના મહત્ત્વપૂર્ણ પાઠો શિખવાડતી છે, જેમ કે હિંમત, યોગ્યતા અને સકારાત્મક વિચારશક્તિ. ફિલ્મો બાળકોને નવા વિચાર અને દૃષ્ટિકોણ પ્રદાન કરે છે, જે તેમને વધુ પ્રેરિત અને સૂઝબૂઝભરી રીતે પોતાના જીવનમાં પ્રગતિ કરાવવામાં મદદરૂપ થાય છે.

**5. સામાજિક અભિગમ અને ભાષા વિકાસ :**

ફિલ્મો બાળકને સામાજિક અભિગમ વિશે પણ શીખવે છે. ઘણી ફિલ્મો સમાજના વિવિધ વર્ગો, સંસ્કૃતિઓ, અને જીવવાની પદ્ધતિને સમર્થન આપે છે. આથી, બાળકને દુનિયાના વિવિધ કોણોથી અને મનોવૈજ્ઞાનિક ભાવનાઓ સાથે પરિચિત કરવામાં મદદ મળે છે. ફિલ્મો દ્વારા ભાષાવિકાસ માટે ઉત્તમ મંચ પણ ઉપલબ્ધ છે. ઘણીવાર, ફિલ્મોમાં જુદી-જુદી ભાષાઓ, ટોન અને સંવેદનાઓનો પરિચય કરાવવામાં આવે છે, જે બાળકના ભાષાવિકાસને પ્રોત્સાહિત કરે છે.

**6. વિશ્વ દૃષ્ટિ અને સંસ્કૃતિ :**

ફિલ્મો એ બાળકો માટે દુનિયાને સમજવાનો એક અનોખો માર્ગ છે. ફિલ્મો તેમને વિશ્વના વિવિધ દૃષ્ટીકોણોથી પરિચિત કરાવે છે, જેમકે સંસ્કૃતિ, વિજ્ઞાન, પરંપરા, અને માનવ અધિકારો. આ રીતે, બાળકો વિવિધ દેશોની પરંપરાઓ અને પૃથ્વી પર અનેક લોકોની જીવનશૈલીઓ વિશે જાણે છે. ઉદાહરણ તરીકે, ''ધ લાયન કિંગ'' જેવી ફિલ્મમાં આપણી કુટુંબની મૂલ્યવત્તા, પરંપરાઓ અને જીવંત સંબંધો દર્શાવવામાં આવ્યાં છે, જે બાળકોને તેમના જીવનના મૂળભૂત વિચારો સમજવા માટે પ્રેરણા આપે છે. આ ફિલ્મો દ્વારા, બાળકો સંસ્કૃતિ અને સમાજના વ્યાપક વિષયોમાં ઊંડુ વિચારવાનો અવસર મેળવતાં હોય છે, જે તેમને વધુ સમજદાર અને દુનિયાને સહાનુભૂતિથી જોઈ શકે તેવાં બનાવે છે.

**7. જાગૃતિ અને આલેખન :**

ફિલ્મો બાળકોને જીવનના મહત્ત્વપૂર્ણ પાઠો શિખવાડી શકે છે. ઘણીવાર, ફિલ્મો બાળકોને એવી બુદ્ધિ અને સહાનુભૂતિ પ્રદાન કરે છે જે તેમને દુનિયાની સચ્ચાઈ, લાગણીઓ અને પરિસ્થિતિઓ પર નવી દૃષ્ટિ આપે છે. આ ફિલ્મો કે જે વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓ, સામાજિક પ્રશ્નો અને માનવતા પર આધારિત હોય છે, બાળકોમાં જાગૃતિ ઊભી કરે છે. તે તેમને સંવેદના, આદર અને સહાનુભૂતિના મહત્ત્વને સમજાવતી છે. આ રીતે, બાળકોને સામાજિક અને માનવીય મૂલ્યોની કદર કરાવવામાં મદદ મળી શકે છે. ઉપરાંત, આ જાગૃતિ તેમજ મનોબળ અને માનવતા વિશેની શીખ સંવેદનશીલ વ્યક્તિ બનાવે છે, જે સમાજમાં પોઝિટિવ ફેરફાર લાવી શકે છે.

**નિષ્કર્ષ :**

ફિલ્મો, જો કે દરેક મનોરંજનાત્મક સાધન, બાળકો પર સકારાત્મક અને નકારાત્મક બંને પ્રભાવ પાડી શકે છે. પદાર્થોની પસંદગી, સ્ટોરીટેલિંગ, અને વિષયવસ્તુ પર વિશેષ ધ્યાન આપવું મહત્ત્વપૂર્ણ છે, જેથી તે બાળ મનોવિજ્ઞાનને યોગ્ય રીતે પ્રભાવિત કરે. સકારાત્મક અને પ્રેરણાદાયી ફિલ્મો, જ્યારે બાળકની વિચારધારા અને વિશ્વદૃષ્ટિ પર સકારાત્મક અસર પાડે છે, ત્યારે આ ખોટી ફિલ્મો, જેમાં હિંસા, નકારાત્મક વિચાર અને ખોટા સંદેશાઓ આપવામાં આવે છે, તે બાળકના વિકાસ માટે ખતરનાક હોઈ શકે છે.

અંતે, એક બાળ માટે તે દરરોજ જે કંઈ જુએ છે, તે તેમના માનસિક, ભાવનાત્મક અને શારીરિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી, વધુ મૌલિક અને સકારાત્મક ફિલ્મો પસંદ કરવા માટેના પ્રયાસો કરવા જોઈએ.

# બાળકોએ કેવી ફિલ્મો જોવી જોઈએ ?



- ડૉ. જયશ્રી યુ. કાનાણી
કાર્યકારી પ્રધાનાચાર્યા, શ્રી મહાવીર
વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ પાંડેસરા,
સુરત. મો. ૯૯૭૮૯૫૧૫૧૦

આજના બાળકને વાર્તા, કવિતા કે જોડકણાંમાં રસ નથી તેટલો રસ તો કઈ ફિલ્મ રિલીઝ થવાની છે તેમાં છે તેમ કહી શકાય. તે માટે ટેક્નૉલૉજીના યુગના માતા - પિતાએ પોતાનાં બાળકોને કેવી ફિલ્મ બતાવવી તે જાણવું જરૂરી છે. માનવબાળ કોરી પાટી સમાન છે તેમાં તમે જે બીજ રોપશો તે ઊગી નીકળશે. મૂલ્યો હોય કે ટેવો તે તમે એક સારી ફિલ્મની મદદ લઈ રોપી શકો છો. ફિલ્મની સામગ્રીની ગુણવત્તા, બાળકના મનોવિજ્ઞાન અને વિકાસ પર તેની અસરો અને અન્ય મૌલિક તત્ત્વો, જે ફિલ્મ પસંદ કરતા સમયે ધ્યાનમાં લેવા માટે મહત્ત્વપૂર્ણ છે માટે આપણે તેની વિશેષ ચર્ચા કરીએ.

**માતા - પિતાની ફરજો :**

1. **ઉંમર માટે યોગ્યતા** (Age Appropriateness)
- ફિલ્મના રેટિંગ જુઓ.
- બાળપ્રમાણિત સામગ્રી છે કે નહીં તે તપાસો.
- બાળકની ઉંમર સાથે સંબંધિત છે કે નહીં તે વિચારો.

2. **શિક્ષણ અને મૂલ્ય** (Educational & Moral Values)
- શું ફિલ્મથી બાળક કંઈક નવું શીખી શકે?
- શું ફિલ્મ નૈતિક મૂલ્યો અને સકારાત્મક સંદેશો આપે છે?
- શું ફિલ્મ મારા બાળકના અભ્યાસમાં તે ઉપયોગી છે?
- શું ફિલ્મ જોવાથી તેના વર્તનમાં પરિવર્તન થશે?

3. **ભાષા અને સામગ્રી** (Language & Content)
- ફિલ્મ પસંદ કરતી વખતે અસંસ્કારી ભાષા, હિંસા અથવા અયોગ્ય દશ્યો ન હોવા જોઈએ.
- બાળકો માટે અનુકૂળ સંવાદો અને પ્રસંગો હોવા જોઈએ.
- વડીલો કે શિક્ષકો સાથે તોછડાઈની વાતો ન હોવી જોઈએ.
- ફિલ્મની ભાષા બાળકોને સમજાય તેવી હોવી જોઈએ.
- ફિલ્મની સામગ્રી બાળકને ખોટા માર્ગે દોરે તેવી ન હોવી જોઈએ.

4. **આકર્ષણ અને મનોરંજન** (Engagement & Entertainment)
- ફિલ્મ બાળક માટે રસપ્રદ અને મનોરંજક હોવી જોઈએ.
- રમૂજી દશ્યો, સંગીત અને હળવી હાસ્યસભર વાર્તા હોવી જરૂરી.
- ફિલ્મમાંથી કંઈક જાણવા અને શીખવા મળે તેવી હોવી જોઈએ જેમકે મિશન મંગળ, સુપર 30,

5. **ફિલ્મનો સમયગાળો** (Duration)
- બાળકના ઉંમર મુજબ ફિલ્મ પસંદ કરતી વખતે, ઉંમરગત આવશ્યકતાઓ અને મનોવિજ્ઞાનિક વિકાસને ધ્યાનમાં રાખવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.
- લાંબી ફિલ્મો બાળકો માટે કંટાળાજનક થઈ શકે, તેથી 60-90 મિનિટના સમયગાળા પસંદ કરી શકાય.
- થોડાં મોટાં બાળકો કે જેમને કઈક નવું જાણવાની જિજ્ઞાસા છે તેમના માટે 150થી 180નો સમયગાળો યોગ્ય છે.

6. **બાળકના વિકાસ અને સામાજિક એફેક્ટ્સ** (Child Development and Social Impact)

બાળકો હાલના સમયના મીડિયામાં અસરગ્રસ્ત છે. તેમને ટેલિવિઝન, ફિલ્મો, વેબસિરીઝ, અને ઓનલાઇન સામગ્રી દ્વારા ઘણી બાબતો શીખવાનો અને ઓળખવાનો અવસર મળતો હોય છે. જે રીતે તે

સંવેદનાઓ અને મનોવૈજ્ઞાનિક વિકાસ માટે અસરકારક હોય છે.તેઓ ફિલ્મમાંથી ઘણી વખત સામાજિક બાબતો, કૌટુંબિક સબંધો, સારી મિત્રતા શીખતાં હોય છે, આપણે જોઈએ છીએ તેમ માતા પિતા કશું ન શીખવી શકે ત્યારે આ ફિલ્મો તેમને લાગણી, કુતૂહલતા, પ્રેમ અને માનવ સબંધો શીખવી જાય છે.

- સંવેદનાત્મક વિકાસ (Emotional Development):

ફિલ્મો બાળકોની સંવેદનાને અસર કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો ફિલ્મનાં દૃશ્યોમાં અતિ મહત્ત્વની લાગણીઓ અને મૌલિક ભાવનાઓ હોય, જેમકે પ્રેમ, મિત્રતા, અને દુઃખ વ્યક્ત કરવામાં આવે છે, તો તે બાળકના હૃદયમાં નમ્રતા અને સમજણ ઊભી કરી શકે છે. તે પોતાનાં માતા પિતા, વડીલો, ભાઈ બહેન, મિત્રો તેમજ અન્ય સમાજનાં સભ્યો સાથે તે મુજબ વર્તન કરવાનું શીખે છે.

- સામાજિક અને સંબંધોમાં સકારાત્મક વિકાસ (Social Skills and Positive Relationships):

ઘણાં બાળકો માટે ફિલ્મો તેમનાં માતા-પિતા સાથે વિતાવેલા સમય માટે સારું માધ્યમ બની શકે છે. એકબીજા સાથે મળીને ફિલ્મ જોવાથી સહયોગી વર્તન, સમજૂતી અને પૃથક્કરણનાં વિવિધ પાસાંઓ પર પ્રભાવી સંલાપો થાય છે. તેઓ વડીલો પ્રત્યે આદરનો ભાવ શીખે છે.

7. **વિશિષ્ટ શૈક્ષણિક મૂલ્ય** (Educational Value)

ફિલ્મ દ્વારા બાળકો માટે શૈક્ષણિક મૂલ્ય પ્રદાન કરવું એ વધુ અગત્યનું છે, ખાસ કરીને જ્યારે તે સામાજિક, માનસિક, અને શૈક્ષણિક માનદંડ સાથે સંકળાયેલું હોય.અભ્યાસની સાથે સાથે ફિલ્મી દુનિયા પણ અસર કરતી હોય છે. દેશ માટે આપણી ભૂમિકા શી ? તે મેદાન, ગોલ્ડ, ચક દે અને દંગલ જેવી ફિલ્મો શીખવી જતી હોય છે.

- જ્ઞાન અને કુશળતા વિકાસ (The development of knowledge and skills)

ફિલ્મ એ નાની-મોટી ઘટનાઓ પર નજર રાખવામાં મદદ કરે છે, જેમકે સંખ્યાઓ, રંગો, પ્રાકૃતિક પરિસ્થિતિઓ અને વાર્તાનું મોરલ. ઉદાહરણ તરીકે, "Finding Nemo" એ બાળકોને માછલીઓ અને દરિયાઈ જીવજંતુઓ વિશે શીખવવાનું મનોરંજક માધ્યમ છે.આ ઉપરાંત " My Friend Ganesha " ફિલ્મમાં ધાર્મિક બાબતોમાં જ્ઞાન મેળવે છે.

- શૈક્ષણિક પદ્ધતિઓ અને ફૂટટ્રેક (Learning Approaches and Footprint)
- ફિલ્મોમાં વિઝ્યુઅલ પ્રભાવ, સંગીત, અને વાર્તાની ઘટનાઓથી બાળકો માટે શીખવાનો અનુભવ વધારે સક્રિય અને મનોરંજક બની શકે છે. આ પદ્ધતિમાંથી બાળક અખબાર અને પુસ્તકો કરતાં વધુ જાણકારી મેળવે છે. બાળકો સરળતાથી અવનવાં ગીતો, કવિતાઓ, ભજનો યાદ રાખી શકે છે.

8. **ફિલ્મનું વિષયવસ્તુ અને વાર્તા** (Theme and Storyline)

- સકારાત્મક અને મૌલિક સંદેશો :
- ફિલ્મની વાર્તા વધુ મૈત્રીપૂર્ણ, ઉત્સાહી અને સંવેદનશીલ હોવી જોઈએ. કચરો અથવા ખોટી પસંદગીઓ, દૃશ્ય અને શબ્દોથી દૂર રહીને, મનોરંજન સાથે શિક્ષણનો સંદેશ આપતી ફિલ્મો પસંદ કરવી શ્રેષ્ઠ છે.
- દૃશ્ય અને અવાજનું સંકલન :
- એન્નિમેટેડ ફિલ્મો અને સશક્ત દૃશ્ય એ સાવધાન રહેવા માટે સહયોગી હોય છે. રંગીન દૃશ્યો, મનોરંજક સંગીત અને જટિલ દૃશ્યો આકર્ષક રહે છે અને બાળકોનું ધ્યાન સતત ખૂણાએ રાખે છે.

9. **બાળકનાં મનોબળ અને મનોવિજ્ઞાન** (Psychological Impact)

કોઈ ફિલ્મ પસંદ કરતી વખતે, તેના સંદેશને ધ્યાનમાં રાખીને, તેની શક્યતા કે તે બાળકની મનોદશા પર કેવી રીતે અસર કરે છે, એ પરિપ્રેક્ષ્ય આવશ્યક છે.

હિંસા અને ભય (Violence and Fear) :

જો તે ફિલ્મોમાં વધુ હિંસા, ભય અથવા તાણ હોય, તો તે બાળકોને આતંકિત અથવા ચિંતિત બનાવી શકે છે. જેમકે The Lion King, Tiger zinda hai જેવી ફિલ્મો નરમ અને આશાવાદી સંદેશ આપે છે, તે બાળકના મનને સારી રીતે પ્રભાવિત કરી શકે છે.

10. વિશ્વસનીયતા અને ફેમિલી-ફ્રેન્ડલિનેસ (Reliability and Family-Friendliness)

- ફિલ્મના બ્રાંડ અને ગુણવત્તા (Brand and Quality): Disney, Pixar, DreamWorks, અને અન્ય પ્રખ્યાત પ્રોડક્શન હાઉસ દ્વારા બનાવેલી ફિલ્મો સામાન્ય રીતે ઊંચી ગુણવત્તાવાળી અને બાળકો માટે અનુકૂળ હોય છે.
- વિશ્વસનીય મેસેજ (Positive Message): આવી ફિલ્મોમાં સામાન્ય રીતે સ્કૂલ, મિત્રો, કુટુંબ અને પરિસ્થિતિઓ વચ્ચે પોઝિટિવ મેસેજો આપીને બાળકોને ઉચ્ચ ચિંતન અને વ્યાવસાયિક પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવે છે.

બૌદ્ધિક જરૂરિયાતો અલગ અલગ હોય છે, અને તે પ્રમાણે ફિલ્મો પસંદ કરવી આવશ્યક છે. અહીં ઉંમર પ્રમાણે ફિલ્મ પસંદગી માટેની ગાઈડલાઈન છે.

**1. 0-3 વર્ષ (શિશુ અને પ્રારંભિક બાળ અવસ્થા) :**

**વિકાસ માટે મહત્ત્વપૂર્ણ :**

- આ ઉંમરનાં બાળકો માટે, ફિલ્મો સામાન્ય રીતે ઊંચી ગુણવત્તાવાળાં અને રંગબેરંગી વિઝ્યુઅલ, મેલોડિયસ મ્યૂઝિક, અને સરળ અને મીઠા અવાજ પર ધ્યાન કેન્દ્રિત કરવી જોઈએ.
- વિશ્વસનીયતાઃ શિશુઓને ક્યારેય ખોટી અથવા કઠોર છબીઓ જોવામાં આવવી ન જોઈએ, અને ફિલ્મમાં મૃદુ અને મૈત્રીપૂર્ણ પાત્રો હોવાં જોઈએ.

**ફિલ્મના પ્રકાર :**

- એનિમેટેડ શો (Animations): જેમ કે Teletubbies, Baby Shark, Cocomelon
- સંગીત અને કલ્પના (Music and Imagination): Baby Einstein, The Very Hungry Caterpillar
- મહત્ત્વપૂર્ણઃ આ વયગત માટે રેડી-મેડ ટીવી શોઝ અને બાળવાર્તાઓ વધુ પ્રભાવી હોય છે.

**2. 3-5 વર્ષ (પ્રિ-સ્કૂલ યૂથ) :**

**વિકાસ માટે મહત્ત્વપૂર્ણ :**

- આ ઉંમરનાં બાળકોનાં મસ્તિષ્ક ભાવનાઓ માટે વધુ ખૂલી રહેલા હોય છે, અને તેઓ પરિપ્રેક્ષ્ય, રંગ, દશ્ય અને વાર્તા પર ફોકસ કરીને ખૂબ જ સારી રીતે શીખે છે.
- વિશ્વસનીયતાઃ પાત્રોને ઓળખવાની, સરળ અને સુંદર સંવાદો, અને ખૂણાને દશ્યમાં આસપાસની પરિસ્થિતિઓ વિશે શિક્ષણ આપતી વાર્તાઓ.

**ફિલ્મના પ્રકાર :**

- એનિમેટેડ ફિલ્મોઃ Toy Story, Finding Nemo, Frozen
- પ્રાથમિક શિક્ષણઃ Dora the Explorer, Sesame Street
- સામાજિક મૂલ્ય અને ભાવનાત્મક વિકાસઃ Moana, The Lion King

**મહત્ત્વપૂર્ણ :**

આ ઉંમર માટેનું ધ્યાન કેન્દ્રિત રાખવું, તેમજ પાત્રો સાથે સરળ રીતે જોડાવા માટે વાર્તામાં મૈત્રીપૂર્ણ સંદેશાઓ હોવા જોઈએ.

**3. 6-8 વર્ષ (પ્રાથમિક શાળા) :**

**વિકાસ માટે મહત્ત્વપૂર્ણ :**

- આ સમયે બાળકો મનોવિજ્ઞાનિક રીતે વધુ જટિલ અને સક્રિય વિચારો માટે તૈયાર હોય છે. તેમ છતાં, તેમને હજુ પણ વાર્તાઓ અને પાત્રોના સંવાદ પર આધાર રાખતી હલકી-ફુલકી ફિલ્મો પસંદ છે.
- વિશ્વસનીયતાઃ એથી વધુ નાની પદ્ધતિ, મફત મનોરંજન અને મૈત્રીના સંદેશા હોવા જોઈએ. તેમ છતાં, હળવી કટોકટી અને સાહસિક ઘટનાઓ સાથે થોડું વધુ જટિલ કથાવસ્તુ પણ લાગણીશીલ અને અનુકૂળ થઈ શકે છે.

**ફિલ્મના પ્રકાર :**

- એનિમેટેડ: Minions, The Incredibles, Zootopia
- કલાકીય મૂલ્ય: The Secret Life of Pets, Shrek
- વિશ્વસનીય મેસેજ: Kung Fu Panda, How to Train Your Dragon

**મહત્ત્વપૂર્ણ :**

આ યુગમાં, બાળકો સમર્થ છે કે પાત્રો સાથે વધુ ઊંડાણથી જોડાઈ શકે છે, અને તેમના અનુભવોમાં મોરલ, સાહસિક અને મૈત્રીની વાતો પણ દેખાઈ શકે છે.

**4. 9-12 વર્ષ (ટીન એજ, લઘુ શાળાનો સમય) :**

**વિકાસ માટે મહત્ત્વપૂર્ણ :**

- આ ઉંમરે, બાળકોની ખૂણાની સમજણ અને પસંદગીઓ વધુ બુદ્ધિશાળી અને આધુનિક બની રહી છે. તેઓ કેટલીક ખોટી વાતો પણ ઓળખી શકે છે, પરંતુ વધુ પરિપક્વ અને કટકડી ફિલ્મોની સાથે જોડાવા માટે તૈયાર થઈ રહ્યા છે.
- વિશ્વસનીયતા: કેટલીક નવીકૃત હાસ્ય, સાહસ, અને અનુભવો જેમાં તેઓ પરિવારના સંયોજન, મિત્રો અને પોતાના વિશ્વમાં એક મજબૂત ઓળખ શોધી શકે છે.

**ફિલ્મના પ્રકાર :**

- સાહસિક અને શ્રેણી: Harry Potter, Percy Jackson, The Chronicles of Narnia
- દૃષ્ટિ અને વિચારશક્તિ: The Hunger Games
- ફેમિલી-ફ્રેન્ડલી: Matilda, Home Alone

**મહત્ત્વપૂર્ણ :**

આ વયમાં, તેઓએ કલ્પના અને શ્રેષ્ઠ-વિશ્વનાં તત્ત્વોમાં અવલંબ કરવું શરૂ કર્યું છે. તેઓ કંઈક વધુ પરિપક્વ અને વિચારશક્તિ ધરાવતી ફિલ્મોમાં રસ ધરાવવાનાં છે.

**5. 13-17 વર્ષ (ટિનએજ અને યુવાનો) :**

**વિકાસ માટે મહત્ત્વપૂર્ણ :**

- આ ઉંમરે, બાળકોનાં મનોબળ, સિદ્ધાંતો, અને ભાવનાઓ વધુ વ્યક્તિગત બની રહે છે. તે વધુ જટિલ અને બધી જાતની ફિલ્મો (મોટી હિંસાવાળી, થ્રિલર, અને લાઈફ ચેલેન્જ ફિલ્મ્સ) જોઈ શકે છે.
- વિશ્વસનીયતા: આ વયમાં, ફિલ્મોમાં ખૂણાની આલેખનો અને દૃષ્ટિથી, તેઓ વધુ તટસ્થ, આત્મસમર્પણ અને સાંસ્કૃતિક દૃષ્ટિથી સંકેતો શોધે છે.

**ફિલ્મના પ્રકાર :**

- થ્રિલર અને ડ્રામા: The Fault in Our Stars, The Maze Runner
- વયસ્ક વિમર્શન: The Perks of Being a Wallflower, Lady Bird
- ડાયલોગ અને વૈશ્વિક વિષય: To All the Boys I've Loved Before, The Hunger Games

**મહત્ત્વપૂર્ણ :**

આ વયમાં, ફિલ્મો, સંદેશો અને પ્રત્યેક કૌશલ્ય પર ભાર આપવો જોઈએ.

---

## ચિરયુવાન

ઉંમર ગમે તે હોય, પણ તમે હંમેશાં ભવિષ્યનો જ વિચાર કરનારા હો તો તમે બાળક જ છો. સતત ભૂતકાળ જ વાગોળ્યા કરતા હો તો તમે વૃદ્ધ જ છો. અને જિંદગીની પ્રત્યેક પળ જો તમે વર્તમાનકાળમાં જ જીવતા હો તો તમે ચિરયુવાન જ ગણાઓ.

# ફિલ્મ : અધિબોધ કૌશલ્યનો વિકાસ અને બાળમાનસ પર અસર



- ઋચા એસ. બ્રહ્મભટ્ટ
રિસર્ચ સ્કોલર (SRF-UGC),
સેન્ટર ઓફ એજ્યુ., આઇ.આઇ.ટી.ઇ.,
ગાંધીનગર. મો. ૯૪૨૯૫૫૫૦૬૦

"ફિલ્મો માત્ર દેખાવ નથી, તે જીવન જીવતા શીખવાનો અને સમજવાનો એક મંચ છે!"

"ફિલ્મો માત્ર મનોરંજન માટે નથી, પણ તે શિક્ષણ અને સંસ્કારનો સ્રોત પણ છે.!"

"ફિલ્મ જોવી એ એક કળા છે, અને જો એ કળાને અધિબોધ (Metacognition) સાથે જોડવામાં આવે, તો તે શીખવાની એક નવી રીત બની શકે."

**ફિલ્મ : શિક્ષણના એક સાધન તરીકે :**

ફિલ્મ એકમાત્ર મનોરંજનનું સાધન નથી, તે શિક્ષણનું પણ એક શક્તિશાળી માધ્યમ બની શકે છે. ફિલ્મ જોવાની કળા (The Art of Watching Films) એ માત્ર દશ્ય અનુભવ નહીં, પણ એક જ્ઞાનપ્રદ અને વિચારશીલ પ્રક્રિયા છે. ખાસ કરીને બાળ દર્શકો પર ફિલ્મોની અસર એક મહત્ત્વપૂર્ણ ચર્ચાનો વિષય છે, કારણ કે બાળકનો માનસિક વિકાસ અને તેમની સમજણ ફિલ્મોમાં દર્શાવવામાં આવતાં વિષયો, પાત્રો, અને સંદેશાથી પ્રભાવિત થઈ શકે છે. અધિબોધ (Metacognition) એ "વિચાર પર વિચાર કરવો" ની પ્રક્રિયા છે, જે શીખવાની ક્ષમતા અને જ્ઞાનને ઉન્નત બનાવે છે. શિક્ષણમાં અધિબોધનો વિનિયોગ એ વિદ્યાર્થીઓને શીખવાની પ્રક્રિયા પર સ્વ-મંથન કરવાનું અને સમજૂતી વિકસાવવાનું શીખવે છે. જ્યારે આપણે ફિલ્મોમાં દર્શાવવામાં આવેલાં સંદેશ અને જીવનમૂલ્યો પર વિચાર કરીએ, ત્યારે મેટાકૉગ્નિટિવ ક્ષમતા વિકસે છે. શૈક્ષણિક દૃષ્ટિએ, ફિલ્મોનાં સંવાદો (Dialogues) - ગીતો (Songs) બાળકો અને યુવાનોને જીવનનાં મહત્ત્વપૂર્ણ મૂલ્યો શીખવવા માટે ઉપયોગી બની શકે. કેટલીક ભારતીય ફિલ્મો માનવતા, પ્રકૃતિ પ્રેમ, સૌંદર્ય અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી આવી મહત્ત્વની બાબતો રજૂ કરે છે. ફિલ્મો શિક્ષણ માટે ઉપયોગી બની શકે છે, કેમકે તે દશ્યો અને કથાઓ દ્વારા વિવિધ વિષયો પર દૃઢ પ્રભાવ પાડી શકે છે.

શૈક્ષણિક દષ્ટિકોણે, ફિલ્મો નીચે મુજબ ફાયદાકારક બની શકે :

- દર્શનાત્મક અધ્યયન - બાળકો માટે કોઈ પણ વિષયને સમજવો સરળ બની શકે છે, કારણ કે ફિલ્મો દર્શનાત્મક અને શ્રાવ્ય (Audio-Visual) માધ્યમ દ્વારા જ્ઞાન પ્રદાન કરે છે.
- સંવેદનાત્મક અને સામાજિક શિક્ષણ - ફિલ્મો બાળકોમાં સહાનુભૂતિ, સામાજિક મૂલ્યો, અને નૈતિકતા વિકસાવવામાં મદદરૂપ થાય છે.
- સૃજનાત્મક વિચારધારા - ફિલ્મો વિચારશીલતા અને સર્જનાત્મકતાને પ્રેરિત કરે છે.
- ભાષા અને સંસાર જ્ઞાન - ફિલ્મો નવું શબ્દભંડોળ અને વિવિધ સંસ્કૃતિઓ વિશે જ્ઞાન આપતી હોય છે.
- મૂલ્યશિક્ષણઃ નૈતિકતા, સામાજિક મૂલ્યો, અને મનોવિકાસ પર અસર.
- મહત્ત્વપૂર્ણ ચિંતનઃ પાત્રોની માનસિકતા પર વિચાર કરવાનું પ્રેરે છે.
- અનુભવ દ્વારા શીખવુંઃ ફિલ્મો સાહિત્ય, વિજ્ઞાન, ઈતિહાસ, અને માનસશાસ્ત્ર જેવા વિષયોમાં રસ ઊભો કરી શકે છે.
- સ્વ-ચિંતન અને સ્વ-મૂલ્યાંકનઃ જીવન સાથે જોડાણ અને મેટાકૉગ્નિટિવ વિકાસ.

**ફિલ્મ જોવાની કળા :**

- સક્રિય દર્શક બનવું : ફક્ત વાર્તાનો આનંદ લેતા નહીં, પરંતુ ફિલ્મનાં પાત્રો અને પરિસ્થિતિઓ વિશે વિચારવું.

- પ્રશ્નો પૂછવા: "શું આ પાત્રે યોગ્ય નિર્ણય લીધો?", "આને હું મારા જીવનમાં કેવી રીતે લાગુ કરી શકું?"
- સંદેશ અને થીમ સમજવી: ફિલ્મમાંથી શીખેલાં નૈતિક મૂલ્યો અને જીવનપાઠોને ઓળખવા અને મૂલ્યાંકન કરવું.

**ફિલ્મ અને મેટાકૉગ્નિશન :**

ફિલ્મ જોવી માત્ર મનોરંજન માટે નથી, તે શીખવાની અને વિચારશીલ બનવાની એક પ્રક્રિયા પણ છે. જો જોનાર પોતાના વિચારો અને સમજણ વિશે ચિંતન કરે, તો તે મેટાકૉગ્નિશનનો એક ભાગ બને છે. મેટાકૉગ્નિશન એ શીખવાની પ્રક્રિયા અંગે જાગૃત થવું અને તે સંદર્ભમાં પોતાની સમજણ અને ચિંતન કૌશલ્યને વિકસાવવી છે. જ્યારે કોઈ વ્યક્તિ ફિલ્મ જુએ છે, ત્યારે મેટાકૉગ્નિશન ત્રણ મુખ્ય તત્ત્વો દ્વારા કાર્યરત થાય છે:

1. **મેટાકૉગ્નિટિવ જ્ઞાન** (Metacognitive Knowledge) :

- ઘટકોનું અવલોકન: બાળક કે પ્રેક્ષક ફિલ્મની વાર્તા, પાત્રો, અને સંદેશને કેવી રીતે સમજે છે? ફિલ્મ જોતી વખતે પાત્રો અને વિષયોને જીવન સાથે કેવી રીતે જોડે છે?
- વિચારધારા: શું તેઓ ફિલ્મમાંથી શીખેલી બાબતોને જીવનમાં લાગુ કરી શકે? કયા બોધપાઠ શીખી શકાય?
- અનુભવ આધારિત શીખવું: પ્રેક્ષક પોતાનાં પૂર્વઅનુભવો અને જ્ઞાન સાથે ફિલ્મની માહિતીને કેવી રીતે જોડે છે?

**ઉદાહરણ :**

કોઈ બાળ ફિલ્મ જોતી વખતે, બાળક કલ્પનાશક્તિ વિકસાવે છે અને વાર્તાનાં પાત્રોથી સંવેદનશીલતા શીખે છે. જો શિક્ષક કે માતા-પિતા તેમને પૂછે કે "આ પાત્રની જગ્યાએ તું હોત તો શું કરત?" તો મેટાકૉગ્નિટિવ જ્ઞાન સક્રિય થાય.

2. **મેટાકૉગ્નિટિવ અનુભૂતિ** (Metacognitive Experience) : ફિલ્મ જોતી વખતે બાળકની ભાવનાઓ અને અનુભૂતિ કેવી રીતે બદલાય છે?

- ફિલ્મમાં કોઈ કઠિન પરિસ્થિતિ આવે ત્યારે બાળકની પ્રતિક્રિયા કેવી હોય?
- શું બાળક દૃશ્યો જોઈને વિચાર કરે કે તે એની જિંદગીમાં કેવી રીતે લાગુ પડી શકે?
- શું બાળક ફિલ્મ જોઈને કોઈ નવું શીખી શકે છે કે માત્ર મનોરંજન રૂપે જુએ છે?
- ફિલ્મ જોતી વખતે આવતા પ્રશ્નો અને લાગણીઓ કઈ રીતે ઉદ્ભવે છે?
- ફિલ્મ જોયા પછી શું શીખાયું અને કેવું લાગ્યું?

**ઉદાહરણ :**

"The Lion King" જેવી ફિલ્મ જોતી વખતે, બાળક નાયક-ખલનાયકની સમજણ વિકસાવે છે. જો તેમને પૂછવામાં આવે કે "સિંબા માટે સૌથી મહાન શીખ શું હતી?" તો તે તેમની મેટાકૉગ્નિટિવ અનુભૂતિને મજબૂત બનાવે છે.

3. **મેટાકૉગ્નિટિવ નિયમન** (Metacognitive Regulation): ફિલ્મ જોતી વખતે અને પછી, પ્રેક્ષક શું શીખવા માટે સ્વ-નિયમન કરે છે?

- શું તેઓ શીખેલી બાબતો પર ચિંતન કરે છે?
- શું તેઓ ફિલ્મમાં આવતા સંદેશાને સમજવા માટે પ્રશ્નો પૂછે છે?
- શું તેઓ અન્ય લોકો સાથે ફિલ્મ પર ચર્ચા કરે છે અને તેમાંથી શીખવા માટે પ્રયત્ન કરે છે?
- ફિલ્મમાં શીખેલી બાબતો રોજિંદા જીવનમાં કેવી રીતે લાગુ કરી શકાય?
- શું ફિલ્મના સંદેશથી જીવનમાં પરિવર્તન આવી શકે?

**ઉદાહરણ :**

જો બાળક "Taare Zameen Par" જેવી ફિલ્મ જુએ છે અને પછી ચિંતન કરે કે 'શિક્ષણમાં દરેક બાળકની શીખવાની રીત અલગ હોઈ શકે', તો તે મેટાકૉગ્નિટિવ નિયમન છે.

ફિલ્મ અને બાળમાનસ પર અસર : ફિલ્મો બાળકના માનસ પર બે રીતે અસર કરી શકે :

**હકારાત્મક (Positive Impact)** :

સામાજિક અને નૈતિક મૂલ્યો શીખવવાં : સામાજિક મૂલ્યો અને સંસ્કૃતિ વિશે જાગૃતિ લાવે છે. કથાનક અને પાત્રો દ્વારા બાળકોમાં હકારાત્મક મૂલ્યોનું સંસ્કાર થાય છે, (e.g., "Taare Zameen Par"). બાળકોમાં કરુણા, સહાનુભૂતિ, અને જ્ઞાન ઉમેરી શકે, "Finding Nemo" અને "Zootopia" જેવી ફિલ્મો પ્રેરણાદાયક છે, પ્રેરણાદાયી વાર્તાઓ આત્મવિશ્વાસ અને હકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવે છે, પ્રેરણાદાયી અને શિક્ષણાત્મક ફિલ્મો બાળકોમાં આત્મવિશ્વાસનો સંચાર કરે છે.

સંજ્ઞાનાત્મક (Cognitive) વિકાસઃ બાળકોના તર્કશક્તિ અને કલ્પનાશક્તિને ઉન્નત કરે, વૈજ્ઞાનિક, ઐતિહાસિક અને સામાજિક વિષયો પર આધારિત નવી જ્ઞાનસંપત્તિ અને શબ્દભંડોળ વધારવામાં સહાય કરે છે. (e.g., "I Am Kalam", Rocketry: The Nambi Effect")

મેટાકૉગ્નિશન વિકસાવવું : બાળકોને પ્રશ્નો પૂછવા અને તેમની સમજૂતી અંગે ચિંતન કરવા પ્રેરિત કરે. (e.g., "3 Idiots", "Dangal")

**નકારાત્મક (Negative Impact)** :

અનૈતિક વર્તન શીખવાની સંભાવનાઃ હિંસાત્મક અથવા અયોગ્ય દૃશ્યો બાળકના સ્વભાવ પર પ્રભાવ પાડી શકે, વિશિષ્ટ પાત્રો અથવા આદર્શોને અનુકરણની તકો, જે હંમેશાં સકારાત્મક ન હોયઃ અનૈતિક વર્તન, ભેદભાવ, અને અસત્ય તત્ત્વો દર્શાવતી ફિલ્મોથી બાળકોમાં ખોટી માન્યતાઓ ઉદ્દભવી શકે છે. "Tom and Jerry" અથવા "Chhota Bheem" જેવી શૃંખલાઓ શારીરિક હિંસાને સામાન્ય બનાવે છે, હિંસાત્મક અથવા ભ્રામક દૃશ્યો બાળકો પર ખોટી અસર પાડી શકે. (e.g., "Dhoom"). અનૈતિક વર્તન અને ખોટાં મૂલ્યો પ્રસારિત કરી શકે. (e.g., "Race", "Ranbeer Kapoor acted- Animal", "Gangs of Wasseypur")

વાસ્તવિક્તા અને કલ્પનાનો ભેદ ખોવાઈ શકેઃ નાનાં બાળકો માટે ફિલ્મ અને હકીકત વચ્ચેનો ભેદ સમજવો મુશ્કેલ બની શકે. ઘણી વખત ફિલ્મો વાસ્તવિકતા અને કલ્પનાને ભેળવી દેતી હોવાથી, બાળકોમાં મિથ્યાભાસ સર્જાઈ શકે છે, જેનાથી ખોટી માન્યતાઓ ઊભી થઈ શકે. (e.g., Superhero movies, "PK", "Stree 2: Sarkate Ka Aatank", "Bhediya").

**બાળઘડતરની દૃષ્ટિએ મેટાકૉગ્નિશન ઉપયોગ કરી ફિલ્મોના સંદેશાઓ** :

- The Sound of Music (1965) – સંગીત અને પરિવારીય મૂલ્યો.
- Dead Poets Society (1989) – વિચારોની સ્વતંત્રતા અને શિક્ષણની નવી પદ્ધતિઓ.
- ભવની ભવાઈ (Gujarati) – સામાજિક અસમાનતા પર પ્રકાશ.
- Taare Zameen Par (2007) – શિક્ષણ પદ્ધતિઓ, બાળ શિક્ષણ અને મેટાકૉગ્નિશન.
- 3 Idiots (2009) – તર્કશક્તિ, નવીન વિચારો અને શૈક્ષણિક દબાણ પર ચર્ચા.
- I Am Kalam (2010) – સ્વ-શિક્ષણ અને સકારાત્મક અભિગમ.
- Stanley Ka Dabba (2011) – શિક્ષણનું મહત્ત્વ : શાળાશિક્ષણ અને સમાજ, જાતીય શોષણ
- Inside Out (2015) – ભાવનાઓ અને મેટાકૉગ્નિશન.
- રેવા (2018) – આધ્યાત્મિકતા અને જીવન પર વિચારો.
- હેલ્લારો (2019) – સામાજિક પરિવર્તન અને જાતિ સમાનતા.
- ચાલ જીવી લઈએ (2019) – જીવનના પ્રેરણાદાયી પાઠ.
- વીઆર અને એઆર (VR & AR) આધારિત શૈક્ષણિક ફિલ્મો.
- વધુ ઈન્ટરેક્ટિવ અને મેટાકૉગ્નિટિવ શિક્ષણપ્રદ ફિલ્મો.

કેટલીક ફિલ્મો જે ભારતીયતાનું પ્રતિનિધિત્વ કરે છે :

- Swades (2004): દેશપ્રેમ અને સેવાભાવ.
- Lagaan (2001): સાહસ, એકતા અને જુસ્સો.
- Kabhi Khushi Kabhi Gham (2001): પરિવાર અને ભાવનાત્મક બંધન.
- Dangal (2016): માતા-પિતા અને પુત્રીના સશક્તિકરણ પર ધ્યાન.
- Sardar (1993): સરદાર પટેલના જીવન અને રાષ્ટ્રપ્રેમની અનુકૃતિ.
- પ્રકૃતિ અને સૌંદર્ય પર આધારિત ફિલ્મો
- Finding Nemo (2003): સમુદ્રી જીવન અને કુદરતી વિશ્વ.
- Life of Pi (2012): પ્રકૃતિ અને જીવનનો સંઘર્ષ.
- Jungle Book (2016): પ્રાણીઓ અને જંગલ જીવન.
- મેટાકૉગ્નિશન વિકસાવવા બાળકો માટે કેટલાક પ્રેરણાદાયી ફિલ્મોના સંવાદ અને ગીતો.

આ પ્રકારના સંવાદો પર ચર્ચા કરીને વિદ્યાર્થીઓ મેટાકૉગ્નિશન વિકસાવી શકે. શાળા કે વર્ગમાં આ સંદેશો પર આધારિત પ્રવૃત્તિઓ, રજૂઆતો કે નિબંધ લખાવીને મેટાકૉગ્નિટિવ વિચારશક્તિ વિકસાવી શકાય.

| ફિલ્મ | પ્રેરણાદાયી સંવાદ | સંદેશ |
|---|---|---|
| Anand (1971) | "बाबूमोशाय, ज़िंदगी बड़ी होनी चाहिए, लंबी नहीं।" | જીવન જીવવાની યથાર્થતા. |
| Taare Zameen Par (2007) | "हर बच्चा खास होता है।" | દરેક બાળકની વિશિષ્ટતા. |
| Chak De! India (2007) | "सत्तर मिनट। सत्तर मिनट हैं तुम्हारे पास। शायद तुम्हारी ज़िन्दगी के सबसे ख़ास सत्तर मिनट। | સમયનું મહત્વ અને પ્રયત્ન. |
| 3 Idiots (2009) | "काबिल बनो, कामयाबी तो साली झक मारके पीछे आएगी।" | કુશળતા અને શ્રેષ્ઠતા પર ધ્યાન. |
| Zindagi Na Milegi Dobara (2011) | "दिल धड़कने का नाम ज़िंदगी है..." | જીવનમાં અવસર અને આનંદ માણવો. |
| M.S. Dhoni: The Untold Story (2016) | "अगर कोई दस साल की मेहनत एक दिन में खत्म हो जाए, तो वो मेहनत ही कैसी मेहनत थी?" | સતત પ્રયાસ અને મહેનત. |

મેટાકૉગ્નિશને વિકસાવવા માટે ફિલ્મોના સંદેશ પર વિચાર કરવો જરૂરી છે. માતા-પિતા અને શિક્ષકો યોગ્ય ફિલ્મો પસંદ કરી, બાળકોના શીખવાની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવી શકે. ફિલ્મમાં શીખેલી વાતો રોજિંદા જીવનમાં કેવી રીતે લાગુ પડે?, પાત્રોની માનસિકતા અને નિર્ણયોની સમજૂતી. સંદર્ભો અને ઉદાહરણો દ્વારા શિક્ષકો અને માતા-પિતા બાળકોને જીવનપાઠ શીખવી શકે. જો બાળકોને ફિલ્મ જોતી વખતે અને પછી ચિંતન કરવાનું અને પ્રશ્નો પૂછવાનું પ્રોત્સાહન આપવામાં આવે, તો મેટાકૉગ્નિશન વિકસાવશે.

ફિલ્મી સંવાદો, ગીતો અને દશ્યો શિક્ષણમાં નવા સંકલન અને પ્રેરણાના સ્ત્રોત બની શકે. શિક્ષકો અને માતા-પિતાએ ફિલ્મ જોતી વખતે બાળકો સાથે સંવાદ કરવો જોઈએ, જેથી તેઓ હકારાત્મક અને નિર્માણાત્મક રીતો શીખી શકે. ફિલ્મ જોવાની કળા અને મેટાકૉગ્નિશન સાથેના શૈક્ષણિક સંયોજન દ્વારા, બાળકો માત્ર દશ્યકલા નહીં, પણ સંજ્ઞાનાત્મક અને ભાવનાત્મક દષ્ટિએ પણ સમૃદ્ધ બની શકે. આમ, ફિલ્મ જોવાની કળા એ મેટાકૉગ્નિશન સાથે સંકળાયેલી છે. જો ફિલ્મ માત્ર મનોરંજન તરીકે જોવામાં આવે તો તે સમય પસાર કરવાનો માધ્યમ બની શકે, પણ જો તેના પર મંથન કરવામાં આવે તો તે શિક્ષણ માટે એક પ્રભાવશાળી સાધન બની શકે.

# ‘બાળવિશ્વ’ વિશે

- ❖ ‘બાળવિશ્વ’નું વાર્ષિક લવાજમ વાર્ષિક રૂા. **500/-** છે, જે બાજુમાં દર્શાવેલા QR કોડ અથવા નેટ બૅન્કિંગથી ભરી શકાશે.
- ❖ લવાજમ ભરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઇટ **www.cugujarat.ac.in** જુઓ.
- ❖ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ખાસ કાળજી રાખીને કુરિયર/પોસ્ટ દ્વારા અંકો મોકલવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમારા ઈ-મેલ balvishva@cugujarat.ac.in પર જણાવવા વિનંતી.
- ❖ **લેખ મોકલવા માટે પત્રવ્યવહાર :** તંત્રીશ્રી, બાળવિશ્વ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-20, ગાંધીનગર- 382 021.

  ઈ-મેલ : **balvishva@cugujarat.ac.in** વોટ્સએપ નંબર : **9429297737**
- ❖ લેખકોએ પોતાની પ્રત્યેક કૃતિ કે લેખની નીચે પોતાનું નામ, હોદ્દો, પૂરું સરનામું, મોબાઇલ નંબર, ફોટો અને ઇ-મેલ અચૂક લખવાં. જો કૃતિ પૂર્વે પ્રકાશિત થયેલી હોય તો તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. લેખ પ્રકાશન બદલ લેખકપ્રત મોકલવામાં આવે છે.
- ❖ ‘બાળવિશ્વ’ એ થીમ આધારિત સામાયિક હોવાથી થીમને અનુરૂપ જ લેખનસામગ્રીને અંકમાં સ્થાન આપવામાં આવશે.
- ❖ સોફ્ટ કોપીમાં લેખ મોકલનારે ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટ 12 ની સાઇઝમાં મોકલવો.
- ❖ ‘બાળવિશ્વ’ માં પ્રગટ થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે. સંપાદક કે તંત્રી એની સાથે સંમત છે એવું માનવું નહિ.
- ❖ જે તે લેખકે પોતાના સ્વ-રચિત કે મૌલિક લેખો જ મોકલવા. આ અંગે કોઈની નકલ કે ઉતારો કરેલ હશે તો આ અંગે ઊભા થતા વિવાદ અંગે જે તે લેખક જવાબદાર રહેશે.
- ❖ ‘બાળવિશ્વ’ માટે આવેલા લેખો સંપાદક મંડળ દ્વારા રિવ્યૂ કરવામાં આવશે. રિવ્યૂમાં પસંદ થયેલા લેખો જ છાપવામાં આવશે.

## 13 દિવસીય 'કલામૃતમ્' કલાશિબિર



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ઉનાળા વેકેશન દરમિયાન બાળકોની સર્જનાત્મકતા ખીલવવા માટે 13 દિવસીય કલામૃતમ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કલામૃતમ સમર કેમ્પમાં બાળકોને મ્યુઝિક, ડ્રોઈંગ, ભારતીય રમતો, ચેસ, વોલીબોલ, નાટ્યકળા, નૃત્યકળા, ફોટોગ્રાફી, ટોયમેકિંગ, અંગ્રેજી ભાષા સજજતા વિષયની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમાપન વિધિમાં બાળકોએ પોતાની નૃત્યકળા, નાટક, સંગીત અને ઈંગ્લિશ સ્પીકિંગ જેવી કળાઓનું પ્રદર્શન ઉપસ્થિત મહેમાનો સમક્ષ કર્યું હતું. આ ઉપરાંત બાળકોએ કલાશિબિર દરમિયાન બનાવેલાં ચિત્રો, ફોટોગ્રાફી અને રમકડાંઓની પ્રદર્શની પણ રાખવામાં આવી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીએ બાળકોને આશીર્વાદ આપતાં કહ્યું કે, "આ કેમ્પ બાળકોની અંદરની અભિવ્યક્તિને બહાર લાવવાનો મંચ છે. બાળકોની ખુશી અને આત્મવિશ્વાસ એ અમારું સૌથી મોટું ઈનામ છે." વધુમાં તેઓએ સમગ્ર કલામૃતમ સમર કેમ્પના સફળ આયોજન માટે સંયોજકશ્રી જયદેવ ધાંધિયા અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

## કથક નૃત્ય શાળા - નૃત્યમંજરી



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા કથક નૃત્ય શાળા - નૃત્યમંજરીનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. જેના સમાપન સમારોહમાં બાળકો દ્વારા સુંદર કથક નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. સ્વાતિ ત્રિપાઠીના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ આ વર્કશોપમાં બાળકોને કથક નૃત્યની મૂળભૂત તકનિકો, અભિવ્યક્તિઓ અને લયમાં સઘન તાલીમ આપવામાં આવી હતી. નિયમિત પ્રેક્ટિસ દ્વારા બાળકોમાં કથક નૃત્યની કળામાં પારંગત કરવામાં આવ્યા હતા.

સમાપન સમારોહમાં રજિસ્ટ્રાર શ્રી ડૉ. નીલેશ પંડ્યાએ બાળકોને તેમના સમર્પણ અને શિસ્ત માટે બિરદાવ્યા. હૃદયસ્પર્શી હાવભાવમાં, રજિસ્ટ્રારે બધા ભાગ લેનારા બાળકોને પ્રમાણપત્રો આપીને સન્માનિત કર્યા, શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપ દ્વારા તેમના પ્રયાસ અને સફરને સ્વીકારી હતી.

આ પ્રસંગે ડૉ. સ્વાતિ ત્રિપાઠીએ બાળકો દ્વારા કરવામાં આવેલી પ્રગતિ પર પોતાનો આનંદ અને ગર્વ વ્યક્ત કર્યો અને આશા વ્યક્ત કરી કે આવી પહેલ યુવા પેઢીને ભારતના કલાત્મક મૂળ સાથે જોડતી રહેશે. તેમણે ભાર મૂક્યો કે કથક માત્ર એક નૃત્ય નથી પરંતુ આધ્યાત્મિક અભિવ્યક્તિનું એક સ્વરૂપ છે જે બાળકોમાં સ્વ-જાગૃતિ, સાંસ્કૃતિક જોડાણ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે.

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
SSPOS Gandhinagar No. G-GNR-300. Licence valid upto 31-12-2025.
Published on 15th of every month and Posted on 20th of every month at SRO GNR.
Licence to Post without Prepayment No. PMG/HQ/108/2020-2022 Valid upto 31-12-2025.




ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલ : balvishva@cugujarat.ac.in ● વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar